પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૪૧ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪૧॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

नमो अरिहंताणं


☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 41**

March 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

☐ **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


☐ **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# આપણો ય નવકાર અસ્થિમજ્જાવત્ ક્યારે બનશે?

એક આરાધક સાધકનો પત્ર આવ્યો છે કેઃ 'જીજ્ઞાસાભાવથી પૂછાવું છું કે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોમાં પૂજ્યપાદ્ પંન્યાસજી મહારાજના હસ્તાક્ષરમાં જે જૂદા-જૂદા આકારમાં નવકાર તથા અન્ય ભાવો આલેખાયેલા આવે છે, તે તેમના જ છે?' આવો પ્રશ્ન કદાચ બીજા સાધકોને પણ થતો હોઈ શકે.

શ્રી નવકાર પરત્વેની પરમોચ્ચ ભક્તિથી, પૂજ્યશ્રી સ્વયં નવકારમય હોવાથી તથા તેઓશ્રીને નવકારનો અજપાજાપ સહજ થઈ ગયેલો હોવાથી સાહેબજીનું ચિંતન આત્મા અને પરમાત્મા ઉપરનું વધુ રહેતું. 'આત્મા એ નવકાર છે અને નવકાર એ આત્મા છે' તે ચિંતન પણ અસ્થિમજ્જાવત્ બની ગયેલ હોવાથી એમની દરેક પ્રવૃત્તિમાં નવકાર જ મુખ્ય બની ગયો હતો અને તેથી પૂજ્ય સાહેબજીની દરેક રોજનીશીમાં સૌ પ્રથમ પાને અથવા જ્યાં પણ નવકાર મહામંત્ર ઉપરની અનુપ્રેક્ષાઓ લખાયેલી મળે છે, તે દરેક પાનામાં અલગ-અલગ રીતે તેઓના હસ્તાક્ષરમાં જે રીતે તે લખાયો છે, તેમ દરેક ગ્રંથોમાં શ્રી નમસ્કાર મહામંત્રને સમાવિષ્ટ કરાઈ રહ્યો છે. તેઓના ચિંતનોમાં હૃદયસ્પર્શી ચિંતનો છે, તેમાંથી મનન કરવા યોગ્ય એક ચિંતનઃ

**આઠ આવશ્યક વાત**

(૧) કરૂણાના અભાવમાં દુઃખ અને તેના કારણભૂત દુષ્કૃતોની ગર્હાના સ્થાને અનુમોદના છે. (૨) ભક્તિના અભાવમાં સુખ અને તેના કારણભૂત સુકૃતોની અનુમોદનાના સ્થાને ગર્હા છે. (૩) મૈત્રીના અભાવમાં અજ્ઞાન મિથ્યાત્વજન્ય આસ્રવ છે, જીવતત્ત્વની શ્રદ્ધાનો અભાવ છે. (૪) માધ્યસ્થ્યના અભાવમાં કર્મ અને તેના વિપાકના જ્ઞાન અને શ્રદ્ધાનો અભાવ છે. (૫) કરૂણાના અભાવમાં દુઃખ - દુષ્કૃતની

અનુમોદના, ભક્તિના અભાવમાં સુખ તથા સુકૃતની ગર્હા છૂપાયેલી છે. (૬) 'ધર્મ આજ્ઞાથી પ્રતિબદ્ધ છે' એનો અર્થ ધર્મમાં નમસ્કારની પ્રધાનતા છે. આજ્ઞાકારક તથા આજ્ઞાપાલક - ઉભય આજ્ઞાથી પ્રતિબદ્ધ છે. (૭) ભક્તિ એ પરમ વિરક્તિ છે, કેમકે તે અહં પ્રત્યેના રાગની વિરોધી છે. (૮) ભક્તિ એ વિભક્તિથી વિપરીત છે. 'વિભક્તિ' એટલે વિભાગ, તેનો અભાવ તે જ ભક્તિ.

એવા જ ખૂબ જ ઉપયોગી બે ચિંતનઃ 'આત્મજ્ઞાન સર્વોપરી છે. સંપૂર્ણ સુખ - શાંતિ તથા જ્ઞાનની જનની આત્મા જ છે. પરમાત્મજ્યોતિ આત્મામાં જ નિવાસ કરે, અન્યત્ર નહીં. તે પ્રાણીમાત્રમાં સમાનરૂપથી પ્રકાશિત છે ને મનની શાંતિ દ્વારા પમાય છે. આત્મશાંતિ પરમ મંગળકારી અને કલ્યાણકારી હોય છે. તેને પ્રાપ્ત કરનાર પોતાની સાથે અન્યને પણ સંસારસાગર પાર કરાવે છે. સમસ્ત વિશ્વમાં આપણા આત્માને અને આત્મામાં સમસ્ત વિશ્વને જોઈ શકીએ, એ જ જીવનની પૂર્ણતા છે.'

'શ્રી શત્રુંજય એટલે આંતરશત્રુઓ જ્યાં નથી તે શુદ્ધ આત્મસ્વરૂપ. તેની યાત્રા એટલે તે ગિરિરાજનું વંદન - સ્પર્શન - પૂજન, તે સર્વ અવશ્ય આત્મહિતકારી છે. સદ્ગતિ એટલે આત્મસ્વભાવની સમીપતા. દુર્ગતિ એટલે આત્મસ્વભાવની દૂરતા.'

આવા આત્મપરિણતિરૂપ ચિંતનોને આપણા સુધી પહોંચતા કરવા માટે નીતિથી ઉપાર્જન કરેલ પોતાના અર્થરાશિ થકી પૂર્ણ શ્રદ્ધા એવં બહુમાનપૂર્વક સહયોગ આપનાર મુંબઈના **સી.કે.મહેતા**ની પરમ ગુરૂભક્તિની આ પાવન સ્મૃતિ શાશ્વત રહેશે. એની સંગાથે દિન-રાતના અથાક પ્રયત્નોથી રાજકોટનાં અમારા નમસ્કાર મહામંત્રના આરાધક સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાનાં પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની અત્યંત જાગૃતિપૂર્વકની દેખરેખ સાથે ૩૦ જેટલા યુવાન કસબીઓની અનવરત મહેનતનું ફળ એટલે આપણા સૌના હાથમાં દર મહિને રમતું અને આપણાં હૈયાને મનગમતું 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'. ૪૧મા ભાગને હૃદયપૂર્વકનો આવકાર છે.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

માર્ચ, ૨૦૨૧









સરસ્વતીં ચ તાં નૌમિ વાગધિષ્ઠાતૃદેવતામ્ ।
દેવત્વં પ્રતિપદ્યન્તે યદનુગ્રહતો જનાઃ ॥

# ખાંધ ઉપર ભવભ્રમણનો ભાર

ભવભ્રમણનો ભાર વધી વધીને
આ પામર દેહની ખાંધ પડી ગઈ - બેવડ વળી ગઈ છે.
તે ભાર ઉતારનાર શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકાને
પોતાની ખાંધ પરે વહન કરો.
આમ કરવાથી ભવભ્રમણનો ભાર હળવો બની જાય છે.
ચૂલિકાનો ભાર વહન કરવાની ટેવ પાડવાથી આપણને
બેવડ કરનાર ભાર ચાલ્યો જાય છે અને
શરીર હળવું ફૂલ બની જાય છે.
આત્મા અજર - અમર છે, તેની પ્રતીતિ થતી જાય છે.
ચૂલિકાના ભારથી પાપનો નાશ, મંગળનો લાભ અને
શરણનું શરણ પ્રાપ્ત થાય છે.
ખરો ભાર પાપનો છે, તે નવકાર ઉતારે છે.
સાચી દરિદ્રતા પુણ્યની છે, તે નવકાર દૂર કરે છે.
સાચી અશરણતા, અસહાયતા, અનાથતા જીવની છે,
પરની છે, તેને દૂર કરનાર સ્વનું શરણ છે,
નિજની શરણાગતિ છે,
આત્માનું આત્મભાવમાં રમવું છે.
તે નવકાર અને તેની ચૂલિકાથી સિદ્ધ થાય છે.

હમણાં હમણાં મને
અન્ન છોડી દેવાથી દેહની શુદ્ધિ થતાં
નાડીઓમાં શુદ્ધિ અને સૂક્ષ્મતા અનુભવાય છે.
જાપ જે પહેલાં બળ લગાવીને કરવો પડતો હતો, તે
હવે તદ્દન સ્થિરભાવે ચિત્તમાં જ ઝડપી થતો જણાય છે.
પહેલાં ચિત્તમાં કરવા જતાં જાપ ખૂબ જ ધીમો થઈ જતો.
આ ફેરફાર અનુભવાયો છે.

મનને માત્ર પ્રભુમાં જ જોડવાનું છે, ત્યાં
ચિન્તન - મનનની કસરતનો અવકાશ જ નથી રહેતો.
સ્વાસ્થ્ય સુધરી રહ્યું છે, પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી
આપણું પણ સુધરશે.

ભગવાનની દવા અર્થાત્ તેમની દયા યા કૃપા.
વાહ દવા એ એવું પથ્ય છે. સતત ઇષ્ટનો જાપ કરી
અને 'પ્રભુની દયા સારૂં કરી રહી છે'
એવી ભાવના - વિચાર કર્યા કરો.
નકારાત્મક ભાવને સ્થાન જ ન આપો.
સર્વજ્ઞ વ્યાપ્ત ભગવાન જ્યારે સારૂં કરી જ રહ્યા છે,
ત્યારે સ્વતંત્ર વિચારો કરી આપણે
વચ્ચે અવરોધ નાંખનાર તત્વ શા માટે થવું જોઈએ?

સુમેરપુર, સં. ૨૦૨૬, ફા. સુદ ૨, સોમ, તા. ૯-૩-૭૦

(૨) 'જીવવું' - એનો અર્થ આત્મનિષ્ઠ બનવું.

શાંતિમય જીવન એટલે આત્મનિષ્ઠ જીવન.

પ્રેમમાં ઈશ્વર પામવાની શક્તિ છે, જ્યારે વાસના જડ છે, તેથી તે ઈશ્વર પામવાની પોતાની શક્તિ ગુમાવે છે.

પ્રકૃતિમાં ન્યાય છે, તેને કશી ઉતાવળ હોતી નથી.

આપણી દૃષ્ટિએ પીરિયડ કે વધારે વર્ષોનું મહત્ત્વ છે પણ પ્રકૃતિની દૃષ્ટિએ નહીં. સર્વ કાંઈ આત્મનિર્ભર બને છે, આપણે તેની ચિન્તા કરવાની જરૂર હોતી નથી.

જીવનને માન આપો, એ એક જ તેની માંગ છે.

એનો એક જ સંદેશ છે: 'લો નહીં પણ આપો.' દુઃખી જગતનો વિચાર કરીને તમે તમારી જાતને ભૂલી જાવ.

પ્રત્યેક વ્યક્તિએ સદા આશય રાખવો જોઈએ કે: વિશ્વના સુખના સરવાળામાં કાંઈક ઉમેરો કરું.

આનંદઘનજી કહે છે કે:

'જેવું જાણીએ તેવું કર લો ભલાઈ, જનમ જનમ સુખ પાવો.'

ઊંડું આત્મનિરીક્ષણ એજ

વિશ્વના રહસ્યોની પાર પામવાની કુંચી છે.

જેવી રીતે $E=mc^2$ એ અણુબોંબની ફોર્મ્યુલા છે, તેમ

આધ્યાત્મિક જીવનની ફોર્મ્યુલા 'શાંત રહો' એ છે.
શાંત બનવાથી, તમામ તૃષ્ણાઓને તિલાંજલિ આપવાથી
તમે આત્મનિષ્ઠ બની શકો છો અને
આત્મનિષ્ઠ બનવું એજ શાંતિમય જીવનની ચાવી છે.

(૨) અનંતાનુબંધી ચારના ક્ષય - ક્ષયોપશમથી તત્ત્વરુચિ
થાય તે તરફ જવા માટે અભિલાષા ઉત્પન્ન થાય છે,
તેને સર્વવિરતિની અભિલાષા કહેવાય છે અને
મિથ્યાત્વ મોહનીય પ્રકૃતિના
ક્ષય - ક્ષયોપશમથી તત્ત્વનો નિર્ણય - શ્રદ્ધા થાય છે.

ઉપશમ સમ્યક્ત્વથી પડતી વખતે પ્રથમ
અનંતાનુબંધીનો ઉદય સહિત સાસ્વાદન સમકીત થાય છે
અને પછી મિથ્યાત્વ ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે.
તત્ત્વરુચિ થવામાં અનંતાનુબંધી કષાયોનો ક્ષય - ક્ષયોપશમ
કારણભૂત છે, પછી તત્ત્વશ્રદ્ધા થાય છે, માટે પ્રથમ
ઉપદેશ વિષયોની વિરસતા અને કષાયોની વિપાક
કટુતાનો કરવાનો હોવાથી આત્મલાભની યોગ્યતા મળે છે.
મલીન વસ્ત્ર ઉપર રંગ ચઢે નહિ, તેમ વિષય - કષાય
મંદ પડ્યા સિવાય અથવા પાતળા થયા સિવાય ગુરુરાગ
અને ક્રિયામાં અપ્રમાદ જાગે નહિ.

તે માટે કહ્યું છે કે:

जत्थ य विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ।
किरियासु अप्पमाओ सो धम्मो सिवसुहो वाओ ॥१॥

અર્થાત્: વિષયવૈરાગ, કષાયત્યાગ, ગુણરાગ અને ક્રિયામાં અપ્રમાદ - આ ક્રમ છે. પ્રથમ દેવ-ગુરુભક્તિ એ ગુણરાગ સ્વરૂપ છે પછી જીવાદિ તત્ત્વોનો યથાવત્ નિર્ણય થાય પછી સ્વપર આત્માનો બોધ અને પછી આત્મરમણતા દ્વારા ક્રિયામાં અપ્રમાદ દ્વારા પરમશાંતિ.

શોભા જનાનાં પ્રિયસત્યવાણી
વાણ્યાશ્ચ શોભા ગુરુદેવભક્તિઃ ।
ભક્ત્યાશ્ચ શોભા સ્વપરાત્મબોધો
બોધસ્ય શોભા સમતા ચ શાન્તિઃ ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

(3) ધર્મ વસ્તુસ્વભાવરૂપ છે. સ્વભાવ એટલે... અભાવનો ય અભાવ, તેથી પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાય છે. આત્મસ્વભાવમાં અભાવનો અભાવ હોવાથી પૂર્ણતા છે. જ્યાં પૂર્ણતાનો અનુભવ થાય છે, ત્યાં કોઈપણ વસ્તુને મેળવવા માટેની કાંક્ષા અથવા અભિલાષા હોતી નથી. અભિલાષાજનિત આકુળતાનો અભાવ = પરમ શાંતિ.

એથી કહેવાય છે: ધર્મનું ફળ પૂર્ણ શાંતિ અને સમતા છે. સમતા મૈત્રીરૂપ છે. સર્વ જીવમાં જીવત્વ સમાન હોવાથી જીવત્વની એકતા રૂપે ભાવના સમતાભાવને ભાવે છે, જે મધુર પરિણામરૂપ છે અને વાત્સલ્યસ્વરૂપ છે. તે જેનામાં હોય, તેની સાથે સખ્યભાવ સધાય છે તથા પરાકાષ્ઠાએ પહોંચેલા પુરુષો પ્રત્યે દાસ્યભાવ જાગે છે.

આ રીતે સમતાભાવમાં મધુર - વાત્સલ્ય - સખ્ય અને દાસ્ય ભાવ - એ ચારે ભાવો એકત્ર થયેલા છે. પ્રથમ દાસ્ય, પછી સખ્ય, તદનંતર વાત્સલ્ય અને અંતે માધુર્ય - એ ચાર ભાવ મળીને ધર્મ પૂર્ણદશાને પામે છે.

એક 'નમો' મંત્ર વડે
એ ચારે ભાવોનો વિકાસ કરી શકાય છે.
સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ
એ જ નમસ્કાર ભાવનું લક્ષણ છે.
જેના મનનથી રક્ષણ થાય, તે 'મંત્ર' છે.
જેને આદિ, અંત કે મધ્ય નથી, તે 'મહામંત્ર' છે.
નવકાર એ મહામંત્ર છે,
કારણ કે તે શુદ્ધ આત્માને જણાવે છે.
આત્મા એ જ મંત્ર અને મહામંત્ર છે.
તેને સરલ કે આત્માને જે જણાવે, તે 'સંત' છે.

## (૪) અધ્યાત્મવાદનું અસાધારણત્વ

અધ્યાત્મવાદ સર્વ મનુષ્યોમાં બંધુત્વની ભાવના
વિકસાવે છે એટલું જ નહિ, ઉપરાંત
બધા ધર્મધારીઓને એક જ સૂત્રમાં બાંધે છે.
તે બધાનું મૂળ એક પરમાત્મામાં માને છે.
જ્યાં સુધી વ્યક્તિ પોતાને બાકીથી ભિન્ન સમજે છે,
ત્યાં સુધી સંઘર્ષ છે, જ્યારે બાકીની સાથે તે અભેદને
સ્વીકારે છે, ત્યારે બધા ક્લેશોનું મૂળ નાશ પામે છે.
એક અધ્યાત્મદૃષ્ટિ જ તે માટે સમર્થ છે.
વિજ્ઞાનમાં 'જ્ઞાન'નું - અધ્યાત્મમાં 'દર્શન'નું મહત્ત્વ છે.
યોગનો અર્થ વૃત્તિનિરોધ સાથે બ્રહ્મનો સાક્ષાત્કાર છે.
ચિત્ત જ્યારે સર્વથા, વિશુદ્ધ બને છે, ત્યારે બાહ્યજગતથી
સંબંધ કપાઈ જાય છે અને અંતરમાં રહેલ દેવત્વ
પ્રગટ થાય છે. યોગના વિષયમાં મતભેદ પ્રવર્તતો નથી,
કેમકે તે સ્વતઃ પ્રમાણિત છે.
મનુષ્યનો વ્યવહાર બાહ્યસ્થિતિઓથી પરિચાલિત છે,
તેથી જાગ્રત અવસ્થાને તે વાસ્તવિક માને છે તથા
સ્વપ્ન અને સુષુપ્તિને તે અવાસ્તવિક માને છે.
યોગસાધન વડે મનુષ્ય બાહ્યસ્થિતિઓને સુષુપ્તિ અને

સ્વપ્નની જેમ જુએ છે અને
વૃત્તિનિરોધ વડે તેનાથી પૃથક્ બનીને નિઃસંગ થઈ જાય છે,
દેશ, કાળ અને કાર્યકારણના સંબંધથી પર બની જાય છે.
પોતાને સાક્ષિત બનીને નિઃસીમ અનુભવે છે,
ત્યારે તેનામાં દિવ્ય સામર્થ્ય પ્રગટે છે,
જે વ્યક્તિગત અનુભવની વાત હોવાથી ગુંગાના ગોળની
જેમ શબ્દો વડે વર્ણિત કરી શકાતી નથી.

દરેક મનુષ્ય અમુક સીમા સુધી યોગી છે:
અભ્યાસ અને વૈરાગ્ય વડે તે સીમાનું જેમ જેમ ઉલ્લંઘન
થતું જાય છે, તેમ તેમ તેની ઊંચાઈ વધતી જાય છે.

० अभ्यासेन स्थिरं चित्तं अभ्यासेनाऽनिलच्युतिः ।
अभ्यासेन परानन्दो ह्यभ्यासेनात्मदर्शनम् ॥ (परिशिष्ट-२)

યોગના ચરમ લક્ષ્ય સુધી પહોંચવા માટે સરલ અને
નિષ્કલંક જીવન પ્રથમ સાધન છે. કામ, ક્રોધ, લોભ વડે
થતા અસત્ય, હિંસાદિ વ્યાપારોનો ત્યાગ તથા યોગની ચરમ
સીમાએ પહોંચેલની ઉપાસના એ આવશ્યક શરત છે.
પછી આસન - પ્રાણાયામથી દેહ - પ્રાણ ઉપર પ્રભુત્વ
પ્રાપ્ત કરવાનું હોય છે. પ્રત્યાહાર તથા ધારણા વડે
ઇંદ્રિયો અને મનનો વિજય પ્રાપ્ત કરવાનો હોય છે.

બુદ્ધિના વ્યાપારો અને અહંકાર ભાવનો વિલય અંતે
ધ્યાન અને સમાધિ વડે સિદ્ધ થાય છે, ત્યારે
અંતરતમ પ્રશમ અને કૈવલ્ય દશા પ્રગટે છે. એક
સાંપ્રદાયિક સ્વાનુભવ નીચેના શબ્દોમાં વ્યક્ત કરે છે:
'આખી જાતને ભૂલી કેવળ ઈશ્વરને સમર્પિત કરી દેવી
તે યોગ છે. મનુષ્યમાં રહેલ ઈશ્વરીય ચેતનાને યોગ
દ્વારા જાગ્રત કરવાથી જ વાસ્તવિક શાંતિ પ્રાપ્ત કરી
શકાશે. મનુષ્ય ઈશ્વરને ભૂલીને વર્તે છે, માટે અશાંતિ
અનુભવે છે. માત્ર ઈશ્વર જ મનુષ્યને શાંતિ તથા
પારસ્પરિક સામંજસ્ય પ્રદાન કરી શકે છે.

(૫) માત્ર ચિત્તવૃત્તિઓનો નિરોધ એ યોગનો અર્થ નથી.
વૈજ્ઞાનિક યુગમાં એ અર્થ સંમત કે તર્કસંગત પણ નથી.
મનોવિજ્ઞાને આજે સિદ્ધ કર્યું છે કે
મનુષ્ય જે વિચારને પોતાના ચિત્તથી દૂર કરવા માગે
અને તે માટે પ્રયત્ન કરે, તે વિચાર દૂર થવાનો બદલે
સ્મૃતિપટલ ઉપર વધારે મજબૂતાઈથી ચોંટી જાય છે.
નિરોધની ચેષ્ટા જેટલી જોરથી થશે,
તેટલા જ વેગથી તે વૃત્તિ ફરી જાગ્રત થઈ જવાની.
એથી વિરુદ્ધ જ્યારે ચિત્તની વૃત્તિઓને સ્વાતંત્ર્યથી
વિચરણ કરવા માટે છોડી દેવામાં આવે છે,

ત્યારે મનુષ્યના મનમાં પેદા થવાવાળો
વિરોધાભાસ સમાપ્ત થઈ જાય છે.
જ્યારે આપણું લક્ષ્ય ઈશ્વરની પ્રાપ્તિ છે અને
તે માટે આપણા મનમાં દૃઢ નિશ્ચય છે,
તો મનની પ્રત્યેક ક્રિયાને લક્ષ્ય તરફ જોડવા જોઈએ.
એમ કરવાથી ચિત્તની પ્રત્યેક વૃત્તિ
લક્ષ્યની પ્રાપ્તિમાં સાધક બનશે પણ બાધક નહિ.
ચિત્તવૃત્તિઓનો નિરોધ તો એ બતાવે છે કે
આપણું મન નિર્ધારિત લક્ષ્ય એટલે
ઈશ્વર તરફ જવા ઈચ્છતું નથી અને આપણે તેને
જબરજસ્તીથી તે તરફ લઈ જવા માંગીએ છીએ.
મનને ક્રિયાશૂન્ય બનાવવું અશક્ય છે.
મનનો સંબંધ પ્રાણ સાથે છે.
જીવનથી મૃત્યુ પર્યન્ત મન ગતિશીલ રહે છે.
સાધકનો ઉદ્દેશ મનને રોકવાનો નહિ પણ
નિર્ધારિત લક્ષ્ય તરફ પ્રેરિત કરવાનો રહેવો જોઈએ.
ગીતામાં 'યોગ'નો અર્થ કર્મશૂન્યતા નહિ પણ
કર્મમાં કુશળતા કર્યો છે. 'યોગઃ કર્મસુ કૌશલમ્ |'
શ્રી અરવિંદ 'કર્મયોગિન્' નામના પોતાના પત્રમાં લખે છે:

'યોગ નો અર્થ લગ્ન, પ્રેમ અને કર્મ માટે
સર્વ શક્તિમાન ઈશ્વર સાથે સંમિલન છે' અર્થાત્
પોતાની જાતને પ્રભુ પ્રત્યે સમર્પિત કરી દેવા તે છે.
મનુષ્ય આત્મસમર્પણની સીડી પર ચઢે છે, ત્યારે ચિત્તમાં
થવાવાળા વિકારાદિભાવો ય પ્રભુને અર્પિત થઈ જાય છે.

તે સ્થિતિએ મનુષ્ય પહોંચે છે, ત્યારે
'જે ભાવ અંદર - બહાર થઈ રહી છે, તે બધા સર્વ-
શક્તિમાન દ્વારા પ્રચલિત છે' એવો અનુભવ થાય,
ત્યારે સાચા અર્થમાં તે યોગ છે. તે સ્થિતિમાં મનુષ્યની
વ્યક્તિગત સત્તા સમાપ્ત થઈ જાય છે, મન ના ચિત્તમાં
વૃત્તિઓને ઉઠવાનો પ્રશ્ન પણ સમાપ્ત થઈ જાય છે.
આગમિક ભાષામાં 'યોગ' શબ્દ આકુલ અર્થમાં વપરાય છે.

જે ક્રિયા વડે જીવ કર્મ સાથે જોડાય, તે યોગ.

युज्यते जीवः कर्मभिर्येन असौ योगः ।

वीर्यान्तरायक्षयोपशमः ।

मनसा करणेन युक्तस्य जीवस्य योगो - वीर्यपर्यायो
दुर्बलस्य यष्टिकाद्रव्यवदुपष्टंभकरो मनोयोगः ।
मनसो वा योगः करणकारणानुमतिरूपो मनोयोगः ।
मनसः प्रयोगो यद् व्यापारणं प्रयोजनं स मनोपयोगः ।

(પરિશિષ્ટ-૩)

એ રીતે 'યોગ' શબ્દ એ
યોગ, પ્રયોગ અને [illegible] – એ ત્રણે અર્થમાં વપરાય છે.
યોગઃ સમાધિઃ સાર્વભૌમશ્ચિત્તસ્ય ધર્મઃ।
आइंद चक्खू लोग विपस्सी लोगस्स अहोभागं जाणइ।
उड्ढभागं जाणइ, तिरियं भागं जाणइ ॥ (પરિશિષ્ટ-૪)
(૬) 'अध्यात्मविद्या विद्यानाम्।'
'યોગ'માં યુજ્ ધાતુના બે અર્થઃ સમાધિ અને સંયોગ.
સમાધિ એ સાધ્ય અને સંયોગ એ સાધન.
આત્માની વિક્ષેપરહિત સમભાવ પરિણતિ એટલે કે
સમાહિત અવસ્થા તે સમાધિ છે.
તેમાં ચિત્તની જે વિશિષ્ટ પ્રકારની એકાગ્રતા અપેક્ષિત છે,
તે ધ્યાનરૂપી સાધ્ય છે. સંયોગ વિના ધ્યાન દુર્ઘટ છે.
ધ્યાનમાં ધ્યેય વસ્તુ સાથે
ધ્યાતાના મનનો સંબંધ અનિવાર્ય છે.
સમાધિના સાધનભૂત પ્રશસ્ત ધ્યાન સંપાદન માટે
ધ્યેય અને ધ્યાતાનો અનુકૂળ સંબંધ અપેક્ષિત છે.
એ રીતે ધ્યાનયોગ અને સમાધિયોગ –
એમ બે પ્રકારના યોગ સાબિત થાય છે.
ધ્યાનયોગમાં પ્રણિધાનરૂપ મનઃ સમિતિ દ્વારા

ચિત્તની એકાગ્રતા અને સમાધિયોગમાં
મનોગુપ્તિ દ્વારા ચિત્તની સ્થિરતા સિદ્ધ કરવાની છે.
ચિત્તની એકાગ્રતા પરિણતિ તે ધ્યાન અને
ચિત્તની સમતા પરિણતિ તે સમાધિ.
આમ રીતે સમાધિ એ ધ્યાનની પરિપક્વ દશા છે.
ધ્યાનાભ્યાસ સાધ્ય ચિત્તવૃત્તિનું અસ્પંદન તે સમાધિ છે.
એ રીતે સમાધિ એ ધ્યાનની જ અવસ્થાવિશેષ છે.
સમાધ્યર્થ યુજ્ ધાતુના અર્થમાં
સમાધિ અને ધ્યાન બંને અંતર્ગત થઈ જાય છે.
સંયોગાર્થમાં તે જેના સર્વ સાધન સમાવિષ્ટ થઈ જાય છે,
તેને સાધનયોગ યા ક્રિયાયોગ કહી શકાય,
જેની ધ્યાન અને સમાધિની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે
સાધકને આવશ્યકતા પડે છે.
બહિરંગયમ - નિયમાદિ સાધનની અપેક્ષાએ સમાધિ
સાધ્ય છે અને અંતરંગ ધ્યાન - ધારણાદિ સાધનની
અપેક્ષાએ તે પરમસાધ્ય એવા મોક્ષનું સાધન છે.
એ રીતે સમાધિ સાધન પણ છે અને સાધ્ય પણ છે.
મોક્ષસાધક સમિતિ - ગુપ્તિ આદિ
સઘળાં સાધનોને 'યોગ' કહી શકાય.

समिति - गुप्ति - साधारण - धर्मव्यापारत्वमेव योगत्वम् ।
સમિતિ - ગુપ્તિનો સાધારણ ધર્મવ્યાપાર તે 'યોગ' છે.
આ વ્યાખ્યામાં ધ્યાનનું સાધન મનઃસમિતિ અને સમાધિનું
સાધન મનોગુપ્તિ - બંનેને મોક્ષના કારણરૂપે વર્ણવ્યાં છે.
સમિતિમાં બાહ્ય - ગુપ્તિમાં અંતરંગ સાધનો સમાવિષ્ટ છે
અથવા સમાધિ - સમાધાન - સમતા અભિપ્રેત છે,
તેમાં અભેદદૃષ્ટિ પ્રધાન છે અને સંયોગ - સાધન -
ધ્યાન અભિપ્રેત છે, તેમાં ભેદદૃષ્ટિ પ્રધાન છે.
તેમાં 'યોગ' શબ્દથી મોક્ષપ્રાપ્તિનાં સૌ સાધનોનો સંગ્રહ છે.
મુખ્ય - ગૌણ, અંતરંગ - બહિરંગ, જ્ઞાન - ક્રિયા,
સાક્ષાત્ યા પરંપરાથી મોક્ષનાં જેટલાં સાધનો છે,
તે બધાં 'યોગ' શબ્દથી ગ્રહણ થઈ જાય છે.
मोक्षेण योजनादेव योग सर्वोऽप्याचार इष्यते । અર્થાત્:
મોક્ષની સાથે જોડનાર સર્વ આચાર 'યોગ' કહેવાય છે.
આત્મસમાધિ અને તેના સાધન વ્રત - નિયમ આદિ રૂપ
ધર્માનુષ્ઠાનનો સંગ્રહ 'યોગ' શબ્દમાં થઈ જાય છે.
યાજ્ઞવલ્ક્યનું કથન છે કે:
समाधिः समतावस्था जीवात्मपरमात्मनो ।
संयोगो योगइत्युक्तः जीवात्मपरमात्मनोः ॥१॥

યત્સમત્વં દ્વયોરત્ર જીવાત્મપરમાત્મનોઃ
પ્રણષ્ટ સર્વસંકલ્પઃ સમાધિરભિધીયતે ।
પરમાત્માત્મનો યોઽયમવિભાગઃ,
સ એવ તુ પરો યોગઃ સમાસાત્ કથિતસ્તવ ।(परिशिष्ट-५)

યોગ, પ્રયોગ, કરણ - ત્રણે એકાર્થક પદ છે.

શ્રુતધર્મમાં સંપૂર્ણ તત્ત્વજ્ઞાન કે જેના મનનથી સાધ્યરૂપ વસ્તુતત્ત્વનો યથાર્થ નિર્ણય થાય છે અને ચારિત્રધર્મ સાધ્ય વસ્તુતત્ત્વની ઉપલબ્ધિ કરાવે છે, તે સદનુષ્ઠાનરૂપ છે.

૧૨ પ્રકારનો તપ અને ૧૨ પ્રકારની ભાવના, ૧૭ પ્રકારનો સંયમ, ૧૦ પ્રકારનો યતિધર્મ, ૮ પ્રકારની પ્રવચનમાતા વગેરે ચારિત્રધર્મના પ્રકાર છે.

આસ્રવનિરોધ અને (ચિત્ત) વૃત્તિનિરોધ એકાર્થક છે.

વૃત્તિનિરોધથી ત્રણ વસ્તુ કરી છે:
અશુભવૃત્તિનો નિરોધ, શુભવૃત્તિની એકાગ્રતા અને શુભાશુભ ઉભયની નિરુદ્ધાવસ્થા.

યમ-નિયમ વગેરે સત્પ્રવૃત્તિ દ્વારા અશુભનો નિરોધ તથા શુભમાં પ્રવૃત્તિ થાય છે.
એ પછી શુભાશુભ ઉભય નિરુદ્ધ બની જાય છે.

પ્રથમ સંપ્રજ્ઞાત અને પછી અસંપ્રજ્ઞાત.
સંપ્રજ્ઞાતમાં ક્લિષ્ટ વૃત્તિઓનો નિરોધ અને
અસંપ્રજ્ઞાતમાં સર્વ વૃત્તિઓનો નિરોધ છે.
નિરોધ પહેલાં એકાગ્રતા, તેના પહેલાં વિક્ષિપ્ત -
તે અહીં ઉપાદેય છે, કિન્તુ ક્ષિપ્ત અને મૂઢ હેય છે.
વિક્ષિપ્તમાં આંશિક ઉપાદેયતા છે અને
એકાગ્રતા તથા નિરુદ્ધ સર્વ પ્રકારે ઉપાદેય છે.
(૭) શ્રુતધર્મમાં તે સંપૂર્ણ તત્ત્વજ્ઞાન સમાવિષ્ટ છે કે
જેના મનનથી સાધ્યરૂપ વસ્તુતત્ત્વના યથાર્થ સ્વરૂપનો
નિશ્ચય થાય અને ચારિત્રધર્મ તે છે કે જેના સમ્યગ્
અનુષ્ઠાનથી સાધ્યરૂપ વસ્તુતત્ત્વની ઉપલબ્ધિ થાય છે.
વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી થવાવાળા
આત્મપરિણામવિશેષને અર્થાત્ આત્મપ્રદેશોના
પરિસ્પંદન અથવા કંપનવ્યાપારને 'યોગ' કહે છે.
પતંજલિ એમ કહે છે કે: ચિત્તની એકાગ્ર દશામાં
સત્ત્વના ઉત્કર્ષથી બાહ્યવૃત્તિઓનો નિરોધ,
ક્લેશોનો ક્ષય, કર્મબંધનોની શિથિલતા,
નિરોધાભિમુખતા અને પ્રજ્ઞાપ્રકર્ષજનિત
સદ્ભૂતાર્થ પ્રકાશક ધર્મમેઘસમાધિની પ્રાપ્તિ થાય છે.

એ પ્રકારના ઉત્કર્ષની પ્રાપ્તિનું
એક માત્ર સાધન આસ્રવનિરોધ છે.
ધ્યાનાદિ દ્વારા આત્મગત મલ, વિક્ષેપ અને આવરણનો
આત્યંતિક વિનાશ થઈ કૈવલ્ય જ્યોતિનો ઉદય થાય છે.
સત્પ્રવૃત્તિ, એકાગ્રતા અને નિરોધ માટે અનુક્રમે
યમ - નિયમાદિ, સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત યોગ છે.
સમિતિ - ગુપ્તિમાં પણ
પ્રવૃત્તિ, એકાગ્રતા અને નિરોધ રહેલાં છે.
સમાધિના આરંભ, પ્રાપ્તિ, ફળ - એમ ત્રણ વિભાગ છે.
आत्ममनोमरुत्तत्त्वसमतायोगलक्षणो ह्यध्यात्म योगः।
અર્થાત્: આત્મ, મન, શરીરસ્થ વાયુ અને
પૃથિવ્યાદિ તત્ત્વનો સમાન પરિણામ -
સમતા તે અધ્યાત્મ યોગ છે, એમ સ્વરોદય કહે છે.
મૈત્ર્યાદિ ભાવોથી ઈર્ષ્યાનો નાશ,
દયાનો સંચાર અને રાગદ્વેષની નિવૃત્તિ થાય છે.
અધ્યાત્મયોગમાં ઔચિત્ય, વ્રતયુક્તત્વ,
શાસ્ત્રાનુસારિત્વ ભાવના સંયુક્તત્વ રહેલ છે.
તેના ફળ પાપનાશ, વીર્યનો ઉત્કર્ષ, ચિત્તપ્રસન્નતા,
વસ્તુતત્ત્વનો બોધ અને અનુભવનો ઉદય છે.

## સમતાના બે ફૂલ

રાગદ્વેષની વિષમ સ્થિતિનું ઉલ્લંઘન અને
વીતરાગતાની સમસ્થિતિ ઉપર આરોહણ છે.
ધ્યાનરૂપ યોગાગ્નિમાં કર્મમલ ભસ્મ થઈ જાય છે.
આત્માને સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કરવાનું
પ્રબળતમ સાધન ધ્યાનરૂપ યોગાગ્નિ છે.

## ધ્યાનયોગના ઉત્તમ ફૂલ

આત્મસ્વાતંત્ર્ય, પરિણામોની નિશ્ચલતા અને
જન્માંતર આરંભક કર્મોનો વિચ્છેદ છે.

શ્રદ્ધા સર્વ સદ્ગુણોની માતા છે. એના આશ્રયે સાધકને માતાના આશ્રયની જેમ ચિત્તપ્રસાદ, વીર્ય, ઉત્સાહ, સ્મૃતિ, એકાગ્રતા, સમાધિ, પ્રજ્ઞાપ્રકર્ષ આદિ પ્રાપ્ત થાય છે
તથા વસ્તુતત્ત્વને યથાર્થપણે જાણવાની
તીવ્ર અભિલાષા શ્રદ્ધાવાનને જાગે છે.
સત્દૃષ્ટિ, સમ્યગ્દર્શન વગેરે એનાં જ નામ છે.
તે માતાની જેમ કલ્યાણકર અને સાધકની રક્ષક છે.
શ્રદ્ધાળુની પરીક્ષા શમ-સંવેગાદિ લક્ષણો વડે થાય છે.
કષાયત્યાગ, મોક્ષની તીવ્ર અભિલાષા, સંસારથી વિરક્તિ, દુઃખી ઉપર દયા, સર્વજ્ઞકથિત પદાર્થો પર નિઃશંકતા, તેના

અસ્તિત્વ ઉપર પૂર્ણ વિશ્વાસ - એ બધાં લક્ષણો છે.

સંશયાત્માને સમાધિ દુર્લભ છે.

લોકૈષણા, પુત્રૈષણા, દારૈષણા, વિત્તૈષણાદિનો ત્યાગ - તે ત્યાગવૃત્તિ ઈત્યાદિ, જે આધ્યાત્મિક વિકાસમાં જરૂરી છે. એષણાઓથી વિરુદ્ધ - કષાયોને પોષણ મળે છે. ક્રિયા એ શરીર છે, ભાવ કે અંતરંગ આશય તેનો પ્રાણ છે. આશયની નિર્મળતા તે ભાવશુદ્ધિ - શુભ અધ્યવસાય છે.

મોહથી પ્રભાવિત ન થવું અને

મોહને પ્રભાવિત કરવો, તે ચરમાવર્ત દશા છે.

સમાહિત ચિત્તવાળાને ધ્યાનયોગ અનુચ્છેદ છે. વિક્ષિપ્ત ચિત્તવાળાને મન - વિક્ષેપ દૂર કરવા ક્રિયાયોગ જરૂરી છે.

મનઃસ્થિરતા = સમાધિ - એકાગ્રતા.

વ્યાચષ્ટે યઃ પઠતિ ચ શાસ્ત્રં ભોગાય શિલ્પિવત્ ।
યતતે નત્વનુષ્ઠાને જ્ઞાનબન્ધુઃ સ ઉચ્યતે ॥૧॥
આત્મજ્ઞાનમનાસાદ્ય જ્ઞાનાન્તરલવેન યે ।
સન્તુષ્ટાઃ કષ્ટચેષ્ટં તે તે સ્મૃતા જ્ઞાનબન્ધવઃ ॥૨॥

-યોગવાસિષ્ઠ નિર્વાણ, સર્ગ-૨૧

સાચો જ્ઞાની યોગી હોય જ. યોગ અને એકાગ્રતા જેનામાં ન હોય, તે જ્ઞાની નહિ, કિન્તુ જ્ઞાનબંધુ છે.

Dt. 24/3/90

યોગ એ ક્રિયામાર્ગનું નામ છે,
અધ્યાત્મ એ જ્ઞાનમાર્ગનું નામ છે.
તત્ત્વવિચારણામાં મતભેદ હોઈ શકે છે,
પરંતુ આચરણ યા ચારિત્ર એક એવી વસ્તુ છે,
તેમાં બધા વિચારકો એકમત હોય છે.
આત્મચિન્તન દ્વારા યોગાભ્યાસમાં જીવન વિતાવવું,
તેમાં સાચી સાધુતા છે.

(૮) વ્યવહારનું લક્ષ્ય નિશ્ચય છે.
નિશ્ચયના લક્ષ્ય વિના વ્યવહાર દુર્નય બને છે.
અર્હદાકાર ઉપયોગ એ આગમથી ભાવનિક્ષેપ છે.
તે ઉપયોગને જ્યારે આત્મપરક બનાવવામાં આવે,
ત્યારે તે નિશ્ચય બને છે - નિશ્ચયમાં અભેદ છે.
તે દ્રવ્યાર્થિકનયના સંગ્રહમાં અંતર્ભાવ પામે છે.
જિનની આજ્ઞા માને તે જૈન. તે આજ્ઞા બે પ્રકારની છે:
વ્યવહાર અને નિશ્ચય.
વ્યવહારથી અરિહંતના નામાકૃતિદ્રવ્યભાવની ઉપાસના
જ્યારે નિશ્ચયના લક્ષ્યવાળી બને, ત્યારે
તે ઉપાસનામટી સમુપાસના - સમ્યક્ ઉપાસના બને છે.

સર્વક્ષેત્ર અને સર્વકાળના જિનેશ્વરોની નામ, આકૃતિ
દ્રવ્ય અને ભાવ વડે થતી ઉપાસના ઉપયોગવાળી હોય,
ત્યારે તે ભાવ ઉપાસના બને છે અને
તે ઉપયોગ જ્યારે આત્મપરક કરવામાં આવે, ત્યારે
તે નિશ્ચય ઉપાસના યા અભેદોપાસના બને છે.
ગૃહસ્થોને ત્યારે તે માનસોપચાર બને છે
અને સાધુને તે કાયિકી બને છે.

विषयस्य समापत्तिरुत्पत्तिर्भवसंशिनः ।
आत्मनस्तु समापत्तिर्भावो द्रव्यस्य तात्त्विकः ॥

વિષયસમાપત્તિ તે વ્યવહારથી અને આત્મસમાપત્તિ
તે નિશ્ચયથી ભાવસંજ્ઞા અથવા તાત્ત્વિક ભવન છે.
શરીરનો અહંકાર, પ્રભુનો અહંકાર,
આ ઉપરાંત નીતિનો પણ અહંકાર મહાત્માઓમાં રહેલો છે અને
છેવટે આધ્યાત્મિક અહંકાર પણ હોય છે.
આ બધા અહંકાર અધ્યાત્મતત્ત્વની કૃપાથી જ જાય છે.
દૃષ્ટાંત કહે છે કે જાત નાહી તો જગત નહાઈ જશે પણ
જાત નાહવા એ સહેલું કામ નથી.
જાત નાહવા માટે તમારે તમારાથી તમારી
જાતને અળગી કરવી પડે, એ ઘણું કઠણ કામ છે.

જાતને જાણવા કરતાં જાતિને જાણવી સહેલી છે અને
તેના કરતાં પણ સહેલું કામ
જાતિમાં રહેલ સર્વોત્કૃષ્ટ વ્યક્તિને જાણવી સરળ છે.
તે એકને જાણવાથી સમગ્ર જાતિ અને પોતાની જાત
પણ જણાઈ જાય છે, તેથી પરમાત્માના જ્ઞાનમાં જ
સ્વાત્માનું અને સર્વાત્માનું જ્ઞાન પામવું,
એ સૌથી સરળ અને સહેલો માર્ગ છે.
પરમાત્માના ધ્યાન વડે આત્માનું
જ્ઞાન કરનારને સર્વાત્માનું જ્ઞાન સરળતાથી થઈ શકે છે.
સર્વાત્માનું જ્ઞાન અહિંસાને વિકસાવે છે, તેથી
અહિંસાને પણ 'બ્રહ્મ' શબ્દથી ઓળખાવવામાં આવે છે.
અહિંસારૂપી બ્રહ્મ પરબ્રહ્મને પામવાનું એકનું એક અનિવાર્ય
સાધન છે, એ આ અપેક્ષાએ એકદમ સત્ય ઠરે છે.
'જે ઈશ્વરમાં માને નહિ તે નાસ્તિક છે' એનો ખરો અર્થ
જે પોતાના આત્માને માને નહિ, તે નાસ્તિક છે
અને જે આત્મામાં શ્રદ્ધા ધરાવે, તે આસ્તિક છે.
(૯) જીવને વિશ્રાંતિ લેવાના મુખ્ય ચાર સ્થાન છે.
વિશ્રાંતિની આવશ્યકતા ભોજનરહિત થવા માટે છે.
સૌથી મોટો ભાર જીવને દુષ્કૃતોનો છે, તેથી

પ્રથમ વિશ્રાંતિ સ્થાન દુષ્કૃતગર્હા છે,
જેણે ભાર સુકૃતના ચઢાવવાનો છે,
તેથી બીજું વિશ્રાંતિ સ્થાન સુકૃતનું અનુમોદન છે.
કરજોથી મુક્ત કરનાર દુષ્કૃતગર્હા છે અને દારિદ્ર્યના
ભારથી મુક્ત કરનાર સુકૃતના અનુમોદનનું આસેવન છે.
ત્રીજો ભાર નિરાધાર અવસ્થાનો છે, તેથી
ત્રીજું વિશ્રાંતિ સ્થાન શરણાગમન છે.
જેઓનું શરણું ન મળે, ત્યાં સુધી દારિદ્ર્યનું આવાગમન
ફરીથી શક્ય છે તથા નવો દેવાનો ભાર થવો સંભવિત છે.
પ્રથમ દેવું ઉતારવું, પછી ધનોપાર્જન કરવું અને છેલ્લે
અખૂટ ધન જ્યાં રહેતું હોય, તે સ્થાનને મેળવવું.
એ ત્રણ જેમ લૌકિક વિશ્રાંતિ સ્થાનો છે,
તેમ લોકોત્તર વિશ્રાંતિ સ્થાનો પણ ત્રણ છે:
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન અને સમર્થનું શરણું - એ ત્રણે
જ્યારે મળે, ત્યારે જીવ ખરેખરી વિશ્રાંતિ અનુભવે છે.
ઉપર ચઢવા માટે નિસરણીનું સ્થાન ચારિત્ર છે અને
ચઢતી વખતે બંને દિશાએ ટેકો આપનાર આધાર સ્થાન
દર્શનગૃહ અને જ્ઞાનગૃહના આરાધનરૂપી કઠેડા છે. દર્શન-
ગૃહ તે દુષ્કૃતગર્હા, કેમકે તે વડે શ્રદ્ધા નિર્મળ થાય છે.

ભાવગૃહ તે સુકૃતાનુમોદના છે, કારણ કે તે વડે બોધ પરિપક્વ થાય છે. દુષ્કૃત અને સુકૃતનું ભાન અને તે ભાન ઉપર પરિપૂર્ણ શ્રદ્ધા – એ બે ના આધારે ચારિત્રરૂપી સીડી ઉપર ચઢવાનું સહેલું બને છે.

(૧૦) ઈશ્વર એક શરણ્ય | એક ઈશ્વર જ શરણ્ય છે,

કારણ કે તે જ એક ભૂલ વિનાના છે.

મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે. ભૂલ એટલે અનુભવનું મૂળ

અને અનુભવ એટલે ભાનની પાકી.

મહાપુરુષની ભૂલો એ જ એના સાચા ગુરુ છે.

એકને એક ભૂલ બીજી વાર ન કરવી, એજ

જીવન જીવવાની સાચી ચાવી master key છે,

ગુરુ કીલ્લી છે અને બીજાની ભૂલોમાંથી જે શીખે,

તે તો પરમાત્માની ગણાય.

બીજાની ભૂલોમાંથી શિક્ષણ મેળવે, તે ઉપરાંત બીજાના ગુણો – બીજાની સારી વાતોમાંથી, હિતશિક્ષાઓમાંથી જે શિક્ષણ મેળવે, તે તેથી પણ ચઢીયાતો છે.

બીજામાં જે સારું, સમજવા – અપનાવવા જેવું લાગે, તેને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો, એ મહત્વની વસ્તુ છે, તેથી ઘણી ભૂલો સાહજિકપણે નિવારી શકાય છે.

ત્રીજી સારી વાત એ છે કે જેમણે ભૂલ વિનાનું
જીવન જીવે છે, તેમનો વિનય - બહુમાન કરવું,
તેમની ભક્તિ અને આત્માનું આરાધન કરવું,
તેમના જીવનને આદર્શ બનાવવો,
તેમના ઉપદેશને ગ્રહણ કરવો તથા તેમના
નામગ્રહણાદિ વડે આત્માને પવિત્ર કરવા પ્રયાસ કરવો.
જીવન જીવવાની આ મહા ગૂઢ ફિલસૂફી અથવા તો
master keys છે. તેને જેમણે જાણી - આચરી
- આદરી છે, તેઓ સૌ અવશ્ય સુખના ભાગી થાય છે.

(૨૨) ન્યુક્લિયસ = કેન્દ્રસ્થ સત્ત્વ.
ન્યુટ્રોન્સ = તીવ્ર ગતિમય તત્ત્વ.

જેમ અણુઓના ભૌતિક પરિવર્તનોથી અણુબોંબ બને છે,
તેમ અહંના કેન્દ્રસ્થ સત્ત્વનો સ્ફુરણ
ધ્યાનમય વિચારોના ગતિમય ન્યુટ્રોન્સ વડે થાય છે અને
તેમાંથી અર્હંનો આધ્યાત્મિક બોમ્બ સર્જાય છે.
એમાંથી પ્રગટ થતી આત્મશક્તિ
અણુશક્તિ કરતાં પણ અનંતગુણ પ્રબળ હોય છે.
જે શાશ્વત છે, તેની ખોજ કર્યા કરવી,
તે જીવનની સૌથી ઉદાત્ત કળા છે.

લોકસંપર્કથી દૂર રહેતા યોગીઓ
સ્થળ અને કાળની બહુ પેલે પારના દેશના હોય છે.
તેઓ શબ્દના અને અનંતના યાત્રી હોય છે અને
આત્મકેન્દ્રમાં રહીને વિશ્વની પરિધિને ભેદતા હોય છે.
'સર્વ કાંઈ જ્યાં હોવું જોઈએ, ત્યાં જ હોય છે'
એમ તેમને ભાનમાં પ્રતિભાસ થાય છે.

સૂર્યથી પૃથ્વીનું અંતર - ૯ ક્રોડ ૩૦ લાખ માઈલ અને
મંગળથી પૃથ્વીનું - ૧૪ ક્રોડ ૨૦ લાખ માઈલ છે.

૦ મંત્રમાં શબ્દશક્તિ છે, તેમ અર્થશક્તિ પણ છે.
અર્થશક્તિ શબ્દશક્તિથી વધુ સૂક્ષ્મ છે.
અર્થને શબ્દનું રૂપ પણ કહી શકાય.
અંગ્રેજીમાં તેને sense કહે છે.
મંત્રના સાધકને સદા સંકલ્પ હોવો જોઈએ કે:
શબ્દ જે રૂપને કહે છે, તે રૂપ શબ્દ દ્વારા પ્રકટ થાઓ.

૦ ચૈતન્યના ધ્યાનરૂપી તપને તપીને
અનંત આત્માઓ કેવળજ્ઞાન રૂપી લક્ષ્મીને વર્યા છે.
કાચના આરીસામાં પડતું પ્રતિબિંબ કાચું છે,
સાચું પ્રતિબિંબ તો અંતરના આરીસામાં પડે તે છે.

૦

Let go and let god.

આત્મા = શિવ.

પુદ્ગલ = પ્રકૃતિ.

સિદ્ધત્વ = પ્રકૃતિ (શુદ્ધાત્મ તત્ત્વ) પરાંબા (સિદ્ધ માતા)

પુદ્ગલસંગી આત્મા = શક્તિ - નાદ - મહામાયા

(વિભાવોન્મુખ હોય ત્યારે સૃષ્ટિનું સર્જન થાય છે).

0 एगा पुद्गल निविड दिट्ठिये ।

- ભગવતી તથા સુત્રગડાંગ

દૃષ્ટિ: અકંપપણે પુદ્ગલના અંશ કે દેહના ચક્રો.
ધારણા સ્થાનો ઉપર સ્થાપન કરી છે દૃષ્ટિ જેણે તે.

ચિત્તની એકાગ્રતા માટે
નાભિસ્થાનાદિ સ્થાનોએ અથવા
બાહ્ય વિષયોમાં ચિત્તવૃત્તિઓને બાંધવા.
'દેશબન્ધશ્ચિત્તસ્ય ધારણા ।'

(૧૨) નિસર્ગ એ પરમેશ્વરની શક્તિનું સ્વરૂપ છે.

દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ એ
દિવ્ય તરફ જવાનો એક માર્ગ છે.
ધ્યાન માટેનો બેઠકનો સમય
૪૮ મિનિટથી ઓછો હોવો જોઈએ નહિ.

બાપુસાહેબ માટકર, પુના (ભ-વા-ડી)

# કર્મ અને નસીબ

કર્મને શરણ નહિ કે કર્મ ફરમાનને શરણ નહિ?

'શુભ થાય' એવું બધા ઇચ્છે પણ શુભ વર્તન વિના

શુભ કેવી રીતે થાય? એવો વિચાર જ કોણ કરે છે?

નસીબમાં લખ્યું હશે તેમ થાય પણ

નસીબમાં લખાવવાનું તો પોતાના હાથમાં છે ને?

એ વાત માણસ કેમ ભૂલી જાય છે?

## કર્મક્ષયના હેતુથી થતી આરાધનાનું ફળ

જ્ઞાનાવરણીના ક્ષયથી આત્મજ્ઞાન,

દર્શનાવરણીના ક્ષયથી આત્મદર્શન,

મોહનીયના ક્ષયથી આત્મરમણતા અને

વીર્યાન્તરાયના ક્ષયથી આત્મતૃપ્તિ થાય છે.

આ વિચાર આરાધનાને નિર્મળ બનાવે છે, કેમકે

એથી લક્ષ્યની સ્પષ્ટતા થાય છે.

લબ્ધલક્ષ્ય ગુરુથી જ ભવ ભ્રમણમાં અભાવ વધે છે.

હાથમાંથી, તિજોરીમાંથી કે બેન્કેથી લૂંટાઈ જવાનો ભય છે,

પણ ભાગ્યમાંથી કોઈ કંઈ લૂંટી શકતો નહિ, માટે

સુંદર ભાગ્ય ઘડવું અને એ માટે દેવગુરુને સમર્પિત થવું,

એ જ દીર્ઘદર્શિતાનું લક્ષણ છે.

'હું કેવો દેખાઉં છું' એ જોવાને બદલે
'હું કેવો થાઉં છું, કેવું જીવન જીવું છું'
તે જોવા પ્રયત્ન કરવો જોઈએ.
'મને કોઈએ વંદન કર્યું?' ને બદલે 'મેં કોને વંદન
કર્યું?' તે જોવું જરૂરી નથી? તે અવશ્ય જરૂરી છે.

## ચાર પ્રકારના ધ્યાન

પ્રથમ પ્રતિમા દર્શન તે રૂપસ્થ ધ્યાન,
પછી પવિત્ર પદોથી સ્તુતિ તે પદસ્થ ધ્યાન,
પછી પ્રતિમામાં મનની તન્મયતા તે પિંડસ્થ ધ્યાન, પછી
અરૂપી આત્માના ધ્યાનમાં નિમગ્ન તે રૂપાતીત ધ્યાન.
અંતર્જલ્પરૂપ મન - તે પણ પદસ્થ ધ્યાન છે.
વિદ્યા, મંત્ર અથવા
દેવગુરૂની સ્તુતિરૂપ વાક્ય તે પણ પદસ્થ ધ્યાન છે.
અભેદપ્રણિધાન = પોતે દેવ બની દેવનું ધ્યાન કરવું તે.
સંભેદપ્રણિધાન = વાચકપદ સાથે ધ્યાતાની તન્મયતા.
અભેદને સાધવાનું સ્થાન સહસ્રાર,
સહસ્રારમાં પ્રવેશ કરવા માટે વાચકપદના
આલંબન વડે મધ્યમાર્ગગત - સુષુમ્ણાગત ગ્રંથિઓને
ભેદવા માટેની ક્રિયા તે સંભેદપ્રણિધાન.

ઉત્તમ મુનિઓમાં રહેલા વિશિષ્ટ પ્રકારની
અભેદ પ્રણિધાનની શક્તિ વડે
મંત્રમાં નિર્મળતા અને પવિત્રતા આવે છે.
આવા સુમુનિઓના મુખમાંથી નીકળેલ
મંત્રો વર્ણવાળા અને અર્થ સિદ્ધિપ્રદ હોય છે.
મંત્રદ્રષ્ટા સત્ત્વગુણી હોય છે, તેમ મંત્રસાધક પણ
સત્ત્વગુણવાળો હોય, તો જ મંત્ર તત્કાળ ફળે છે.
મંત્રયોગનો પરમ ઉદ્દેશ
અંતરાત્માનો પરમાત્મા સાથે અભેદ સાધવાનો હોય છે.
સુષુમ્ણા નાડી અને તેમાં પ્રાણનો સંબંધ -
એ બેનું જ્ઞાન સાધકને જરૂરી છે.
વાચ્યદેવતાના વાચકરૂપ મંત્રનું ઉચ્ચારણ તે 'જપ' છે.
'મંત્રરાજનું અભિધેય પ્રધાન પરમેષ્ઠિ છે.
તે જ પરમ તત્ત્વ છે અને
તે જ પોતાના આત્માનો સ્વભાવ છે.'
એવું પુનઃ પુનઃ આંતરિક પરામર્શન તે ઉત્તમોત્તમ જપ છે.
અથવા પુનઃ પુનઃ પરામર્શનના સદ્ભાવથી નાદના જે
સતત આંદોલનો ઉત્પન્ન થાય છે, તે તાત્ત્વિક જપ છે.
બીજાક્ષરોના ઉચ્ચારણમાં હ્રસ્વ, દીર્ઘ, પ્લુતાદિ
માત્રાઓનું ધ્યાન રાખવું જોઈએ.

મંત્રના અવયવભૂત વર્ણોના ઉચ્ચારણમાં
અક્ષરાક્ષર સંતાન - પૂર્વ પૂર્વ વર્ણ
ઉત્તરઉત્તર વર્ણની સાથે સંલગ્ન હોવો જોઈએ.
ન દ્રુતમ્ - વર્ણોનો ગ્રાસ ન થવો જોઈએ.
ન વિલંબિતમ્ - એક વર્ણ અને બીજા વર્ણના
ઉચ્ચારણની વચ્ચે વધુ સમય ન થવો જોઈએ.
પ્રાણ સમમ્ - શ્વાસની સાથે
સમગ્ર મંત્ર સમાઈ જવો જોઈએ. અંતર્જલ્પરૂપ મનનથી
રક્ષણ થાય છે, માટે તે 'મંત્ર' કહેવાય છે.
પરતત્ત્વની પ્રાપ્તિનો ઉપાય હોવાથી તે પરમાત્મા જ છે.
પરમાત્મા જ ઉપેય (ધ્યેય) પદની જેમ
ઉપાયરૂપે (મંત્રરૂપે) સ્ફુરિત થયેલા છે.
એવી રીતે અભેદભાવને જ મંત્રનું પરમાર્થ કહેવાય છે.
તે ભાવપ્રાપ્તિની પૂર્વસ્મરણા, વિચિન્તન, ધ્યાનાદિ અવસ્થા
સાધનભૂત હોવાથી તેને પણ 'મંત્રવાચ્ય' કહેવાય છે.
સ્મરણજાપ એ ધ્યાનનો પ્રથમ પ્રકાર છે.
નાસિકાની અંદર હોય તે આકાશતત્ત્વ.
અગ્નિતત્ત્વ ૪ આંગુલ, વાયુતત્ત્વ ૬ આંગુલ,
જલતત્ત્વ ૧૨ આંગુલ અને પૃથ્વીતત્ત્વ ૮ આંગુલ.

માતૃકાનો દરેક વર્ણ સંકેતથી નિરપેક્ષ છે,
તેથી વાચ્યાર્થરહિત છે.

સંકેતવાળા શબ્દોમાં શબ્દ અને અર્થનો વાચ્ય - વાચક સંબંધ છે, જ્યારે વર્ણોચ્ચારમાં વાચ્ય ન હોવાથી તે વાચક પણ નથી, તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે.

વર્ણનો આત્મા નાદ હોવાથી
તેના અનુસંધાન વડે સાધક સર્વ શ્રુતનો પારગામી થાય.

શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે સ્વાધ્યાયાદિ ઉપાયો છે, તેમ માતૃકાનું સંસ્મરણ પણ અનુપમ ઉપાય છે અને સરળ છે.

મંત્રો પણ માતૃકામાંથી જ ઉદ્ધૃત થએલ છે, તેથી
મંત્રજાપ પૂર્વે માતૃકા ન્યાસ અત્યંત જરૂરી છે.

સ્વરો પોતાની મેળે રાજતા એટલે કે
સ્વાભાવિક નાદરૂપતાને પામતા હોવાથી 'સ્વરો' કહેવાય.
તે વાચ્ય - વાચક અને વ્યંજનાદિના આધાર છે.

સ્વરો પરમાત્મવાચક છે અને
વ્યંજનો પરમાત્મશક્તિના વાચક છે.

સ્વરોના ધ્યાનથી પરમાત્માની અને
વ્યંજનોના ધ્યાનથી પરમાત્મશક્તિની ઉપાસના થાય છે.

માતૃકાનો દરેક વર્ણ મંત્રાક્ષરરૂપ છે.

## આત્માની જ્ઞાનશક્તિ તે જ 'માતૃકા' છે.

વર્ણો દેહના સ્થાને છે અને માતૃકા પ્રાણના સ્થાને છે,
કેમકે તે જ્ઞાનશક્તિના પ્રસારરૂપ છે.
માતૃકારૂપ જ્ઞાનશક્તિનું ઉન્મીલન કરનાર હોવાથી વૈખરી-
મધ્યમાદિ વર્ણોને પણ ઉપચારથી 'માતૃકા' કહેવાય છે.
માતૃકાનું શરીર વર્ણો હોવાથી તેને 'વર્ણતનુ' કહેવાય છે.
માતૃકા આત્માની પરમ જ્યોતિ છે.
તે બુદ્ધિમાન પુરુષોના જ્ઞાનમય તેજનું માતાની જેમ
જનન, પાલન અને વિશોધન કરનારી છે,
માટે 'માતૃકા' કહેવાય છે.
તેનું શરીર વર્ણો છે અને પ્રાણ જ્ઞાનનો પ્રકાશ છે.
પ્રાણવાયુના અભિઘાત માટે તાલુ આદિ સ્થાનોમાં
નિરુદ્ધ થયા પછી કકારાદિ વ્યક્તિને પામે, તે
વૈખરી-મધ્યમાનું ઉપાદાન બુદ્ધિ અને સૂક્ષ્મ પ્રાણવૃત્તિ છે.
વૈખરીનું ઉપાદાન સ્થૂલ પ્રાણવૃત્તિ છે.
અંતઃસંકલ્પમાન અને ક્રમયુક્ત મધ્યમા છે.
પશ્યંતી અંતરમાં સ્વયં પ્રકાશિત છે.
ક્રમ વિભાગરહિત અને સૂક્ષ્મ છે.
પરા તે અક્ષરવર્ગોમાં વિલક્ષણ માતૃકા સ્વરૂપ છે.

## ધ્યાનદીપિકાનો ક્રમ તથા લાભ

(૧) 'નમો અરિહંતાણં' પદનું ધ્યાન હૃદયકમળમાં કરવું.

(૨) પછી વિચારવું કે

'આ નમસ્કાર હું ૩ યોગ, ૩ કરણ, ૭ ધાતુ, ૧૦ પ્રાણ, ૩॥ ક્રોડ રોમ અને આત્માના અસંખ્ય પ્રદેશથી કરું છું.'

(૩) 'નમો અરિહંતાણં' પદમાં મંગલ, ઉત્તમ અને શરણ - ત્રણેનો સંગ્રહ છે.

નમો = મંગલવાચક, અરિહં = ઉત્તમવાચક અને તાણં = શરણવાચક છે.

(૪) મંગલ = જ્ઞાન, ઉત્તમ = દર્શન, શરણ = ચારિત્ર.

(૫) જ્ઞાનથી રાગદોષ જાય, દર્શનથી દ્વેષદોષ જાય અને ચારિત્રથી મોહદોષ જાય છે.

(૬) રાગના નાશથી વાતદોષ, દ્વેષના નાશથી પિત્તદોષ, મોહના નાશથી કફદોષ દૂર થાય છે. આમ પ્રથમ પદનું ધ્યાન ત્રિદોષનાશક - દ્રવ્યભાવ સ્વાસ્થ્યનું ઉત્પાદક છે.

મંત્ર વડે મન, વચન અને પ્રાણની એકતા થાય છે. એ ત્રણે આત્માના આધાર હોવાથી આત્મજ્ઞાન કરાવે છે.

આત્મજ્ઞાનથી અંતરાત્મભાવરૂપ ગુરુ અને પરમાત્મભાવરૂપી દેવનું સ્વરૂપ પ્રગટ થાય છે.

ગરૂડથી મંત્ર મળે છે, મંત્રથી દેહ ઓળખાય છે.
પછી મન, વાણી અને પ્રાણ આ દરેક
દેહ - ગરૂડની ભક્તિમાં જોડાય છે.
મંત્રરૂપી શક્તિને ગ્રહણ કરી દેહના પણ દેહ,
અવિરત, સર્વવ્યાપી, પરમ શાંત ભગવંત
મારી સમક્ષ પ્રગટ થાય છે.
તેમની સાથે એકતાની અનુભૂતિ થાય છે.

## બે પ્રકારનું શરણાગમન

પ્રથમ objectively પંચ પરમેષ્ઠિઓનું,
તેઓના શુદ્ધ આત્મસ્વરૂપનું તથા શુદ્ધ
આત્મસ્વરૂપને પ્રાપ્ત કરવા માટેના તેઓના પુરૂષાર્થનું.
બીજું Subjectively નિજ શુદ્ધ આત્મસ્વરૂપનું,
દ્રવ્યકર્મ - ભાવકર્મ - નોકર્મથી ભિન્ન અને
અનંત ચતુષ્ટયથી સંપન્ન એવા કૂટસ્થ આત્મદ્રવ્યનું તથા
પર્યાય વિનિર્મુક્ત શુદ્ધ આત્મદ્રવ્યનું શરણાગમન છે.
'નમો' બીજ છે. અરિહં, અરહં, અરૂહં એ અંકુર છે.
શુદ્ધ - બુદ્ધ - નિરંજન પદની પ્રાપ્તિ તે ફૂલ છે.
અરિહંપદથી દુષ્કૃતગર્હા, અરહંપદથી સુકૃતાનુમોદના અને
તાહુંપદથી બાહ્ય - આંતર ઉભય શરણ ગ્રહણ થાય છે.

(93) વૈખરી આદિ માતૃકાઓ પ્રવાહથી અનાદિ છે.
વૈખરી સ્પષ્ટોચ્ચારરૂપ છે, મધ્યમા શ્રુતજ્ઞાનોપયોગરૂપ છે.
પશ્યંતી ક્ષયોપશમ લબ્ધિરૂપ છે.
સ્પષ્ટોચ્ચાર - ઉપયોગાદિ અનિત્ય હોવા છતાં પ્રવાહથી
અનાદિ હોવાથી વિવિધ જીવોમાં તે વિદ્યમાન હોય જ છે.
ઉપયોગ ભાવશ્રુતરૂપ છે,
વૈખરી દ્રવ્યશ્રુતરૂપ છે, ક્ષયોપશમ પ્રવચનરૂપ છે.
સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર, લબ્ધ્યક્ષર - એ ત્રણમાંથી જ
શબ્દવિન્યાસરૂપ બધાં જ શાસ્ત્રો ઉત્પન્ન થાય છે.
શબ્દવિન્યાસ = ધર્મશાસ્ત્ર, વ્યાકરણ, કાવ્ય, સાહિત્યાદિ.
તેમાં લબ્ધ્યક્ષર - પશ્યંતી માતૃકા એ
સર્વ સિદ્ધાંતોની મૂળ જનની - જન્મભૂમિ છે.
સંજ્ઞાક્ષર - વ્યંજનાક્ષર તેમાંથી જ ઉત્પન્ન થાય છે.
શબ્દબ્રહ્મ = વર્ણાત્મક શબ્દસમૂહ.
ब्रह्म = बृंहते वर्धते, मा = ज्ञान अनेनेति ब्रह्म।
શબ્દબ્રહ્મ એ સૂક્ષ્મ અને સ્થૂલ - એમ બે પ્રકારે છે.
પરા - પશ્યંતી - મધ્યમા એ સૂક્ષ્મ શબ્દબ્રહ્મરૂપ છે.
આત્મ, ઇંદ્રિય અને મનોમય છે.
પરા એ આત્મમય, પશ્યંતી મનોમય, મધ્યમા ઇંદ્રિયમય છે.

વૈખરીનું વ્યંજક - કારણ છે, વૈખરી સ્થૂલ શબ્દબ્રહ્મ છે.
ભગવતીના પ્રારંભમાં સંસ્કૃત બ્રાહ્મીલિપિને નમસ્કાર છે.
અક્ષરથી અક્ષર અવિનાશી આત્માના ચિન્તનથી
નમસ્કાર અને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.
સરસ્વતી એ શ્રુતની અધિષ્ઠાત્રી છે.
સારસ્વતાદિ લોકાંતિક દેવો શ્રુતદેવતાને વશ છે.
બ્રાહ્મીલિપિ સર્વ કળાઓનું મૂળ છે, ગુણલક્ષ્મીનું નેત્ર છે.
તે ભવ્યોની કુળદેવી સમાન છે,
વિશ્વપાવક, વિશ્વસંજીવની, મોક્ષનું સાધન છે.
તે ભાવરૂપ ઉપકારને કરે છે, તેથી પૂજ્યતમ છે.
(૧૪) 'નમસ્કાર ચૌદ પૂર્વનો સાર છે' એનો અર્થ
ચૌદ પૂર્વનું માત્ર નમસ્કારનું ભાન કરાવવું છે.
તે ભાન કરાવવું તેટલું જ તેનું
કાર્ય છે, પ્રયોજન છે, ફળ છે.
શાસ્ત્ર ભણીને પણ જો નમસ્કારને ન પામે,
તેનું ભણતર નિ:સાર છે.
નમસ્કારને, પંચપરમેષ્ઠિને તથા શુદ્ધ આત્મતત્ત્વને જાણવું,
તે ભણતરનો સાર છે.
તે જાણ્યા પછી કાંઈ જાણવાનું રહેતું નથી.

તે જ્ઞાન વિસ્મરણ ન પામે તે માટે અહર્નિશ નવકારનું
સ્મરણ અખંડિત બનાવવા જ અન્ય સર્વ સ્વાધ્યાય છે.

'જિનપદ - નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ,
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.'

શાસ્ત્રોનો, અર્થોનો સાર પણ નવકાર છે અહર્નિશ
વધુને વધુ શાસ્ત્ર ભણે અને
તેના અર્થોનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિવેચન કરે,
તો તે દ્વાદશાંગનો જ વિસ્તાર છે પણ સાર નહિ.
સાર તો બધા જ્ઞાનનો એક નવકાર છે.
નવકારનો સાર શુદ્ધ આત્મા અને તેમાં પરિણમન છે.
શુદ્ધાત્મ સ્વરૂપનું સંવેદન
શાસ્ત્રજ્ઞાનથી નહિ પણ ધ્યાનાભ્યાસથી છે.

<u>નિશ્ચયથી મોક્ષમાર્ગ કયો</u> ?

શાસ્ત્ર વડે સારભૂત નવકાર અને તેના સારને, શુદ્ધ
આત્મા અને તેના સામર્થ્યને જાણીને તેમાં જ એટલે
આત્મતત્ત્વમાં જ એકાકાર થવું, ચિત્તવૃત્તિને તેમાં જ
સ્થિર કરવી અને મન - વચન - કાયાના વ્યાપારને
તેમાં જ જોડવા માટે પ્રયત્નશીલ થવું,
તે જ નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.

(૭૫) જેમ સૂત્ર કે દોરા વગરની સોય ખોવાઈ જાય છે,
તેમ સૂત્ર વડે જેણે શુદ્ધ આત્મા જાણ્યો નથી,
તે જીવ સંસારમાં ખોવાઈ જાય છે.
શ્રુતજ્ઞાન તે સૂત્ર છે, શુદ્ધાત્મા તે સોય છે.
જેમ સૂત્રમાં પરોવાયેલી સોય તુરંત જ જડી આવે છે,
તેમ શ્રુતજ્ઞાનના ઉપયોગમાં વર્તતો જીવ
પોતાના આત્માને શોધી શકે છે.
અર્હંરૂપી મહાપ્રભુમાંથી ઉત્થિત
ૐકારરૂપી નાદનું બ્રહ્મરંધ્રમાં ધ્યાન કરવું.
મહાપ્રભુનું સ્થાન નાભિપદ્મ છે.
अर्हद्देहाचार्योपाध्यायमुनीन्द्रपूर्ववर्णोत्थः ।
सर्वत्रादौ ध्येयः प्रणवः परमेष्ठिसंस्मृत्यै ॥१॥
अरिहंता असरीरा आयरिय उवज्झाय मुणिणो ।
पंचक्खरनिप्पण्णो ओंकारो पंच परमिट्ठी ॥२॥
(પરિશિષ્ટ-૬)

૦ 'સર્વજ્ઞ' એટલે આત્માનો જ્ઞ સ્વભાવ.
સર્વજ્ઞને તે વ્યક્તરૂપ છે,
છદ્મસ્થને તે જ્ઞ સ્વભાવ અવ્યક્ત છે.
જ્ઞ સ્વભાવની સન્મુખતા વડે તે સર્વજ્ઞતા વ્યક્ત થાય છે.

સર્વજ્ઞ શક્તિની સન્મુખ થવું, તે જ સર્વજ્ઞ
ભગવંતની અને તેમના વચનની સાચી આરાધના છે.
ચૈતન્ય સ્વરૂપ આત્મા અંદર છે,
તેને ન જાણવો તે નિદ્રા છે અને
તેને જાણ્યા વિના જીવવું, તે સ્વપ્નમય જીવન છે.
પાતંજલ યોગદર્શનમાં કહ્યું છે કે:
નિદ્રાસ્વપ્નજ્ઞાનાલંબનં વા । ચિત્તને શુદ્ધ અને સ્થિર
કરવાના અનેક ઉપાયોમાં નિદ્રા અથવા
સ્વપ્નજ્ઞાનનું આલંબન પણ એક ઉપાય છે.
મનના અભાવમાં શ્રવણ - અશ્રવણ છે, નિદિધ્યાસનના
અભાવમાં દર્શન - મનન નહિ, અદર્શન - અમનન છે.
વળી પોતાના સ્વરૂપને નિદિધ્યાસનદ્વારાજ
વ્યક્તિની સમજ અભિવ્યક્ત કરે છે.
પહોંચ અતિરિક્ત એક અખંડ વાસ્તવતા છે.
વર્ણ અથવા વર્ણવિન્યાસના મંત્રત્વ
તેમાં નિહિત નિગૂઢ ચેતનાને જાગૃત કરવામાં છે.
તેનો ઉપાય નિરંતર નાદાનુસંધાન, સતત જપાનુષ્ઠાન
અથવા શ્રદ્ધા સહિત દેવતાના સ્વરૂપ ઉપર મનનું
સ્થિરીકરણ કરવામાં આવે, તે છે.

ચિત્તં મંત્રઃ | ચિત્તનું મંત્રાકાર થવું એ મંત્રની સિદ્ધિ છે.

શબ્દ એ શક્તિ છે અને અર્થ એ શિવ છે.

ષડધ્વા એ વિશ્વના માતા - પિતા છે.

વર્ણ, પદ, મંત્ર, કલા, તત્ત્વ અને ભુવન - એ ષડધ્વા છે.

કલા અને તિથિ અનાહત છે.

વિસર્ગ - ને બિંદુ - એ ૧૬મા અમૃતકલા છે.

ક વર્ગ - ૫ ભૂત, ચ વર્ગ - ૫ તન્માત્રા,

ટ વર્ગ - ૫ કર્મેન્દ્રિય, ત વર્ગ - ૫ જ્ઞાનેન્દ્રિય,

પ વર્ગ - મન, અહંકાર, બુદ્ધિ, પુરુષ અને પ્રકૃતિ,

ય વર્ગ - રાગ, વિદ્યા, કલા અને માયા,

શ વર્ગ - મહામાયા, શુદ્ધ વિદ્યા, ઈશ્વર, સદાશિવ,

ક્ષ - શક્તિ, હ - શિવ.

અપૂર્ણતા અથવા સંકોચમય ભેદાત્મક સંસાર છે.

તેનું પ્રશમન એ ત્રાણ.

નાદનું પરામર્શ તે મનન છે.

નાદના પરામર્શથી સંસારનું પ્રશમન છે,

અપૂર્ણતા મટી જાય છે, સંકોચ ટળી જાય છે તથા

પૂર્ણતા અને વિશાળતા પ્રકટે છે.

કેવળ ઉચ્ચાર્યમાણ વર્ણો તે મંત્ર નહિ, કિન્તુ

મનન ત્રાણધર્મવાળા વર્ણો તે મંત્ર છે.

સ્વતંત્ર સ્વરૂપની સંકોચ અવસ્થા તે ચિત્ત છે,
વિકાસ અવસ્થા તે ચિતિ છે અને પરમ તત્ત્વની
ઉપલબ્ધિનું મુખ્ય સાધન મંત્ર અને ગુરૂવાક્ય છે.

'શબ્દબ્રહ્મ સ્વરૂપેદં શબ્દાતીતં તુ જાયતે |'

ચરમ અવસ્થામાં શબ્દ રહેતો નથી,
કિન્તુ શબ્દાતીતની પ્રાપ્તિ થાય છે.

ત્રિકુટીમાં ધ્યાન લગાવો અને શૂન્યમાત્રને જુઓ.
'શૂન્ય' અર્થાત્ નિરંજન - નિરાકાર.

સંત મતે: વૃત્તિપ્રવાહરહિત ચિત્તનું નામ આત્મા.
તેને 'બોધિચિત્ત' અથવા 'પ્રપંચ' પણ કહે છે.

અવ્યક્ત પરમ સત્તા નાદરૂપથી સર્વત્ર વ્યક્ત થઈ રહી છે.
તે નિર્બાધરૂપે વ્યક્ત હોવાના કારણે 'સહજ' કહેવાય છે.
વિક્ષેપરહિત થવામાં આવે તો જ નાદરૂપમાં
અવ્યક્ત સત્તાની અભિવ્યક્તિ અનુભવમાં આવે છે.

તે કારણે
વિક્ષેપરહિત સ્થિતિને જ વાસ્તવિક સહજ કહેવાય છે.
આ સહજાવસ્થાની પ્રાપ્તિ માટે નાદાનુસંધાન આવશ્યક છે.
સદ્‌ગુરૂની કરૂણાથી નાદાનુસંધાન વડે સહજ સમાધિની
પ્રાપ્તિ થાય છે. 'સહજ' એટલે સરળ પણ કહી શકાય.

સહજ જ્ઞાનને 'પ્રાતિભ જ્ઞાન' પણ કહેવાય છે.
એને આંતરચક્ષુ, બાહ્ય - બહિર દૃષ્ટિ પણ કહેવાય છે.
વૈરાગ્ય રાગના નાશ માટે નહીં, રાગને તથા
ઇંદ્રિયજન્ય આનંદના ભોગને સંકુચિત કરવા માટે છે.
પ્રાતિભ જ્ઞાન જાગ્રત થતા જાય
સહજ જ્ઞાનનો સાધક બની જાય છે.
'જગત એ સાંવૃતિક સત્ય છે' એનો અર્થ
પૂર્વજન્મસંચિત સંસ્કારોના કારણે વિજ્ઞાનમાં સ્થિત
વિભિન્નરૂપોનું જે પ્રક્ષેપણ છે, તેને 'માયા' પણ કહે છે.
નાદ એ બિંદુરૂપમાં અને
બિંદુ એ જગતરૂપમાં આવિર્ભાવ પામે છે.
નિરંજન, પરબ્રહ્મ, પારમાર્થિક સત્તા અનાશ્રિત છે.
સહજ, શૂન્ય, અભિસંબોધિ અનાશ્રિત છે.
સુરતાને શબ્દમાં પરોવવા અથવા
પોતામાં પોતે સમાઈ જવું - એ બંને એક જ વસ્તુ છે.

o

Be still & know. Relax in God's peace & security & rest & renewal will be yours. Gratitude towards God is the biggest sign of noble souls.

મનુષ્યને પીડતા ઈશ્વરનો માનસિક ભાર ઉતારવાનાં

: ત્રણ સ્થાનો :

(૧) કર્મનો ભાર ઉતારવાનું સ્થાન છે : દુષ્કૃતગર્હા.
તે મૈત્રી તથા માધ્યસ્થ્ય ભાવનાથી થાય.

(૨) પુણ્યહીનપણાની સ્થિતિ નિવારવાનો ઉપાય છે :
સુકૃતાનુમોદના. તે પ્રમોદ તથા કારુણ્ય ભાવનાથી થાય.

(3) સદા માટે નિર્ભય - નિશ્ચિંત થવાનું સાધન
પુણ્ય - પાપરહિત એવા શુદ્ધાત્માનું શરણું.
તે વીતરાગતા - સર્વજ્ઞતા ઈશ્વરની શ્રદ્ધાથી થાય.

પાપથી દુઃખ, ધર્મથી સુખ - એ સિદ્ધાંત છે.
પ્રભુના શરણાથી શાંતિ - સમતા - આનંદ પ્રાપ્ત થાય.

સફળતાની ચાવી

(૧) દુઃખમુક્ત થવા માટે પાપની ગર્હા કરવી.
(૨) સુખયુક્ત થવા માટે પુણ્યની પ્રશંસા કરવી.
(3) અશાંતિરહિત થવા માટે શુદ્ધાત્મ સ્મરણ કરવું.

એ ત્રણે વાતનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરવો,
એ જ સફળતાની ચાવી છે.

જીવન એ અભ્યાસનો - મરણ એ પરીક્ષાનો કાળ છે.
જીવનની સફળતા સમાધિમરણની પ્રાપ્તિમાં છે.

(२६) કાયોત્સર્ગ કરતાં...

કાયાના વ્યાપારીનો અને / અથવા કાયાના મમત્વનો ત્યાગ.

આત્માને વોસિરાવું છું કરતાં...

બાહ્ય આત્મ અશુદ્ધિ મલિન અધ્યવસાયોનો ત્યાગ કરું છું.

અંતરાત્માનો આશ્રય લઉં છું કરતાં...

પ્રશસ્ત અધ્યવસાયોનો આશ્રય લઉં છું.

ચેષ્ટાં પ્રતિ પરિત્યાગઃ | આગમોક્તનીત્યા પરિત્યાગઃ |

અશુદ્ધિઃ ક્રિયાનો ત્યાગ. આગમમાં કહેલી રીતે ત્યાગ.

: કાયોત્સર્ગના ૧૨ હેતુઓ છે :

શ્રદ્ધા - મેધા આદિ પાંચ,

વૈયાવચ્ચગરાણં આદિ 3 અને તસ્સ ઉત્તરી આદિ ૪.

(૧) તસ્સઉત્તરીકરણેણં - પૂર્વે લાગેલાં પાપને આલોચવા માટે

(૨) યથાયોગ્ય પ્રાયશ્ચિત - દંડ માટે

(3) વિશુદ્ધિ - મલ પરિત્યાગ માટે

(૪) વિશલ્યીકરણ - શલ્યરહિત - અનાલોચિત પાપશુદ્ધિ માટે

(૫) શ્રદ્ધાવૃદ્ધિ માટે (૬) બુદ્ધિનિર્મળતા માટે

(૭) ચિત્તની સ્વસ્થતા માટે (૮) ધારણા માટે

(૯) ધ્યાનવૃદ્ધિ માટે

(૧૦) દેવ માટે (૧૧) ગચ્છ માટે (૧૨) સંઘ માટે.

રાગાદિ અને રોગાદિ ઉપદ્રવોનું શમન કરવા
સાધર્મિકનું વૈયાવૃત્ય તથા સમ્યગ્દ્રષ્ટિ જીવોને
ચિત્તસમાધિ ઉપજાવનાર દેવ-દેવીઓનું આરાધન કરવું.

દેહે અપડિબદ્ધો એટલે...

દેહભાવનાથી અપ્રતિબદ્ધ - માનસિક વિરક્તિયુક્ત.

દેહ મઈ જડ્ડ સુદ્ધી સુહ દુક્ખ તિતિક્ખયા અણુપ્પેહા ॥
ઝાએઈ ય સુહં ઝાણં એગગ્ગો કાઉસગ્ગંમિ ॥

અર્થાત્: કાઉસ્સગ્ગમાં દેહ - મતિ - જડતાનો ત્યાગ કરી,
સુખ - દુઃખને સહન કરવું તથા શુદ્ધિપૂર્વક ઉપરાંત
અનુપ્રેક્ષા અને એકાગ્રતાપૂર્વક શુભ ધ્યાન કરવું.

## ધ્યાનમાં રત્નત્રયીનું મહત્ત્વ

સમ્યગ્દર્શનથી મન ધ્યેય તરફ અડગ થાય છે,
સમ્યગ્જ્ઞાનથી ધ્યાનની શુદ્ધિ થાય છે એટલે કે
મલિન કષાયિક વૃત્તિ દૂર થાય છે અને
સમ્યક્ચારિત્રથી ધ્યાતાની શુદ્ધિ થાય છે.
મૂલોત્તર ગુણોના પાલનથી મનનો વિક્ષેપ દૂર થાય છે.

બિન્દુ, અગ્નિ, સૂર્ય, ભ્રૂમધ્ય કે હૃદયનું ધ્યાન
તે સગુણ ધ્યેયનું ધ્યાન છે અને
સચ્ચિદાનંદ પ્રભુથી પોતાનું અભેદ ચિન્તવન
તે નિર્ગુણ ધ્યેયનું ધ્યાન છે.

'રાગીસ્યાત્ ક્ષીણાદિકૃત્ |'
રાગનું ધ્યાન વૃત્તિઓને ક્ષીણ પમાડનારી
રાગાદિ વૃત્તિઓ રૂપ સરાગતાને પામે છે.
સરાગતાથી કર્મબંધ અને ભવભ્રમણ થાય છે.
object - સ્થિર અધ્યવસાય તે ધ્યાન.
objective - ચલ અધ્યવસાયો તે ચિંતન.
આર્તધ્યાન = Inferiority complex.
'હું બધાથી ઉતરતો છું' તે આર્તધ્યાન.
રૌદ્રધ્યાન = Superiority complex.
'બધા મારાથી ઉતરતા છે' તે રૌદ્રધ્યાન.
ધર્મધ્યાન = knowledge of Humility.
'ઉતરતાપણું કે ચઢીયાતાપણું કર્મકૃત છે' યા 'આત્મા સર્વનો સમાન છે' તે ધર્મધ્યાન કે જેમાં બાહ્યવિષયોના મદ - આંતરગુણોના માનનો ત્યાગ છે, તે પણ ધર્મધ્યાન છે.
શુક્લધ્યાન = knowledge of simplicity.
જેમાં તર્ક - વિતર્કો અને સંકલ્પ - વિકલ્પોનો અભાવ છે,
તે શુક્લધ્યાન છે ઉપરાંત
'અશરીરી આત્મા પૂર્ણ - શુદ્ધ - ચિન્મય આનંદમય છે'
તેવા વિચારણા, તે પણ શુક્લધ્યાન છે.

## શબ્દ, અર્થ અને જ્ઞાન (મન, વચન, કાયાના યોગો) તથા દ્રવ્ય, ગુણ અને પર્યાય

દ્રવ્યના ઉપલક્ષણાર્થ ક્ષેત્ર - કાળ અને શબ્દ.
અર્થના ઉપલક્ષણાર્થ નામ - આકૃતિ અને ભાવ
અર્થાત્ ગુણપર્યાય, દેશ - કાળ - જાતિ (ક્ષેત્ર - ભાવ).
જેમાં નામ, આકૃતિ તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું ચિન્તન છે, તે સવિકલ્પ છે અને જેમાં માત્ર ગુણ, પર્યાય અથવા દ્રવ્યનું ધ્યાન છે, તે નિર્વિકલ્પ ધ્યાન છે.

सवणे नाणे य विन्नाणे पच्चक्खाणे य संजमे ।
अणण्हवे तवे चेव वोदाणे अकिरिया सिद्धी ॥

<u>અર્થાત્</u>: શ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પચ્ચક્ખાણ, સંયમ, અનાશ્રવ, તપ અને નિર્જરા દ્વારા મોક્ષની સિદ્ધિ થાય છે.
દેવ તથા ગુરુની ભક્તિ એ યોગની પૂર્વસેવા છે.
વોદાણ = વ્યવદાન, નિર્જરા = વ્યવદાન.
પ્રત્યાખ્યાન = ગુણધારણા - સંયમ.
ધ્યાન વડે પ્રાપ્ત થતો સંયમ એ સમાધિરૂપ છે.
પ્રત્યાખ્યાન = કુશળ ક્રિયા અર્થાત્
ખરાબ આદતોથી દૂર રહેવું,
સ્વચ્છંદી મટી સંયમી બનવું અને

વ્રતી, નિયમધારી, અભિગ્રહધારી તથા ધર્મશીલ બનવું.

પ્રત્યાખ્યાન એ પાપરૂપી ભૂતપિશાચને
વશ કરવા માટેનો અકસીર મંત્ર છે.

## પંચમહાવ્રતો અને તેની સિદ્ધિ માટેના નિયમો

અંગુટ્ઠસહિયં, મુટ્ઠિસહિયં વગેરે સંકેત પચ્ચક્ખાણો છે અને નોકારસી, પોરિસી વગેરે અદ્ધા પચ્ચક્ખાણ છે.
પ્રત્યાખ્યાનથી મનની દૃઢતા, ત્યાગનો અભ્યાસ, આશ્રવનો નિરોધ, તૃષ્ણાનો ઉચ્છેદ અને અતુલ ઉપશમની પ્રાપ્તિ થાય છે.

१ अरहं - नाणं - अरिहंत (मार्ग)
अरिहंत - अहिंसा - औदार्य.

२ अकरणं - दंसणं - सिद्ध (अविप्रणाश)
सिद्ध - सत्य - दाक्षिण्यं.

३ अहमिन्द्रः - चरित्तं - आचार्य (आचार)
आचार्य - अचौर्य - पापजुगुप्सा.

४ तुल्लं - तवो - उपाध्याय (विनय)
उपाध्याय - ब्रह्मचर्य - निर्मल बोध.

५ कल्लं - वीरियं - साधु (सहाय)
साधु - अपरिग्रह - जनप्रियत्व.

आत्मा - उवओगो - नमोक्कार (स्वरं) आत्मा - धर्म.

<u>નમસ્કાર મહામંત્ર એ શું છે?</u>

તે મંગળ છે, ઉત્તમ છે, શરણ છે.

તે જ્ઞાન છે, દર્શન છે, ચારિત્ર છે.

તે રાગનાશક છે, દ્વેષનાશક છે, મોહનાશક છે.

તે દુષ્કૃતગર્હાવાચક છે, સુકૃતાસેવનવાચક છે તથા શરણાગમનવાચક છે.

તે કર્મનો નાશક છે (વાત),

ધર્મ છે (પિત્ત) તથા ધર્મ એ મોક્ષોત્પાદક છે (કફ).

(૨૭) શ્રુત = શબ્દ, ઉપયોગ = સુરતા.

શ્રુતોપયોગ એ ભાવસંવર અને બહુનિર્જરાદિ ગુણવાળો છે.

શબ્દમાં સુરતાને પરોવવી એ મહાયોગ છે અથવા શ્રુત વડે ઉપયોગમાં આત્માનું સતત સ્મરણ કરવું, તે ભાવસંવર અને બહુનિર્જરાનું કારણ છે અથવા કોઈપણ વસ્તુનું જ્ઞાન એ સ્વપર પ્રકાશક છે.

જ્ઞેય એ objective, જ્ઞાન એ Subjective છે.

જ્ઞાન એ જ્ઞાતાની સાથે અભિન્ન છે.

'જ્ઞાતા એ આત્મા છે' એટલે પ્રત્યેક વસ્તુના જ્ઞાન વખતે આત્માનુસંધાન ચાલુ રહેવું તે ભાવસંવર

અને બહુનિર્જરાદિ ગુણોનું કારણ છે અથવા
શ્રુત = અનાહતનાદનું શ્રવણ, તેમાં ઉપયોગાદિયુક્ત આત્મા.

God, speak, I listen thee.

તે જ શ્રુતોપયોગ છે.

God અર્થાત આત્મા,

તેનો ધ્વનિ તે અનાહત નાદ સતત ચાલુ છે.

તેમાં સતત ઉપયોગ, તે જ શ્રવણ પદાર્થ છે.

(૯૮) અશાંતિનું મૂળ અતૃપ્તિ છે, અતૃપ્તિનું મૂળ
વિષયભોગ છે, વિષયભોગનું મૂળ વિષયવાસના છે.
વાસનાનું મૂળ ભોગ અને ભોગનું મૂળ વાસના છે અને
વાસના તથા ભોગ - બંનેનું મૂળ અજ્ઞાન છે.

અજ્ઞાન અને ભોગથી વાસના વધે છે.

ત્યાગથી વાસના વધતી અટકે છે,

જ્ઞાનથી વાસનાનું મૂળ નાશ પામે છે.

વાસનાનાશનો એક ઉપાય ભાવના છે.

ભાવનાથી જ્ઞાન, જ્ઞાનથી વાસનાક્ષય અને
વાસનાક્ષયથી મનોનાશ થાય છે.

તત્ત્વજ્ઞાન માટે ભાવના - ભાવના વડે વાસનાનો વિલય.
વાસનાના વિલય વડે મનોનાશ.

મનોનાશ માટે સંકલ્પ - વિકલ્પનો ત્યાગ.
સંકલ્પ - વિકલ્પના ત્યાગ માટે આત્મધ્યાન.
આત્મા નિર્વિકલ્પ નિર્દ્વન્દ્વ, ચિદ્રૂપ, આનંદમય છે,
તેના ધ્યાનથી નિર્વિકલ્પ ચિન્માત્ર
સહજ સમાધિ સિદ્ધ થાય છે.
આત્મા જ્ઞાનસ્વરૂપ છે,
દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યાદિ અનંતગુણ છે.
તે સર્વમાં સાર જ્ઞાનગુણ છે.
'સાર' એટલે ઉત્કૃષ્ટ.
અન્ય દ્રવ્યથી આત્માનો ભેદ જ્ઞાનગુણથી સાક્ષપણે
ઉપસ્થિત થાય છે, તેથી તેને પરમભાવ કહ્યો છે.
અસાધારણ ગુણને 'પરમભાવ' કહેવાય.
સર્વ દ્રવ્યોનો અસાધારણ ગુણ તે પરમભાવ છે.
ક્રિયામાર્ગમાં પણ આદિ પ્રવર્તક ભગવંતના ધ્યાને
ભગવંત સમાપત્તિ થાય છે અને
તેથી જ સર્વ ક્રિયાની સફળતા મનાય છે.
જેમાં દુઃખ કે પીડાનું ચિન્તન મુખ્ય હોય,
તે આર્તધ્યાન છે અને જેમાં ક્રૂરતા અર્થાત હિંસા,
અસત્યાદિનું ચિન્તન મુખ્ય હોય, તે રૌદ્રધ્યાન ગણાય.

આર્તધ્યાન - રૌદ્રધ્યાન શેના શેના વિષયક હોય ?
અનિષ્ટ વસ્તુ સંયોગ વિષયક,
ઇષ્ટ વસ્તુ વિયોગ વિષયક, પ્રતિકૂળ વેદના ત્યાગ વિષયક
તથા વિષયભોગ ભોગવવાના ચિન્તન વિષયક આર્તધ્યાન
હોય છે તથા હિંસાનુબંધી, અસત્યાનુબંધી, ચૌર્યાનુબંધી
અને પરિગ્રહાનુબંધી (સંરક્ષણાનુબંધી) રૌદ્રધ્યાન હોય છે.
નવકાર ભણે તે જૈન - નવકાર ગણે તે જૈન.
જૈન સદૈવ જિનેશ્વર ભગવાનનો અનુયાયી
સૌથી પ્રથમ 'નમો અરિહંતાણં ।' પદ વડે
શ્રી જિનેશ્વર ભગવંતોને નમસ્કાર કરે છે.
તે પછી આઠ કર્મનો ક્ષય થયા પશ્ચાત
'સિદ્ધ' નામે ઓળખાતો તેમનો અથવા
આત્માનો કેવલ ભગવાનનો વિશિષ્ટ પર્યાય,
તેને 'નમો સિદ્ધાણં ।' પદ વડે નમસ્કાર કરે છે.
ત્યાર બાદ જિનેશ્વર ભગવાને પ્રરૂપેલા સિદ્ધાંતો પ્રમાણે
આચરણ રાખનાર અને ઉપદેશ કરનાર આચાર્યોને,
તે સિદ્ધાંતો પોતે ભણનાર અને
અન્યને ભણાવનાર ઉપાધ્યાયોને તથા મોક્ષાભિલાષી
બનીને મોક્ષમાર્ગમાં સહાય કરનાર સાધુ ભગવંતોને

નમસ્કાર એ નવકાર મંત્રમાં મુખ્ય છે, તેથી
'નવકારને ગણનાર અને જૈન -
બંને વસ્તુતઃ એક જ છે' એમ સિદ્ધ થાય છે.
'જૈન' એટલે નવકારને ગણનાર.

અન્ય સૂત્રો ન આવડે તો બાળકે બોલેલા
સૂત્રો સાંભળીને પણ ચાલી શકે પણ
નવકાર મંત્ર તો પોતે જ બોલવો જોઈએ,
તેથી દરેક જૈને તેને મુખપાઠ કરવાનો રહે છે.
'નવકાર જાણે તે જૈન અને નવકાર ગણે તે જૈન'
- એમ જ્ઞાન અને ક્રિયા ઉભય સ્વરૂપ
મોક્ષમાર્ગનું આરાધન પ્રત્યેક જૈનને રહેલું છે.

તે આરાધનાથી સર્વ પાપનો અર્થાત્
સ્વાર્થ ભાવનાનો નાશ થાય છે અને સર્વ મંગળોમાં
પરોપકારભાવ રૂપ પ્રધાન મંગળની પ્રાપ્તિ થાય છે.
નવકારમાં પ્રથમ નમસ્કાર અરિહંત ભગવંતોને છે,
જેમણે સ્વાર્થભાવરૂપ પાપનો પ્રણાશ કર્યો છે અને
પરાર્થભાવરૂપી મહામંગળનું આરાધન અવશ્ય કરેલું છે અને
તે વડે તીર્થંકર નામકર્મરૂપી પરમપુણ્યને ઉપાર્જન કરી
વિશ્વોપકાર વડે તેને સાર્થક કર્યું છે.

નવકાર મંત્ર સર્વ આપદાઓને ભેદી નાંખનાર છે,
તેમાં પ્રથમ કારણ સ્વાર્થમાંથી સર્વથા, પર થઈ ગયેલા
જિનેશ્વર ભગવંત, તેમનો આત્મા અને
તે આત્માના ફલસ્વરૂપ સિદ્ધપદને નમસ્કાર છે.
નવકાર મંત્ર સર્વ સંપત્તિનું કારણ છે,
તેમાં પ્રથમ હેતુ સર્વદા અને સર્વથા,
પરાર્થરસિક પુરુષોને તેમાં નમસ્કાર છે અથવા
૮ કર્મ એ પાપ અને અનંત ચતુષ્ટય એ શ્રેષ્ઠ મંગળ છે,
સર્વ પ્રયોજનોનું પ્રયોજન છે, અવ્યાબાધ સુખ છે
અને સર્વ દુઃખોનો આત્યંતિક ક્ષય છે.
દુઃખનો ક્ષય કર્મક્ષયથી છે,
કર્મનો ક્ષય ચિત્તની સમાધિ વડે થાય છે,
ચિત્તસમાધિ બોધિલાભ વડે થાય છે તથા
બોધિનો લાભ દર્શનબોધિ, જ્ઞાનબોધિ અને
ચારિત્રબોધિના સ્વામી એવા જિનેશ્વરોના પ્રભાવથી છે.
સિદ્ધાદિનો પ્રભાવ ગર્ભિતપણે જિનેશ્વરોનાં જ પ્રભાવરૂપ છે.
જિનેશ્વરો જ સકલ કર્મના ક્ષયથી સિદ્ધ છે,
આચારના પાલનથી આચાર્ય છે, અધ્યાપક સ્વરૂપે પાઠક-
ઉપાધ્યાય છે અને સહાય સ્વરૂપે સાધુ કે મુનિ છે.

પંચ પરમેષ્ઠિને નમસ્કાર એ
સર્વ પાપકર્મોનો, દુઃખ - દારિદ્ર્યનો ચૂરક છે અને
સર્વ મંગળોનો, સમાધિ - બોધિનો જનક છે.
સમાધિ સમતા સ્વરૂપ છે અને
તે રત્નત્રયસ્વરૂપ બોધિ અને તેની આરાધનાનું ફળ છે.

V.V. Imp.

નવકાર મંત્ર અને આત્મા.

જગતનાં તુચ્છ સુખોની ખાતર આત્માને ન ભૂલવો જોઈએ,
નવકાર મંત્ર આત્માની યાદ આપનાર છે.
શુભ - અશુભ ઉભય પ્રસંગો જેમ કે
જન્મ - મરણ, સંપત્તિ - વિપત્તિ,
ધાર્મિક કાર્ય કે સંસારવ્યવહારનું કાર્ય -
આવા ઉભય પ્રસંગો કર્મકૃત છે, એમ માની નિશ્ચલ
મનથી નમસ્કાર સ્મરણ, આત્મસ્મરણ કરવું જરૂરી છે.
શ્રી નમસ્કાર મહામંત્રને 'મહાશ્રુતસ્કંધ' અને
સર્વ શ્રુતસ્કંધમાં વ્યાપક કહેલો છે, તેનું કારણ
'સર્વ શ્રુતસ્કંધ આત્મજ્ઞાનને માટે છે'
તે જ્ઞાન નવકાર મંત્ર સ્મરણપણે કરાવે છે, તે છે.
જ્ઞાનની સાથે શ્રદ્ધા અને આચરણ જોડાયેલાં છે, તેથી
આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મરમણતા - ત્રણેનો એક

શાશ્વતપણાની જેમ નમસ્કાર મંત્ર છે, કેમકે તેમાં સઘળાં શાસ્ત્રોનો સાર - આત્મવિષયક જ્ઞાન, શ્રદ્ધા અને પરિણમન રહેલાં છે, તેથી તેને વિધિપૂર્વક, એકાગ્રતાથી, દૃઢ શ્રદ્ધાથી, આદર - બહુમાનથી, વિસ્મય (Wonder), પુલક (joy) અને પ્રમોદથી (Love) ગણવો જોઈએ.

નમસ્કારના ભાવપૂર્વક સ્મરણ વખતે
ક્ષુધા, તૃષા અને શ્રમ શાંત થાય છે.

દુસ્સહના વખતમાં સમય પસાર કરવા માટે
તે એક નિઃસ્વાર્થ સોબતીની ગરજ સારે છે.

આ નવકાર મહામંત્ર દૃઢ શ્રદ્ધા, સૂક્ષ્મ સમજ અને
સદા તીવ્ર ઉપયોગપૂર્વક ગણવો જોઈએ.

(૧૯) 'જૈન' એટલે જિનેશ્વરનો અનુયાયી.

'જિનેશ્વરનો અનુયાયી'નો અર્થ જિનેશ્વરને નમનારો,
તેમના ઉપદેશને, આચારને, આચારના ફળસ્વરૂપ
સિદ્ધપદને અને તેમાં સહાયભૂત થનાર સાધુવર્ગને
આદર આપનારો, તે 'જૈન' છે.

એ રીતે જૈનત્વની સાથે નવકારનો અભેદ છે.
જ્યાં નવકાર છે, ત્યાં જૈનત્વ છે અને
જ્યાં જૈનત્વ છે, ત્યાં નવકાર છે.

એકની ખ્યાતિમાં અનેકની ખ્યાતિ અને
એકના અભાવમાં અનેકનો અભાવ છે.
'જૈન' એટલે...
જ્ઞાન - દર્શન - ચારિત્ર વડે રાગ - દ્વેષ - મોહને જીતનારો,
(જ્ઞાન - દર્શન - ચારિત્ર એટલે... આત્મા)
આત્મા વડે આત્મા ઉપર વિજય મેળવનારો,
નિત્ય આત્મદર્શનમાં રહેનારો.
એ રીતે જૈનત્વની ખ્યાતિ
વ્યવહારથી પંચ પરમેષ્ઠિની ભક્તિમાં અને
નિશ્ચયથી આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં રહેલી છે.

## મૌનનો મહિમા

નિંદા, જૂઠ, કઠોરતા, અપશબ્દ, બકવાદથી
દૂષિત થયેલી વાણીને મૌનનો દંડ દઈ
જપ, તપ, મનન, ચિંતન વડે શુદ્ધ કરાય છે.
શ્વસનની ક્રિયામાં ફેફસાં અને કંઠ મુખ્ય ભાગ ભજવે છે.
મૌનથી ફેફસાં મજબૂત થાય છે,
બોલવાથી ફેફસાંને પડતો ઘસારો અટકી જાય છે.
ફેફસાંનું બળ વધવાથી એનું રક્તશુદ્ધિનું કાર્ય સરસ થાય,
તેથી તંદુરસ્તી વધે છે, હૃદય મજબૂત થાય છે.

મૌન એ દેહરોગનાં દર્દીઓ માટે વગર પૈસાની દવા છે.
મૌનથી તન - મનનું આરોગ્ય, આંખનું તેજ, સ્મરણશક્તિ
વગેરે તથા કુટુંબમાં સંપ - સુમેળ - શાંતિ આદિ વધે છે.
ઈશ્વરનામના જાપથી આવેલાં વિઘ્ન ટળી જાય છે.

વાણીનો ઉપયોગ જરૂર જ વાતમાં કરવાનો રહે:
જરૂરીયાતનાં કાર્ય, પરનું હિત અને પ્રભુનું ભજન.

ઓછામાં ઓછું બોલવા કે લખવાથી
વધુમાં વધુ જ્ઞાન - વિચાર આપી શકાય,
તો તે લખવા - બોલવાની કળા સિદ્ધ થયેલ ગણાય.
મૂંગા મનુષ્યના મૌનમાં પરતંત્રતા રહેલી છે, એની પાછળ
કોઈ શુભ હેતુ અને સંયમનો કોઈ પ્રયત્ન પણ નથી.

સાધકના મૌનમાં
દૈવી સંપત્તિના આવિર્ભાવ માટેનો ઉદાત્ત સંકલ્પ છે.
સંકલ્પ એ માનસિક સુદૃઢ પ્રયત્નરૂપ માનસિક ક્રિયા છે.

મનઃ પ્રસાદઃ સૌમ્યત્વં મૌનમાત્મવિનિગ્રહઃ ।
ભાવસંશુદ્ધિરિત્યેતત્તપો માનસ મુચ્યતે ॥

અર્થાત્: મનની પ્રસન્નતા, સૌમ્યતા, વાણીનો સંયમ,
મનોનિગ્રહ અને અંતઃકરણની શુદ્ધિ -
આ પાંચ માનસિક તપના પ્રકારો છે.

વચન એ silver છે, તો મૌન એ gold છે.
વચનનો સંયમ પાળનારને વાક્સિદ્ધિ મળે છે.
આંખ અને કાન બે છે, તેમ
દરેક વાતને બે વખત જોવી - સાંભળવી જોઈએ પણ
જીભ એક છે, માટે એક જ વાર બોલવું જોઈએ.
હાથ - પગ લાંબા છે, જીભ ટૂંકી છે, માટે
હાથ-પગનો ઉપયોગ વધુ કરવાનો છે પણ જીભનો થોડો.
અધિક બોલવું અને નિરર્થક બોલવું -
તે વચનનો દુરુપયોગ છે, અસંયમ છે.
વચનનો સંયમ મુશ્કેલ છે, તેટલો જ લાભદાયક વધુ છે.
ઓછામાં ઓછું બોલવું એ વચનનું તપ છે.
વચનમાં અસત્ય અને ક્રોધ કે કટુતાને
કદાપિ સ્થાન ના મળવું જોઈએ.
તે માટે વિચારો ઊંચા અને સારા કરવા જોઈએ.
વાચન - મનન મનુષ્યનો માનસિક ખોરાક છે.
શારીરિક ખોરાક પોતે જ ખાઈ શકે છે,
માનસિક ખોરાક બીજાને પણ આપી શકાય છે.
મન અને વચન પરસ્પર એટલાં નિકટ છે કે
એક વિના બીજાની હસ્તી નથી.

મન નિર્મળ અને પવિત્ર બને, તો
વિવેક અને સત્યયુક્ત વાણી આપોઆપ બને.

An angry man
opens his mouth and shuts his eyes.

મનુષ્યે આંખો ખુલ્લી અને મુખ બંધ રાખવું જોઈએ.
યોગ્ય સમય ઉપર જ મુખ ખૂલવું જોઈએ.

મનરૂપી ભંડારમાં વાણીરૂપી લક્ષ્મી રહેલી છે, તેથી
તેનો જરૂર પૂરતો ઉપયોગ કરી દુરુપયોગથી બચવું જોઈએ.

વાણીનો સંયમ જ્ઞાનતંતુને મજબૂત બનાવે છે,
સ્મરણશક્તિ અને આયુષ્યને વધારે છે.

મનનું મૌન ઊંચી પંક્તિએ પહોંચેલા પુરુષો જ કરી શકે છે,
વાણીનું મૌન પ્રમાણમાં સુલભ છે.

મનુષ્ય માત્ર દોષપાત્ર છે, આગળ વધવું હોય તેણે
અવગુણો પોતાના જોવાં અને ગુણો પરના ગ્રહણ કરવાં.

ઉપવાસ એ મનોબળને વિકસાવનાર છે.

મનોબળ અને આત્મબળ પરસ્પર સંકળાયેલાં છે.

કીડી અને કરોળિયા જેવા ક્ષુદ્ર જંતુઓ પણ
ખંત અને ઉત્સાહથી પોતાના કાર્યોને પાર ઉતારે છે.

સૂર્યને રવિવારની રજા હોતી નથી.

નિન્દા એ વચનનું મોટામાં મોટું પાપ છે.
નિંદા સાંભળવા તે પણ પાપ છે અને
સત્પ્રશંસા એ વચનનું મોટામાં મોટું તપ છે.
આધિભૌતિક વચન વર્તનાત્મક છે,
આધ્યાત્મિક વચન વિચારાત્મક છે તથા
આધિદૈવિક વચન ભાવાત્મક છે.
નિંદા કરવા તે મુખથી રાખ, માટી કે મેલું ખાવા બરાબર છે.
મન - વચન - કાયા ત્રણે વડે તેને તજવા જોઈએ.
ત્રણ વાર તાળું ખોલીને બંધ કરે છે,
તે ત્રણ યોગથી પાપ ન કરવાની પ્રતિજ્ઞા ગણાય છે.
'एकः शब्दः सम्यग् ज्ञातः सुष्ठु प्रयुक्तः
स्वर्गलोके च कामधुक् भवति ।' श्रुतिः
સારી રીતે જાણેલો એક શબ્દ સ્વર્ગલોકમાં અને
આ લોકમાં પણ ઈચ્છિતને આપનાર થાય છે.
V.V. Imp. 'ગો' એટલે વચનની ઉપાસના.
એ જ ગોમાતાની સાચી ભક્તિ છે.
અસત્ય - અસભ્ય વચન બોલવા તે ગોહત્યા છે,
કસાઈનું કાર્ય છે, વચન ઉપર અત્યાચાર છે.
કોઈનું દિલ દુભાય - હૃદયને આઘાત થાય તેવું બોલવું,
તે વચનના કસાઈ થવા બરાબર છે.

ઉદાસીનતામાં સત્ય અને પક્ષ ઘવાય છે,
માત્ર નિરપક્ષ રહે છે.

ચાળણીએ સોયની મશ્કરી કરી કે 'તારા માથામાં કાણું છે.'
ઊંટે શિયાળને કહ્યું:
'પોપટની ચાંચ, હાથીની સૂંઢ, શ્વાનનું પૂછડું વાંકું છે.'
બધા એક અંગે વાંકા છે, પરંતુ ઊંટને તો અઢારે વાંકા છે,
માટે ગુણાનુરાગી બનવું.

દોષ પીતળના જોવા, ગુણ સોનાના જોવા.
દોષ જોવા માટે તર્જનીને સોના તરફ નહિ પણ પીતળના
તરફ વાળવી, ગુણ જોવા માટે તર્જનીને સોના તરફ તાકવી.

'શબ્દ એ બ્રહ્મનું રૂપ છે' એમ ભર્તૃહરિ કહે છે.
આખે કે દૃશ્ય જગત શબ્દનું જ પરિણામ છે.
અંધકારમાં રજ્જુના સ્થાને જેમ સર્પ દેખાય છે,
તેમ વાણીના સ્થાને જગત દેખાય છે. પરાવાક્ એક છે,
તેનો ઉત્તરોત્તર વિકાસ પશ્યંતી, મધ્યમા અને વૈખરી છે.

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते ।
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति ॥१॥ ભવભૂતિઃ
સાધારણ મનુષ્યોની વાણી અર્થને અનુસરે છે,
ઋષિ અને તપસ્વીઓની વાણીને અર્થ અનુસરે છે.

સત્યયુક્ત વચનો બોલવા એ મોટી તપશ્ચર્યા છે.
બાવળ, બોરડી, ગુલાબ અને થોરના કાંટા હોય છે.
ઘડિયાળનો, ઘંટડીનો, તોલવાનો, દુશ્મનનો, પ્રેમનો,
ખાવાનો, ન્યાયનો – એમ અનેક પ્રકારના કાંટા હોય છે.
'બોલે તે બંધાય.'
બહુ બોલનારો ક્યાંને ક્યાં અટવાઈ જાય છે.
0 'જિન' એટલે રાગ – દ્વેષને જીતનાર,
તેમણે પ્રતિપાદન કરેલો ધર્મ તે જૈન ધર્મ.
જૈન આચારનું ધ્યેય મુક્તિ છે.
કષાયવૃત્તિથી કર્મરજ આવે છે.
સકષાય પ્રવૃત્તિ એ બંધન – અકષાય પ્રવૃત્તિ તે મોક્ષ.
કષાયનું મૂળ અજ્ઞાન અને મિથ્યાત્વ.
અજ્ઞાન જ્ઞાનથી – વિપરીતજ્ઞાન સમ્યગ્દર્શનથી દૂર થાય.
સમ્યગ્દર્શન વડે આચાર શુદ્ધિ – નિષ્કષાય બને છે.
તર્કયુક્ત નયપ્રમાણો વડે શુદ્ધ વિચારણા થાય,
શુદ્ધ વિચારણા વડે વિવેક, વિવેકબુદ્ધિ વડે સમ્યગ્જ્ઞાન
અને સમ્યગ્જ્ઞાનનું ફળ સદાચાર છે.
અનિષ્ટ વિષયોમાંથી નિવૃત્તિ અને ઇષ્ટ વિષયોમાં પ્રવૃત્તિ
ઇષ્ટાનિષ્ટ સાધનતાના જ્ઞાનમાંથી થાય છે.

જે જે કાર્યો આત્માને કર્મબંધન થાય,
તે તે કાર્યો વિરમવું - અટકવું, એજ સદાચાર.
તે વિરમણવૃત્તિને 'વિરતિ' કહે છે.

(૨૦) <u>જૈનદર્શનમાં અહિંસા, સંયમ અને તપ</u>

જૈનદર્શનમાં વ્રતોનું વિધાન જે સૂક્ષ્મતાથી અને એનું
પાલન જે તીવ્રતા - ચીવટાઈથી થાય છે, તે અન્યત્ર નથી.
અહિંસા વ્રત સમગ્ર વિશ્વમાં રહેલા
નાના - મોટા સર્વ જીવો તરફ પ્રેમભાવ રાખવા પ્રેરે છે.
ક્ષમાગુણના હાર્દમાં પ્રેમની પરાકાષ્ઠા,
લઘુતાગુણનો વિસ્તાર અને ઔદાર્યની ઉચ્ચ ભાવના છે.
'અહિંસા' એટલે વિશ્વપ્રેમ.
વિશ્વપ્રેમ એજ પરમધર્મ છે, જૈનધર્મનો તે પાયો છે.
વિશ્વપ્રેમના પાયા ઉપર ક્રોધ-માન-માયા-લોભાદિકોનું
જયન જવા શકાય છે અને સદાચારના અંગરૂપ સત્ય,
અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું આચરણ થઈ શકે છે.
મનને પ્રભુસ્મરણમાં એકાગ્રતાથી જોડવું અને
અન્ય વિચારોને તિલાંજલિ આપવા તે માનસિક તપ છે.
જે તપ જેટલું કઠિન - તેટલું વધુ મંગળકારી,
જેમ કે : આયંબિલનો તપ.

તપ કરવાથી મનનું અને આત્માનું બળ કેળવાય છે.

મનોબળ = will power.

આત્મબળ = Soul power.

તેથી કર્મમળ બાળવા માટે તપને અગ્નિની ઉપમા છે.

જે આત્મામાં અનંત શક્તિઓ છે,

તે તપથી પ્રગટ થાય છે.

બાહ્યતપ એ આંખે જોઈ શકાય તેવું અને

અભ્યંતર તપ મનથી થઈ શકે તેવું હોય છે.

ઈચ્છાઓનો ત્યાગ તે ઉત્કૃષ્ટ તપ છે.

તપ એ સંયમરૂપી લક્ષ્મીનું વશીકરણ છે.

'સંયમ' એટલે મન - ઇંદ્રિયનો નિગ્રહ.

સાચા તપની સામે શત્રુતા ટકી શકતી નથી.

તપ મનના તાપને શમાવે - શાંતિનું સામ્રાજ્ય સ્થાપે છે.

'તપ' એટલો વિશાળ શબ્દ છે કે

તેમાં દેહ, વચન અને મન ઉપર

સંયમ મેળવવાનાં બધાં સાધનો સમાઈ જાય છે.

અહિંસા એ ધર્મમંદિરનો પાયો,

સંયમ એ ધર્મમંદિરની દિવાલ અને

તપ એ ધર્મમંદિરનું શિખર છે.

અહિંસાદિ ધર્મ આચરણનો પ્રારંભ,
સંયમાદિ ધર્મ આચરણની વૃદ્ધિ અને
તપાદિ ધર્મ આચરણની પૂર્ણતા થાય છે.
તપના પ્રભાવે અસ્થિર સ્થિર, વક્ર સરલ અને
દુર્લભ સુલભ બને છે.
તપાદિ બહુ પ્રયત્ને સધાય, તે સરલતાથી સાધી શકાય છે.

V. Imp. દિવાળી તથા નૂતન વર્ષાભિનંદન એટલે ?
દિવાળીને દિવસે નવા ચોપડા લખવા અર્થાત્
કરજદારોને ઋણમુક્ત કરવા.
દિવાળીને દિવસે દિવા પ્રગટાવવા અર્થાત્ દીપક વડે
જ્ઞાનપ્રકાશ પ્રગટાવવા માટે વિદ્યાર્થીઓને સહાય કરવી.
આંધળાને આંખ આપવા કરતાં પણ
અજ્ઞાનીને જ્ઞાન આપવાનું કાર્ય વધુ પુણ્યનું કાર્ય છે.
પ્રકાશ માટે કોઈ સૂર્યને પૂજે છે, કોઈ ચંદ્રને કે કોઈ
અગ્નિને પૂજે છે, પ્રકાશની તે ઉપાસના છે. દિવાળીમાં
ઘરને રંગવાની સાથે હૃદયને દયા - પ્રેમ - મૈત્ર્યાદિ રંગવું,
મિષ્ટાન્ન ભોજનની સાથે મધુર વચનોનું ભોજન કરાવવું,
વસ્ત્રાભૂષણના સ્થાને શીલ, સંતોષ, સેવાના ભૂષણો સજવા
જોઈએ તથા તે સર્વ વડે આત્માને શોભાવવો જોઈએ.

દિવાળીમાં ઘરઑફિસનો કચરો સાફ કરવો જોઈએ,
ઈર્ષા - અદેખાઈના જાળાં સ્વચ્છ કરવા જોઈએ તથા
બાહ્ય ગંદકીની સાથે અંદરની એટલે કે
વિષય - કષાયની ગંદકી પણ સાફ કરવી જોઈએ.
ગંદકીનો નાશ તે નરકાસુરનો નાશ છે.
લક્ષ્મીનું પૂજન લક્ષ્મીના સદુપયોગથી કરવું જોઈએ.
નવ પ્રકારના પુણ્યની લક્ષ્મી વધારવી જોઈએ.
સ્વપરની વિદ્યાપ્રાપ્તિમાં સહાયક થવું,
તે સાચું શારદાપૂજન છે.
શાંતિરૂપી સીતાનું હરણ લોભરૂપી રાવણે કર્યું છે,
તેથી
આત્મારૂપી રામ વડે લોભરૂપી રાવણનો નાશ કરી
શાંતિરૂપી સીતા પરત મેળવવાની છે.
દિવાળીના દિવસે મોહાંધકારનો નાશ કરી
ગણધર શ્રી ગૌતમસ્વામીની જેમ
જ્ઞાનનો પ્રકાશ મેળવવો જોઈએ.
વીતરાગ ભગવાનની દેશના વડે
મોહાંધકારનો નાશ કરવા માટે
જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત થાય છે.

સોઽયં દીપોઽર્ચિષાં યદ્વત્ સ્રોતસાં તદિદં જલમ્ ।
સોઽયં પુમાનિતિ નૃણાં મૃષાગીર્ ધીર્ મૃષાયુષામ્ ॥૧॥

-શ્રીમદ્ ભાગવત

અકૃતિ: ભાસ તો એવો થાય છે કે એનો એજ દીવો બળી રહ્યો છે પણ જ્યોત નવી - નવી હોય છે.

જૂનાં તેલ અને વાટ ખતમ થયાં,
નવું તેલ અને નવી વાટ બળી રહી છે.
ગંગા નદી વહી રહી છે,
પુરાણું પાણી ગયું અને નવું પાણી આવી રહ્યું છે,
જો કે એમ એજ પાણી છે એવો ભાસ થાય છે,
તેમ મનુષ્યનો પ્રવાહ વહી રહ્યો છે,
છતાં ભાસ થાય છે કે એનો એ મનુષ્ય જ છે,
પરન્તુ મનુષ્ય પ્રતિક્ષણ બદલાતો રહે છે.

માટે જ નૂતનવર્ષે જેણે અશુભ કર્મોનો નાશ કરવો હોય, તેણે અશુભભાવો અને તેને ઉત્પન્ન કરનાર અશુભ દ્રવ્ય, ક્ષેત્ર, કાળથી દૂર રહેવું જોઈએ. શુભભાવો વડે અશુભભાવોનો અને તે વડે અશુભકર્મોનો નાશ થાય.

શુભભાવો ઉત્પન્ન કરવા માટે
શુભ દ્રવ્ય - ક્ષેત્ર - કાળની સામગ્રીનું સેવન જરૂરી છે.

ध्यान એટલે...

દીર્ઘકાળનો સદ્ભાવપૂર્વક સેવાયેલો નિરન્તર અભ્યાસ.
ધ્યાનથી કેવળ એકાગ્રતા કે કેન્દ્રિતતા પ્રગટે તે બસ નથી,
સાથે તટસ્થતા, સમતા, પ્રસન્નતાદિ પણ પ્રગટવાં જોઈએ.
ધ્યાનથી મૌન અને મૌનથી શક્તિ વધે છે.
'मौन रखने से शक्ति बढ़ जायेगी ।'
ધ્યાન જ્યારે માત્ર મનની વૃત્તિઓ જ ધાય,
ત્યારે તે 'નિરાલંબન ધ્યાન' કહેવાય છે.
વિચારો એ એક પ્રકારની વસ્તુઓ છે અને
ભાવના એ વિચારોનું ઘનસ્વરૂપ છે.
વિચારથી વૃત્તિ, વૃત્તિથી પ્રવૃત્તિ અને
પ્રવૃત્તિથી પરિણામ નિપજે છે.
વિચાર પરિવર્તનથી વૃત્તિનું - વૃત્તિથી પ્રવૃત્તિનું
અને પરિણામે ફળમાં પરિવર્તન આવે છે.
વિચારથી વલણ તથા વલણથી વર્તન પલટાય છે.
વિચાર - બોધ, વલણ - વૃત્તિ, વર્તન - પ્રવૃત્તિ.

નાદ - કલા - બિંદુરૂપ ધ્યાન

नादोऽर्हन्तः कलासिद्धाः सान्ताः सूरिः स्वरोऽपरे ।
बिन्दुः साधरितः पंच परमेष्ठिमहस्त्वसौ । (પરિશિષ્ટ-૭)

લોકનું પાલન - રક્ષણ કરનાર લોકપાલ ૪ છે.
સોમ, યમ, વરુણ અને વૈશ્રવણ (કુબેર).
તેઓ ઇંદ્રના સામ્રાજ્યની ચાર દિશાનું રક્ષણ કરે છે.
આકાશમાં અનેક ગ્રહો છે, તેમાં નવ જે મુખ્ય છે, તે
મનુષ્યના જીવન ઉપર વિશિષ્ટ પ્રભાવ પાડનારા છે.
તે ગ્રહો જો શુભ હોય તો સુખ - શાંતિનો અનુભવ થાય,
ગ્રહો જો અશુભ હોય તો વિટંબણાઓ
ભોગવવા પડે અને તેથી જીવન ત્રાસરૂપ થઈ પડે છે.
દશ દિક્પાલથી સુરક્ષિત હોવાથી
કોઈપણ દિશાઓથી ભય ઉપસ્થિત થતો નથી.
ભય નથી ત્યાં ભક્તિ નથી,
ભક્તિ નથી ત્યાં શક્તિ નથી, શક્તિ નથી ત્યાં સિદ્ધિ નથી.

वर्णान्तः श्री पार्श्व जिनो रेफस्तद्योगतः स धरणेन्द्रः ।
तुर्यस्वरः स बिन्दुः स भवेत् पद्मावती संज्ञः ॥१॥
(પરિશિષ્ટ-૮)

ૐ એ સેતુ અને નમઃ એ પલ્લવ છે.
હ્રીંકાર એ મંત્ર છે. મુખ્ય મંત્રાક્ષર જ હ્રીંકાર છે.
મંત્રના અભેદ ચિન્તનથી મંત્રાર્થની પ્રાપ્તિ અને
મંત્રાર્થની પ્રાપ્તિથી મંત્રચૈતન્ય પ્રકટ થાય છે.

માયા, મહામાયા, શક્તિ - અધિષ્ઠાન છે.

મંત્રશાસ્ત્રમાં સંયુક્તાક્ષરને એકાક્ષર ગણવાનો રિવાજ છે.

મંત્ર, મંત્રદેવતા અને મંત્રદાતા ત્રણેનું સરખું મહત્ત્વ છે.

આત્મબીજ = આત્મશક્તિનો વિકાસ કરનારું બીજ.

० 'પરમેષ્ઠિ' શબ્દ

પરમાત્મા અને પરબ્રહ્મ અર્થમાં પણ વપરાય છે.

ह्रीमिति सर्वशक्ति - सर्वाधिष्ठानबोधकम् ।

હ્રીંકાર એ સર્વશક્તિમાન અને

સર્વમાં બિરાજમાન બ્રહ્મનો બોધક છે.

सत्संगत्वे निःसंगत्वम् निःसंगत्वे निर्मोहत्वम् ।
निर्मोहत्वे निश्चलचित्तम् निश्चलचित्ते जीवन्मुक्तः ॥

० (પરિશિષ્ટ-૯)

નમઃ શિવાય = પંચાક્ષરી વિદ્યા

સચ્ચિદાનન્દ = The abode of શિવ ।

ૐ = Pure consciousness.

| | | | | |
|---|---|---|---|---|
| ન | = | Two feet | ○ ○ | ન |
| મઃ | = | Stomach | ○ | મઃ |
| શિ | = | Two shoulder | ○ ○ | શિ |
| વા | = | Mouth | ○ | વા |
| ય | = | Two eyes | ○ ○ | ય |

१. शांतिके ह्रीँ स्वाहा ।
२. पौष्टिके ह्रीँ स्वधा । ३. वश्ये ह्रीँ वषट् ।
४ आकर्षणे ह्रीँ वौषट् ।
५. स्तंभने ह्रीँ ठः ठः । ६. विद्वेषे ह्रीँ ह्रीँ ।
७. उच्चाटने ह्रीँ फट् स्वाहा ।
८. मारणे ह्रीँ घे घे । ९. गारुडे ह्रीँ हंसः ।

जीवनम् - रहस्यम् ।

मायाबीजं लक्ष्यं परमेष्ठि - जिनालि - रत्नरूपं यः ।
ध्यायत्यन्तर्वीरं स श्री गौतमः सुधर्मा च ॥

ભાવાર્થ: ह्रीँ મંત્રાક્ષરમાં ૨૪ પરમાત્માને રત્નરૂપે સ્થાપીને, મધ્યમાં શ્રી વીરપ્રભુનું જે ધ્યાન કરી શકે, તે શ્રી ગૌતમસ્વામી કે શ્રી સુધર્માસ્વામી જેવો બની શકે.

०

त्रैलोक्यवर्तिजैनानां बिम्बैर्दृष्टैस्तुतैर्नतैः ।
यत्फलं तत्फलं बीजस्मृतावेतन्महद् रहः ॥१॥
अष्टमासान् स्मरेत् प्रातर्बीजमेतच्छतादिकम् ।
स पश्यत्यार्हतं बिंबं षण्मासान्तर्भव सिद्धये ॥२॥
सम्यग्दृशो विनीताय ब्रह्मव्रतभृते इदम् ।
देयं मिथ्यादृशो नैवं जिनाशातना दूषणम् ॥३॥

(પરિશિષ્ટ-૧૦)

(૨૯) શબ્દમાં સુરતા પરોવવી.

શ્રુતોપયોગને ભાવસંવર અને
બહુનિર્જરાદિ ગુણવાળો માનવો.
શ્રુતોપયોગ એ આત્મસમાપત્તિરૂપ છે.
'શ્રુતોપયોગ બહુ મહત્ત્વનો છે'
તે વાક્યનો હેતુ એ છે કે શ્રુત દ્વારા
શ્રુતને કહેનારા વીતરાગ પુરુષોમાં સુરતા પરોવાય છે.
દા.ત. સર્વ શ્રુતનો સાર નવકાર છે. એ નવકારરૂપી
સારભૂત શ્રુતમાં જ્યારે સુરતા - ઉપયોગ પરોવાય છે,
ત્યારે તે દ્વારા શ્રુતને કહેનારા
સર્વજ્ઞ પુરુષોમાં ચિત્તવૃત્તિ જોડાય છે.
'સર્વજ્ઞતત્ત્વ એ આત્મતત્ત્વ છે' એટલે
આત્મામાં ઉપયોગનું જોડાવું થાય છે.
નવકાર દ્વારા સર્વજ્ઞ - સર્વદર્શી શુદ્ધ આત્મતત્ત્વને
નમસ્કાર થાય છે, તે objective side છે.
નવકારની subjective side પણ છે અને તે
શ્રુત દ્વારા શ્રુતને પ્રકાશિત કરનાર
સર્વજ્ઞ પુરુષોમાં ચિત્તવૃત્તિનું પરોવાવું થાય છે, તે છે.
નવકારમાં નમનીય નમસ્કાર્ય અને ધ્યાનીય આત્મતત્ત્વ

બંને શુદ્ધ સ્વરૂપી હોય તો તેમાં ચિત્તવૃત્તિનો
ઉપયોગ તે સંવર અને નિર્જરાનો હેતુ બને છે.
શ્રુતોપયોગ એ સોયમાં દોરો પરોવવાની ક્રિયારૂપ છે.
અહીં સોય તે આત્મા છે, દોરો તે શ્રુત છે અને
તેમાં ઉપયોગ તે સોયમાં દોરો પરોવવાની ક્રિયારૂપ છે.
એકાગ્ર ઉપયોગ વડે તે કાર્ય સિદ્ધ થાય છે.

'શ્રુત' શબ્દ શ્રુતજ્ઞાન વાચક છે અને
જ્યાં જ્ઞાન હોય ત્યાં જ્ઞાતા અને જ્ઞેય પણ હોય જ છે.
જ્ઞાતા શ્રુતોપયોગવંત જીવ છે અને
જ્ઞેય શ્રુતપ્રકાશ્ય શુદ્ધાત્મ તત્ત્વ છે.
શુદ્ધાત્મ તત્ત્વને વિષે ઉપયોગ,
તે સર્વ સિદ્ધિનું કારણ છે, તે જ સમાપત્તિ છે.
નિર્વાણફલપ્રદા યોગમાતાની ઉપમા તેને ઘટે છે.
'શ્રુત' શબ્દ વડે કહેનારનો બોધ થાય છે
અને સાંભળનારની પણ ઉપસ્થિતિ થાય છે તથા
કથનીય તત્ત્વ તરફ પણ વૃત્તિ ખેંચાય છે.
શ્રુતના કહેનાર આદ્ય પુરુષ સર્વજ્ઞ - સર્વદર્શી છે.
શ્રુતને સાંભળનાર સર્વજ્ઞતાનો અર્થી ભવ્યાત્મા છે અને
શ્રુત વડે કથનીય તત્ત્વ સાક્ષાત્ યા પરંપરાએ
શુદ્ધ આત્મતત્ત્વ છે.

## શ્રુત એટલે શું છે?

શ્રુત એટલે manifested knowledge of the
omniscient souls છે.
સર્વજ્ઞનું જ્ઞાન શબ્દો વડે અભિવ્યક્ત થયેલું છે.
શબ્દ એ સૂત્ર છે,
તેમાં પરોવાયેલ આત્મા તે સોય છે
અને તેને વિષે ઉપયોગ તે સોયની આરપાર
હીરાની - મોતીની અનુભૂતિ કરનાર મનોવ્યાપાર છે.
નવકારરૂપી શ્રુતમાં ઉપયોગ તે
શબ્દમાં સુરતાને પરોવવાની ક્રિયા છે.
'શબ્દ' એટલે
શ્રુત દ્વારા કથક અને કથનીય શુદ્ધ આત્મતત્ત્વ છે,
તેને વિષે મનનું વિલીનીકરણ તે સુરત શબ્દયોગ છે,
તેને જ 'મંત્રયોગ' કહેવાય છે.
શબ્દના મનન વડે આત્માનું ત્રાણ થાય,
માટે તે મંત્ર છે.

o

ઈર્ષ્યા એ લઘુતાગ્રન્થિનો એકરાર છે.
The greatest room in this world is
the room for improvement of self.

(૨૨) ૐકાર પરમાત્મવાચક છે તથા
નમસ્કાર તત્પરિણતિ વાચક છે.
પરમાત્માકાર આત્માનું પરિણમન તે નમસ્કાર છે.
પરમાત્માના પાંચ સ્વરૂપ છે:
અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.
એ પંચ પરમેષ્ઠિ પરમાત્મસ્વરૂપ છે.
પરમાત્મા સાધુ તો છે જ, તદુપરાંત
ઉપાધ્યાય, આચાર્ય, સિદ્ધ અને અરિહંત સ્વરૂપે પણ છે.
ૐકાર પરમાત્મવાચક છે, નમસ્કાર અંતરાત્મવાચક છે.
નમસ્કાર ભાવમાં રહીને ૐકાર ભાવમાં પરિણત થવું,
આત્માનું પરમાત્માકારે ભાવવું, તે નમસ્કાર પદાર્થ છે.
નમસ્કારમાં બહિરાત્મભાવનો ત્યાગ છે,
અંતરાત્મભાવનો સ્વીકાર છે અને
અંતરાત્મભાવમાં સ્થિર થઈને પરમાત્મભાવમાં નિમજ્જન છે.
દ્રવ્યરૂપે જીવાત્મા પોતે જ પરમાત્મા છે,
એવું ભાન નમસ્કાર વડે થાય છે.
નમસ્કારભાવમાં બહિરાત્મભાવનો ત્યાગ,
અંતરાત્મભાવનો અંગીકાર અને
પરમાત્મભાવમાં અંતરાત્માનું સ્થાપન સમાઈ જાય છે,

તેથી નમસ્કાર શ્રુત સર્વ શ્રુતમાં શિરોમણિભૂત મનાય છે.

તેમાં અંતરાત્મભાવનું

પરમાત્મભાવમાં સીધું વિલીનીકરણ છે. કહ્યું છે કે:

બહિરાતમ તજી અંતરાતમા, રૂપ થઈ થિરભાવ, જિનેસર

પરમાતમનું હો આતમ ભાવવું, આતમઅરપણ દાવ, જિનેસર.

बाह्यात्मानमपास्य प्रसत्तिभाजाऽन्तरात्मना योगी ।

सततं परमात्मानमनुचिन्तयेत्तन्मयत्वाय ॥(परिशिष्ट-११)

(23) अरिहंत सिद्ध आयरिय उवज्झाय साहु

એ પંચ પરમેષ્ઠિના શરણ દ્વારા

આત્માનું શરણ ઈચ્છવા યોગ્ય છે.

ભેદ દ્વારા અભેદ, આલંબન દ્વારા નિરાલંબન,

સ્થૂલ દ્વારા સૂક્ષ્મમાં જવું - એ ક્રમ છે.

અરિહંતાદિ પરમેષ્ઠિ ભગવંતનું આલંબન

એ નિરાલંબનમાં જવાનો માર્ગ છે. નિરાલંબન અર્થાત્

કેવળ આત્માનું આલંબન આત્મા લઈ શકતો નથી.

'નિરાલંબન' અર્થાત્ આત્માલંબન એ સાધ્ય છે,

તેનું સાધન આલંબન છે.

અરિહંતાદિ એ પુષ્ટાલંબન છે, કેમકે તેમાં

આત્માલંબન સુધી પહોંચેલા પરમ પુરુષોનું આલંબન છે.

તે આલંબન નિરાલંબન સુધી પહોંચેલ હોવાથી આલંબન
લેનારને આલંબન દ્વારા નિરાલંબન સુધી પહોંચાડે છે.
તે આલંબન લેતાં જ નિરાલંબન સુધી પહોંચી જવાય.

પોતે ઉત્કૃષ્ટ સુધી પહોંચેલા હોવાથી તેમનું
લક્ષ્ય લેતાંની સાથે જ ઉત્કૃષ્ટ સુધી પહોંચી જવાય છે.
પોતે સૂક્ષ્મ સુધી ગયેલા હોવાથી તેમની તરફ જોતાંની
સાથે જ સૂક્ષ્મ ધ્યાનમાં આવી જાય છે.

એ રીતે ઉત્કૃષ્ટ સૂક્ષ્મ અને નિરાલંબન
એવા આત્મા સુધી પહોંચવા માટે
લક્ષ્ય, સ્થૂલ અને સાલંબન એવા પહેલું
આલંબન લેવું એ ગઢકીલ્લાની master key છે,
જેમ ચાવી વિના તાળું લાખો ઉપાયે પણ ખુલી શકતું નથી,
તેમ ઉત્કૃષ્ટ અને સૂક્ષ્મ એવા આત્મતત્ત્વ સુધી
પહોંચાડનાર એવા પુષ્ટાલંબન વિના
ધ્યેય પર્યંત પહોંચવું અશક્ય છે, એમ સમગ્ર
ધ્યેયપર્યંત પહોંચેલા પરમેષ્ઠિઓનો નમસ્કાર વિદિત છે.

અરિહંતના નમસ્કારમાં સિદ્ધિ, સિદ્ધિનો માર્ગ,
સિદ્ધિમાર્ગના સાધક અને એ સાધનાને નહિ પામેલા
સમગ્ર જીવલોકનું ગ્રહણ થઈ જાય છે.

સિદ્ધના નમસ્કારમાં અરિહંત અને જીવલોક,

આચાર્યના નમસ્કારમાં

આચાર્ય - સિદ્ધ - અરિહંત અને જીવલોક,

ઉપાધ્યાયના નમસ્કારમાં

આચાર્ય - સિદ્ધ - અરિહંત અને જીવલોક તથા સાધુના નમસ્કારમાં ઉપાધ્યાય - આચાર્ય - સિદ્ધ - અરિહંત અને મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્યના વિષયભૂત સર્વ જીવલોકનું ગ્રહણ થાય. પાંચેને કરેલા નમસ્કારમાં પાંચ પરમેષ્ઠિ અને સમગ્ર જીવલોકનું ગ્રહણ થાય છે.

એ ગ્રહણ સર્વ પાપપ્રણાશક અને સર્વ પ્રકારના મંગળોમાં સર્વશ્રેષ્ઠ મંગળરૂપ બનીને નમસ્કાર કરનારનું કલ્યાણ કરે છે.

નવકારમાં નમસ્કાર, નમસ્કાર્ય, નમસ્કાર કર્તા અને ચૈતન્ય પરસામાન્ય, અપરસામાન્ય, વિશિષ્ટ ચૈતન્ય અને શુદ્ધ ચૈતન્યનું ગ્રહણ થાય છે.

ચૈતન્ય એ પ્રકાશરૂપ અને આનંદરૂપ છે.

તે અજ્ઞાનાંધકારનાશક તથા સર્વ દુઃખ - શોકવિનાશક છે. માટે જો પાપ અને દુઃખ - એ બંનેને કાપવા હશે, તો નવકાર સ્મરણાદિ એ ભાર ત્રણે પ્રકારે ઉતરી જાય:

પાપનો ભાર દુષ્કૃતગર્હાથી,
દુઃખદીનતાનો ભાર સુકૃતાનુમોદનથી અને
આત્મવિસ્મૃતિનો ભાર આત્મસ્મરણથી ઉતરી જાય છે,
તેથી જીવ પાપના ભારથી હલકો બને છે,
દુઃખના પ્રાગ્ભારથી ગૌરવાન્વિત થાય છે અને
શરણનું શરણ્ય પામવાથી નિર્ભય - નિશ્ચિંત બને છે.

(૨૪) Sense of guilt એટલે કે
ગુનેગાર હોવાની વૃત્તિ સારી કે ખોટી ?

આજે મનોવિજ્ઞાન સામે પણ આ પાપવૃત્તિનો પ્રશ્ન વારંવાર આવે છે, કિન્તુ એનો ઉત્તર એ છે કે:
એક બાજુ 'પાપોઽહં |' તથા 'પાપકર્માઽહમ્ |'
જેવા વિચારો મુકાયા છે અને બીજી બાજુ
'તું બ્રહ્મ છે: 'તત્ત્વમસિ |' એવા વિચારો મુકાયા છે.
'બ્રહ્મ' તરીકેનું સંબોધન મુકાયાથી મનુષ્ય પોતે પોતાના પાપ - દુઃખનો પણ સાક્ષી થઈ જાય છે.
જ્યાં સુધી મનુષ્ય પોતાના પાપ - દુઃખ સાથે એકરૂપ હોય, ત્યાં સુધી એ પાપને કે દુઃખને ન ધોઈ શકે.
'દુઃખ ભરવાથી પાપને હણવા શકાય'
એવો પણ કેટલાકનો ખ્યાલ છે, પરન્તુ

તો મારે આકારરૂપેણ - આકારરૂપ પણ થવું પડશે, એટલે
જે એકલું 'પાપોઽહં !' કહેશે એ પાપમુક્ત નહિ થઈ શકે.
'હું પાપ અને પુદ્ગલ - ઉપાધિથી અલગ છું' એમ કહ્યે
તો પાપ - પુદ્ગલ દુરસ્ત થઈ શકે છે, નહીંતર નહિ.
એમ થવું જોઈએ કે: 'મનથી - ઇંદ્રિયોથી તથા દેહથી
પાપ થાય છે, પરન્તુ હું તો એ બધાથી વેગળો છું.'

'હું પાપી છું' એમ જે કહેતો રહેશે,
તે પાપને કેવી રીતે તોડી શકશે ?
પાપનું Location - સ્થાન શોધવું જોઈએ.
તે મનમાં - બુદ્ધિમાં અથવા ઇંદ્રિયોમાં:
તે પૈકી કઈ જગ્યાએ છે, તે શોધવું જોઈએ.

જો મનમાં ન હોય અને ઇંદ્રિયોમાં હોય, તો એની
ટેવો છોડવી પડશે. જો કાંઈ વિચારવામાં જ ભૂલ
થતી હોય, તો પછી આપણી બુદ્ધિને સુધારવી પડશે.
એકવાર સ્થાન નક્કી થયા પછી ઉપચાર થઈ શકશે.

Original Sin પણ હોઈ શકે છે.

તેનો ઉપાય અને ઉપચાર પાપ - પુદ્ગલથી પર એવા
આત્મસ્વરૂપની શુદ્ધ અસ્તિત્વનો વિચાર મુખ્ય છે.

o

Conversation of Vinoba & Umashankar

(૨૫) પ્રભુ સર્વવ્યાપક છે, સુંદર - વાહ હરિ છે.
આ કેવળ ભાવના નહિ, કિન્તુ વૈજ્ઞાનિક સત્ય છે.
જગત સુંદર છે, સુંદરનું છે, સુંદર માટે છે પણ
આ વાત મોહ અને આસક્તિ ઉત્પન્ન કરે,
માટે તત્ત્વવેત્તાઓએ વિરક્તિને આગળ કરી છે.
આસક્તિ અને ખેંચાણ ન રહે,
તે ખાતર જગત અને શરીરની કુરૂપતા વર્ણવી છે.
ખેંચાણ ન રહે તે માટે નિર્ભર્ત્સના કરી છે.
બાકી સંસારમાં ક્યાંય અહંતા - મમતા કરવાની નહિ.
અહંતા-મમતા કરવા જેવું છે પણ શું? આપણી માલિકીની
કોઈ વસ્તુ હોય તો જ મમતા સંભવી શકે પણ જે છે,
તે તો પ્રભુનું જ છે. શક્તિ એક એનો માલિક છે.
કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને પુરુષકાર -
આ પાંચ વડે સૃષ્ટિનું સંચાલન છે.
એ પાંચેનો માલિક - પાંચેથી અલગ અને પાંચે ઉપર
પોતાનું પ્રભુત્વ ધરાવનાર પરમેશ્વર છે.
દરેક ક્રિયામાં તે પરમ કારણ છે.
ક્યા કાર્યના કર્તવ્યની અહંતા આપણે પોષી શકીએ?
બધું એનું જ છે, તો મમતા કઈ ચીજમાં રાખી શકીએ?

અજ્ઞાનવશ જીવ અહંતા - મમતા કરી દુઃખી થઈ રહ્યો છે,

આમ તેમ રાત - દિવસ આથડી રહ્યો છે,

તેથી જીવ ક્યાંય શાંતિને પામતો નથી.

શિવ સ્મશાનવાસી છે, કેમકે આખું જગત

સ્મશાનરૂપ છે અને શિવ સર્વમાં વ્યાપ્ત છે.

તેથી સ્મશાનવાસીપણું એ

શિવની નિન્દારૂપ નહિ પણ સ્તુતિરૂપ છે.

આત્મીયતા વગર માધુર્ય આવતું નથી.

લઘુતાગ્રન્થિ દૂર કરવા ભક્તિની જરૂર છે.

'હું પામર છું' એ દીનતા તથા 'હું પ્રભુનો છું' એ ભક્તિ.

હું ભલે ગટર છું પણ ગંગામાં મળનાર ગટર છું.

o આપણા શરીરનો નેવું ટકા ભાગ

આપણા બેધ્યાનપણાથી ચાલ્યા કરે છે.

જીવનનો ૯/૧૦ ભાગ આપણે ન સમજતા ચાલે છે.

આપણને પૂછીને મા - બાપ મળ્યા નથી.

મળ્યા તે મા - બાપ, મળ્યું તે રૂપ, મળ્યું તે શરીર.

જો આપણને મત પૂછત, તો શું આપણે કુરૂપતા માંગત?

કોઈ વાતમાં મત પૂછતો નથી, કેમકે

સારું શું અને ખરાબ શું એ આપણને ખબર જ નથી.

મળે તે દશા,
આવે તે પ્રભુનું અને બાદ તે પ્રભુને અર્પણ.
કોઈનું અકાળ મૃત્યુ થાય, તે બોધ આપે છે કે
જગતમાં સત્તા ભગવાનની છે, હું ક્ષુદ્ર છું.
આ સત્ય ઘટના છે પણ 'હું પ્રભુનો છું'
એ ક્ષુદ્રતામાં પણ તેજસ્વિતા પ્રકટાવે છે.
એ માટે ભક્તિ કેળવવી જોઈએ.
ભક્તિ વડે લઘુતામાં પણ પ્રભુતા ભળે છે.
ઈર્ષા અગ્નિ સમાન છે. ઈર્ષા કરનારને તે બાળે છે.
એમાં પ્રભુદર્શનનો અપરાધ પણ છે.
સર્વમાં પ્રભુ રહેલા છે, તે ન જોવા તે અપરાધ છે.
પ્રભુનો ભક્ત 'સર્વભૂતહિતેરતઃ ।' હોવો જોઈએ.
જેમ લગ્ન પછી સ્ત્રી પિયરના અટક, નામ અને
કુટુંબને બદલાવી નાંખે છે, તેમ ભક્ત પણ
ભગવાનના નામ - રૂપમાં પોતાનું નામ - રૂપ ભૂંસે છે.
નીતિમત્તાની પાછળ નીતિ નહિ પણ પ્રીતિ હોવી જોઈએ.
નીતિમત્તા સ્વાર્થ પર નહિ પણ પ્રેમ પર હોવી જોઈએ.
'મારી સાથે મારા ભગવાન છે' એમ કદી ન ભૂલો.
ભલે જગત અને જગદીશ - બંનેને સાથે રાખવાના છે.

અંતરપ્રસન્ન થવા જાય ને મનુષ્ય શાંત - સુખી થાય છે.
બુદ્ધિનો આનંદ - મનનો આનંદ એ સાચો આનંદ છે.
ઈંદ્રિયોના આનંદ કરતાં તે વધુ રસપ્રદ અને મધુર છે.
અંતર્મુખ થવે ખબર પડે છે: ભગવાને મને ઘણું આપ્યું છે.
ખાવા-પીવા-જોવા વગેરેનો આનંદ બધાને સરખો જ છે.
જગતમાં વિષમતા છે જ નહિ. પૈસાની વિષમતા છે પણ
એ તો ટીવી જોઈએ કેમકે બધીમાં સ્પર્ધાનો આનંદ છે.

અંદરના રામને જોવાથી નિશ્ચિંતતા મળે છે.

એથી આત્માનંદ પ્રાપ્ત થાય છે.

'અનન્ય ભક્તિ'નો એક અર્થ એ છે કે
અનેકમાં એક જ દેવ નિહાળવા. પ્રભુ સર્વવ્યાપક છે.
જે સર્વમાં પ્રભુનાં દર્શન કરે, તે જ ઉત્તમ ભક્ત છે.

પૃથ્વીતત્ત્વ = ગણેશ, સર્વ વિઘ્નહર દેવ છે.
જલતત્ત્વ = શિવ, શિવની ઉપાસનાથી જ્ઞાન મળે છે.
તેજસ્તત્ત્વ = સૂર્ય, સૂર્યની ઉપાસના નિરોગી બનાવે છે.
વાયુતત્ત્વ = માતાજી, તેની ઉપાસના ધન આપે છે.
આકાશતત્ત્વ = વિષ્ણુ, તેની ઉપાસના પ્રેમ આપે છે.
અધર્મની પત્ની મિથ્યાભાષણ - મૃષાદેવી, તેનો પુત્ર દંભ,
દંભનો પુત્ર લોભ, લોભનો પુત્ર ક્રોધ.

દેહ - ઈંદ્રિય - મન - બુદ્ધિ - પ્રભુ, એ બધા આપણા
નથી છતાં 'એ બધાનો માલિક છું' એમ આસક્ત અને
તે બધા ઉપર મમતા એમ ચોરી -
ચોર છતાં શાહુકારી - નો ઢોંગ.

લીન થવું એ લગ્ન - સ્ત્રીએ પુરુષમાં લીન થવું જોઈએ.
સ્ત્રીમાં લીન થઈને પુરુષ સ્ત્રીઓને ગમતો નથી.
જે મન તરફ ધ્યાન ન આપે, તે બધા પશુ જ છે.
જેવી રીતે નદી સમુદ્રમાં અસ્ત પામે,
તેમ બધું જ બ્રહ્મમાં લીન થાય છે.
નર્મદા હોય કે તાપી હોય,
સમુદ્રમાં લીન થયા બાદ બધું જ વિલીન થઈ જાય છે.
ભગવાનમાં લીન થવું તે જ આધ્યાત્મિક જીવન.
બૌદ્ધિક વાઙ્મય વગર મનુષ્ય જીવી જ શકતો નથી.
સાહિત્ય, સંગીત, કળા વગરનો મનુષ્ય સાક્ષાત પશુ છે.
પશુને લગ્ન નથી, મનુષ્યના જ લગ્ન થાય છે.
પતિ - પત્નીનો ભાવ મનુષ્યને જ હોય છે અર્થાત
ભગવાનમાં ભાવના ન થવી, તે પશુનો ધર્મ છે.
ઈશ્વર શાંત અને તેજસ્વી છે.
તે સૃષ્ટિનો આધાર છે, શેષ છે. 'શેષ' = બાકી રહેલો.

ભાડે રહેલાં ચૈતન્યે પુદ્ગલને પકડી રાખ્યા છે.

શાસ્ત્ર એ દૃષ્ટિને શુદ્ધ અને

આંખને સ્વચ્છ કરવા માટે નેત્રાંજન છે.

જેણે દૃષ્ટિ શુદ્ધ કરવી હોય,

તેણે શાસ્ત્રને પ્રમાણ તરીકે માનવું જોઈએ.

બુદ્ધિના વિચારો એ તત્ત્વજ્ઞાન નહિ પણ પ્રતિક્રિયા છે.

લોભ, ગભરાટ, ચીડ, આસક્તિ રૂપી

કાંકરીઓથી ભરેલી દૃષ્ટિ સત્યને જોઈ શકતી જ નથી.

જ્ઞાન સત્ય નથી, જ્ઞેય સત્ય છે.

જ્ઞેયને જોવા માટે પ્રમાણ એ શાસ્ત્ર છે.

કર્મેન્દ્રિયો મળી માટે કર્મ તો થવાના જ.

કર્મના પ્રેરક બે છે: પ્રેમ અને લાભ.

આ બેની વચ્ચે ફરક છે.

બુદ્ધ અને કાર્લમાર્ક્સ -

બંને પ્રામાણિક વિચારકો છે પણ તત્ત્વજ્ઞાનીઓ નહિ.

જેમ ભોજન અને પાણીની ભૂખ અને તરસ લાગે છે,

તેમ ભક્તિરૂપી ભોજન અને જળની ભૂખ અને તરસ

લાગવી છે, તેનું કારણ મનુષ્યમાં જે ઉણપો છે, તે છે.

આદર્શ - અજ્ઞાત શક્તિને પ્રેમ કરવો તે મહત્ કાર્ય છે.

અજ્ઞાની એમ સમજે છે કે:

શાબ્દિકમાં જે આનંદ છે, તે વિષયાનંદ છે પણ

જ્ઞાની તેને બ્રહ્માનંદ તરીકે જાણે છે.

ઈશ પરનો પ્રેમ અવ્યક્ત છે,

અશબ્દ, અરસ, અસ્પર્શ, અરૂપ, અવ્યય, નિત્ય છે.

આ પ્રેમમાં ચર્ચા નહિ, શબ્દ નહિ, તે તો સ્વયંભૂ છે.

પ્રેમને વિચાર અથવા સ્પર્શ નહિ.

પ્રેમ નવની સંખ્યાના પાડા જેવો છે,

તે કાંઈ આઠના પાડા જેવો અનિત્ય નહિ.

પ્રભુનો પ્રેમ સદા ક્રિયાવાન છે,

તે આત્મક્રીડ અને આત્મમસ્તીથી ભરેલો છે.

<u>સંત રોહીદાસજી કહે છે કે:</u>

મેં તો ઠાકોરજીની સ્થાપના મારા અંતરાત્મામાં જ કરી છે.

મારી દેહ એ જ મારું મંદિર અને

મારો આત્મા એ જ મારો ઠાકોરજી.

ઠાકોરજીનો વિયોગ મને તો એક ઘડી પણ ન પોષાય.

<u>વળી કબીર કહે છે કે:</u>

દસ દ્વારે કા પીંજરા, તામેં પંછી પૌન,

રહેને કો અચરજ હૈ, જાઈ તો અચરજ કૌન?

નવ દ્વારવાળા આ શરીરમાં જીવન ટકી રહ્યું છે,
એજ આશ્ચર્યની વાત છે,
જ્યાં જીવવાની આશા નથી, ત્યાં મરવાનો ધોખો શો ?

'ઘટમાં પરિપૂરણ બ્રહ્મ'.

આ શરીરમાં જ પુરુષોત્તમનો નિવાસ છે.
બધી ભૂલ - ભ્રમણા દૂર કરીને તે સત્ય પારખી લેજો.
ભીતર રહેલા ભગવાનનું ધ્યાન ધરીને
શરીરમાં જ આત્માને જગાડી લેજો.
તારા શરીરમાં જ સર્વ દેવ અને સઘળાં તીર્થ છે.
બાહ્ય દેવોને ઉપાસવાથી કે
તીર્થોમાં ફરવાથી તારો આરો નહીં આવે. એ સૌને દૂરથી
નમસ્કાર કરી તારી અંદરના આત્માને જ જાગૃત કર.

(૨૯) આત્માનો સ્વભાવ આનંદરૂપ છે પણ તે આનંદ વસ્તુને અવલંબતો નથી, તે કુદરતી સ્વભાવ છે. લાગણીઓને વશ રાખવામાં સરળ અને સહેલો ઈલાજ એ છે કે મૌન ધારણ કરી પોતાના ઇષ્ટદેવનું અગર ઇષ્ટમંત્રનું સ્મરણ કર્યા કરવું, તેથી લાગણી પ્રદર્શિત કરવાનો આવેગ ધીમે ધીમે ઓછો થશે જ અને
ન બોલવાની વાત કાબૂમાં રાખી શકાશે.
ખાત્રી કરવી હોય તેણે આ પ્રયોગ કરી જોવો જોઈએ.

દુષ્કૃતગર્હા (3) સુકૃતાનુમોદના

(૧) શરણાગમન (૨)

'પુણ્ય - પાપથી પર એવા આત્માનું શરણ.'

આત્મતત્ત્વ એજ પરમ શરણભૂત છે,

એજ એક શાશ્વત તત્ત્વ છે.

તેની સાથે જ જીવોને જોડાવાનો સંબંધ છે.

એજ એક જીવોનું જીવન છે.

શરણ, ત્રાણ અને આધાર છે. એનું શરણ સ્વભાવરીતે જ સર્વ જીવોએ પોતાની સમાધિને અર્થે લેવા છે.

આત્મા એજ ગતિ, આત્મા એજ મતિ,

આત્મા એજ આશ્રય, આત્મા એજ એક આલંબન,

આત્મા એજ જીવનું પારમાર્થિક જીવન છે.

જ્યારે આ સત્ય સમજાય, ત્યારે

જીવ નિર્ભય - નિશ્ચિંત અને કૃતજ્ઞ (નમ્ર) બને છે. એ નમ્રતામાં જ નિર્ભયતા અને નિશ્ચિંતતા રહેલી છે. આત્મા પ્રત્યે નમ્ર અને કૃતજ્ઞ બન્યા વિના સાચી નિર્ભયતા કે નિશ્ચિંતતા અન્ય કોઈ ઉપાયે શક્ય નથી. જીવે નિર્ભય - નિશ્ચિંત બનવું હોય તો અન્ય સર્વ વસ્તુઓનું શરણ છોડી આત્મશરણ અંગીકાર કરવું.

(૨૯) શરણ્ય પદાર્થ શું છે ?

પાપ ગર્હાદિ - સુકૃત અનુમોદનાદિ છે, એથી અશુભના અનુબંધ તૂટે છે, શુભના અનુબંધ પડે છે, કિન્તુ પુણ્યપાપરહિત એવા આત્મતત્ત્વનો અનુભવ તો જુદી છે.

સુકૃતતત્ત્વ સામગ્રી મેળવી આપે છે,

તત્ત્વ તો જુદી વસ્તુ છે.

સુકૃતને તીર્થ કહીએ તો આત્માને તત્ત્વ કહેવું જોઈએ. તીર્થ શરણ્યભૂત છે, કેમકે તે તત્ત્વને ઓળખાવે છે.

તત્ત્વને ઓળખાવનાર તીર્થ જો શરણ્યભૂત છે,

તો તત્ત્વ તો નિતરાં શરણ્યભૂત છે.

તીર્થ જો તિજોરી છે, તો તત્ત્વ મિલ્કત છે.

તત્ત્વના કારણે તીર્થ પૂજ્ય છે.

તીર્થ જો પૂજ્ય છે, તો તત્ત્વ પૂજ્યતમ છે. પૂજ્યતમ એવા આત્મતત્ત્વના કારણે તેને ઓળખાવનાર તીર્થ પૂજ્ય છે. તીર્થમાં પૂજ્યતા ઉપચરિત છે, તત્ત્વમાં તે નિરુપચરિત છે. તત્ત્વની પ્રાપ્તિમાં નિમિત્તભૂત હોવાના કારણે તીર્થની લોકોત્તરતા છે. તીર્થ લોકોત્તર છે, તો તત્ત્વ લોકોત્તમ છે.

તીર્થ મંગળ છે, તો તત્ત્વ મંગળતમ છે.

તીર્થ શરણ્ય છે, તો તત્ત્વ શરણદ છે.

કુછંદ - પાપર્દ્ધિ પર ચઢેલ આત્મતત્ત્વનું સ્વરૂપ
એજ અંતિમ વિશ્રાંતિ છે.
જેનાથી નિર્ભય થવાય - નિશ્ચિંત બનાય, તે વિશ્રાંતિસ્થાન.
તે 3 છે. વિશ્રાંતિસ્થાનની સમજ આપનાર આત્મતત્ત્વ છે:
પાપની ગર્હા તે પહેલું વિશ્રાંતિસ્થાન છે,
સુકૃતની અનુમોદના તે બીજું વિશ્રાંતિધામ છે અને
કુછંદ - પાપર્દ્ધિ પર ચઢેલું
આત્મતત્ત્વ એ અંતિમ વિશ્રાંતિધામ છે.
તીર્થયાત્રા પ્રભાવક છે, શાસન ઉન્નતિ કાજ...
પરમાનંદ વિલસતાં, જય જય તીર્થમાળ.
- પારસ સ્થાનક દૂતી : ૨૦

o

With Prayer, one is surrounded,
protected guided, directed by power from
within: uplifted, inspired, renewed and
empowered by God within him.
Encircled and blest by all that is best
in increasing ways: enlightened &
lifted by love he is
gifted all of his days.

## પ્રમાદના આઠ ભેદ

(૧) સંશય (૨) વિપર્યાસ (૩) રાગ (૪) દ્વેષ (૫) અનાદર
(૬) યોગ દુષ્પ્રણિધાન (૭) અજ્ઞાન - અનધ્યવસાય
(૮) સ્મૃત્યનુપસ્થાપન - મિથ્યાત્વ.

અનાદર = અનુપયોગ, અનુત્સાહ, નિયતવેળાએ અકરણ.
યોગ દુષ્પ્રણિધાન = મન - વચન - કાયાની અશુભ પ્રવૃત્તિ.
સ્મૃત્યનુપસ્થાપન = ક્રિયાનું વિસ્મરણ.

(1) મિથ્યાત્વ = અનાદર - અરુચિ,
મિથ્યાભિનિવેશ અને મિથ્યાજ્ઞાન, ચારિત્રમોહ - રાગદ્વેષ.
(2) જ્ઞાનાવરણ = સંશય, વિપર્યય.
(3) દર્શનાવરણ = અનધ્યવસાય.
(4) વીર્યાંતરાય = યોગદુષ્પ્રણિધાન.

આત્મરમણતા તે અપ્રમાદ તથા
આત્માભિમુખ પ્રવૃત્તિ તે પ્રમાદનો વિજય.

## સર્વનાશ કઈ રીતે ?

તૃષ્ણા, વાસના અને અહંકારથી
આપણી બુદ્ધિનો નાશ થાય છે
અને બુદ્ધિના નાશની પાછળ
સર્વનાશ તો ઊભો જ છે.

## સ્વાત્મચિન્તા તથા પરચિન્તા

उत्तमा स्वात्मचिन्ता स्यात्, कामचिन्ता तु मध्यमा ।
अधमात्वर्थचिन्ता स्यात्, परचिन्ताऽधमाऽधमा ॥

### સ્વાત્મ ચિન્તાના ધર્મધ્યાન રૂપ ઉપાય

(૧) દેવ - ગુરુની ભક્તિ (૨) જીવાદિ તત્ત્વોનું જ્ઞાન
(૩) સ્વપર આત્મવિવેક (૪) આત્મસ્વરૂપરમણતા.

કામચિન્તા તથા વિષયચિન્તા આર્તધ્યાન રૂપ છે,
અર્થચિન્તા આર્તરૌદ્ર - બંને ધ્યાન સ્વરૂપ છે.
અર્થચિન્તા - કામચિન્તામાં તો કાંઈ સ્વાર્થ રહેલો છે.
પરચિન્તા અનર્થદંડ રૂપ તથા
પરની પીડા પોતાને માથે લઈને ફરવારૂપ છે,
તેથી તે અધમાધમ છે.
પરદોષ દૃષ્ટિથી ક્લેશભાવ પેદા થાય છે, તે રૌદ્રધ્યાન છે.
જેવા વિચાર - તેવું મન.
કાળા વિચારથી કાળું, ઉજળા વિચારથી ઉજળું.
પરચિન્તા વડે પોતાના મનરૂપી ઘરમાં
પોતે જ દુર્ધ્યાનરૂપી આગ લગાડે છે.
પરચિન્તનમાં સ્વાત્મચિંતન, તત્ત્વચિન્તન,
પરમાત્મચિન્તન વગેરે વિસરાય છે.

અર્થ - કામ ચિંતામાં ય તે વિસરાય, કિન્તુ કામચલાઉ.
પરચિન્તા સતત ચાલે છે.

અર્થ - કામચિન્તામાં પશ્ચાતાપનો અવકાશ છે,
પરચિન્તામાં તે પણ રહેતું નથી, તેથી તે અધમાધમ છે.

## ક્ષમા - સંતોષ - મૈત્રી - દયા

ક્ષાન્તિતુલ્યં તપો નાઽસ્તિ ન સંતોષાદપરં સુખં ।
ન મૈત્રી સદૃશં દાનં નાઽસ્તિ ધર્મો દયા સમઃ ॥૧॥

અર્થાત્: ક્ષમા સમાન તપ નથી, સંતોષ સમાન સુખ નથી,
મૈત્રી સમાન દાન નથી, દયા સમાન ધર્મ નથી.

મૈત્રીમાં દયા, ક્ષમા, સંતોષ ત્રણે છે. મૈત્રી = સ્નેહપરિણામ.
મૈત્રીમાં સરળતા, નમ્રતા, નિર્લોભિતા એકસાથે રહેલા છે.
તે તપ, ત્યાગ અને અહિંસા - ત્રણેને વિકસાવે છે.

## ગુરુ દત્તાત્રય - ઉત્તમ શિષ્ય કઈ રીતે?

ઉત્તમ ગુરુ તે જ બની શકે કે જે ઉત્તમ શિષ્ય બને.
ગુરુ દત્તાત્રય તેમાં દૃષ્ટાંત છે.
વૃક્ષ, નદી કે શ્વાન કોઈની પાસેથી પણ તેઓ શિક્ષણ લેતા.
શિષ્ય થવાની લાયકાત કેળવી તો ઉત્તમ ગુરુ બન્યા.
પત્થરની મૂર્તિમાં કોઈને પત્થર દેખાય, તો
કોઈને તેમાં પ્રભુનો વાસ દેખાય.

જેવી જેની કલ્પના, તેવા તેને તેમાંથી પ્રેરણા મળે.
એકલવ્યે પોતાના ગુરુ દ્રોણાચાર્યના
માટીના પૂતળામાંથી ધનુર્વિદ્યાની પ્રેરણા મેળવી હતી.

## ક્રોધ અને ક્ષમા એ શેના દ્વાર ?

'ક્રોધ એ નરકનું દ્વાર અને ક્ષમા એ સ્વર્ગનું દ્વાર છે'
તેનો અર્થ એ થયો કે:
જીવમૈત્રી એ સ્વર્ગનું - જીવદ્વેષ એ નરકનું દ્વાર છે.
સ્વર્ગના અર્થીએ મૈત્રીને સાધવી જોઈએ.
જીવતત્ત્વ પ્રત્યે આદર, બહુમાન, હિતચિંતા, માધ્યસ્થ્ય
અને કરુણા ઈત્યાદિ સ્વર્ગનાં દ્વાર છે અને
અનાદર, અબહુમાન, અહિતચિંતવન, ઉપેક્ષા,
ક્રોધ, રોષ, ઈર્ષ્યા, અસૂયાદિ નરકનાં દ્વાર છે.

## સમાન એકતા

જ્ઞાન તો કેવળ સમાન રીતે સાધેલા તાદાત્મ્ય
દ્વારા જ આવી શકે છે, એ જ માત્ર સાચું જ્ઞાન છે.
જાણનારી આત્માની આ સમાન એકતા કે
conscious awareness આવતાં તેમની સાથે
જે વસ્તુમાં, જે વિશ્વરૂપ તત્ત્વમાં એક રહેલાં છીએ,
તેમાં પ્રવેશ કરીને જ સ્થાપી શકાય એમ છે.

આ વિશ્વરૂપ તત્ત્વની પૂર્ણ સફળતા તો
આપણે માટે જે તત્ત્વ ઉપરિ ચેતન છે, તેમાં પ્રકૃતિ
અતિમાનસમાં જ માત્ર સફળતાપૂર્વક રહેલી છે.
કારણ અહીં આપણા સ્વાભાવિકરૂપમાં તે
અવિશ્વરૂપ તત્ત્વનો મોટો ભાગ અવચેતન રીતનો છે
અને તેથી તેનો મન, પ્રાણ અને શરીરની આ
સ્વાભાવિક સ્થિતિમાં પામી શકાય તેમ હોતું નથી.
નિમ્ન પ્રકૃતિ તેની સર્વ પ્રવૃત્તિઓમાં
અહંકાર સાથે બંધાયેલા છે,
કેવળ અતિમાનસ જ વિવિધતામાં એકતા
રાખવાની શક્તિ ધરાવે છે.

- શ્રી અરવિંદ, ૨૬-૪-૭૦

છોતાં[1] તે શરીર[1] છે, કર્મો[2] તે કાચલાં[2] છે,
રાગાદિ[3] ભાવો તે રાતી છાલ[3] છે,
ચૈતન્યભાવ[4] તે મીઠું ટોપરું[4] છે.

o

Engines are lubricated with oil,
human hearts with kindness & love.
The wellbeing of one affects the
welfare of all.

Total 12 letters

(3) Ask and it shall be given.

(4) Seek and you will find it.

(5) Knock and it will be opened.

Asking = ઇચ્છા = નમો

Seeking = બોધ = અરિહં

Knocking = ક્રિયા = તાણં

Three steps of prayer:

first asking, then seeking,

then Knocking.

Jainism is not a revealed religion.

°

મહત્વની બધી વસ્તુઓ બુદ્ધિ પાર પામી શકાતી નથી.

બુદ્ધિ પર એવા ચિત્તની ભૂમિકા છે.

તેનો સાક્ષાત્કાર કે અનુભવગમ્ય ઘટના બની શકાય.

સર્વજ્ઞતાનો સંબંધ તત્ત્વસાક્ષાત્કાર - વીતરાગતા સાથે છે.

ફૂલની સૌરભ જ તેની વસ્તુ છે.

દીપકની જ્યોત એ જ તેની વસ્તુ છે.

'હું આ છું' એમ જાહેર કરવું પડે છે,
તે તો તે નહિ અન્ય નહિ જ.
ગંગોત્રી પહોંચવું હોય અથવા
ગંગાના મૂળને પામવું હોય તો તેના પ્રવાહથી,
તેની ધારાથી ઉલટી દિશામાં જવું જોઈએ.
'ધારા'નો ઉલટો શબ્દ છે 'રાધા'.
રાધાની જેમ સમર્પણ ભાવથી યાત્રાની દિશામાં જ
અંતર્યાત્રા કરવી જોઈએ, અહંકાર છુટવો જોઈએ.
નમ્રતા દ્વારા પણ અહંકાર પેસી ન જાય,
તેની સાવચેતી રાખવી જોઈએ.
યાત્રા શું છે ? તે ગ્રન્થોમાં શોધવાથી મળશે નહિ.
મનને પેલે પાર કંઈક યાત્રાની સત્તા છે.
મનનું દર્શન એ તો ખંડિત દર્શન છે. માણસે સમગ્રતાથી
જીવતાં શીખવું, એ યાત્રા કઠણ છે, કિન્તુ અનિવાર્ય છે.
સુખ માટે માનવ સદા તલપે છે, કેમકે તે ક્ષણિક છે.
ફુગ્ગો સુંદર આકર્ષક હોય છતાં એક ક્ષણમાં વિલાઈ જાય છે,
તેથી ફરીફરીને તેની ઇચ્છા થાય છે.
દુઃખની એક ક્ષણ જુગ જેવી લાગે છે, કારણકે
દુઃખ - દર્દ સદા - કાયમ રહે છે.

સુખ એ તો અસત્પુરુષના સંગ જેવું છે, જ્યારે
દુ:ખ તો સત્પુરુષોના સંગ જેવું છે.
પાંખ હતી ત્યારે વૃક્ષ ઉપર ફળ નહોતા,
ફળ આવ્યા ત્યારે પાંખ નહોતી.
દાંત હતા ત્યારે ધાન્ય નહોતું,
ધાન્ય મળ્યું ત્યારે દાંત નહોતા.
સંસારસુખની આ સ્થિતિ સદા માટે રહેલ છે.
પ્રભુના નામનું કેવળ રટણ નહિ પણ
રમણ - સ્મરણ - ચિન્તન - ધ્યાન કરવું.
ભગવાનની જુદાઈ નહીં પણ જોડાણ,
દ્વૈત નહિ પણ અદ્વૈત - ઐક્ય - અનુસંધાન અનુભવવું.
પ્રભુનામના રટણ વડે ચિત્તની શાંતિ અને
સમતા મેળવવાની આ અમોઘ કીમિયો છે.
- Divine dwellers in desert, ગુરુદયાલ મલ્લિક

દશ તત્ત્વો

જીવ - અજીવ　　નિર્જરા - વેદન
પુણ્ય - પાપ　　બંધ - મોક્ષ.
આસ્રવ - સંવર　　મુખ્ય તત્ત્વ - જીવ.

o

Pure heart = Pure motives

આથી દરિદ્રતા એટલે લોભ.

જેટલો લોભ, તેટલી દરિદ્રતા.

તેને દૂર કરવાનો ઉપાય, નિર્લોભ થવું તે.

## નિર્લોભ થવાનો ઉપાય

'જ્ઞાનાદિ ગુણોના વૈભવથી આત્મા સદા ય પૂર્ણ છે'
તેવું શુદ્ધ આત્મદ્રવ્યનું ધ્યાન તે ઉપાય છે.

ગુહ્ય - પરદ્રવ્ય વિનિર્મુક્ત આત્મદ્રવ્ય
પૂર્ણ છે, એક છે, નિત્ય છે, ધ્રુવ છે, શાશ્વત છે.
તેમાં રાગાદિ ભાવ નથી માટે વીતરાગ છે,
તેમાં સુખ - દુઃખાદિ પરદ્રવ્ય નથી માટે નિરંજન છે.
આત્મદ્રવ્ય એક નિર્વિકલ્પ છે, શુદ્ધ છે, બુદ્ધ છે,
સિદ્ધ છે, આનંદ છે, અમૂર્ત છે, અતીન્દ્રિય છે.

વીતરાગની ભક્તિ જ મુક્તિની દૂતી છે.
સરાગની ભક્તિ તો જીવે
અનંતવાર કરી છે, પરંતુ તે નિષ્ફળ ગઈ છે.

'સરાગની ભક્તિ'નો એક અર્થ
રાગાદિ ભાવોની ઉપાસના વડે મુક્તિની અભિલાષા.
રાગાદિ ભાવો યા સુખ - દુઃખાદિ પરદ્રવ્યો
કે તેના ચિંતા, વિચારણાદિ મુક્તિમાર્ગ નથી.

મુક્તિમાર્ગ શુદ્ધ વીતરાગ આત્મતત્ત્વનું ચિન્તન - મનન છે,
એ મનન જ જીવને ત્રાણરૂપ છે, તેથી શુદ્ધ આત્માનું
મનન અને એ મનન કરવાનું સાધન શબ્દ, તે મંત્ર છે.

જપ તપ સંયમ સાધન સબ સુમિરણ કે માંહી:
કહે <u>કબીર</u> જાને ભક્તજન સુમિરણ સમ કછુ નાંહી.

<u>સ્મરણ એવા મંત્રનું કરવું જોઈએ,</u>
<u>કે જેને ન આદિ હોય, ન મધ્ય હોય કે ન અંત હોય.</u>
<u>એવો મંત્ર કોઈ સંત મહાત્મા પાસેથી જાણી લેવો જોઈએ.</u>

સંત મહાત્માઓની ઉપયોગીતા જ
એ છે કે જે પોતે તરે અને બીજાઓને તારે. ખરો
સંત તે છે કે જે એવા મહામંત્રને આપણા ઘટમાં જગાવે.
કેવળ કથા વાંચીને લોકો પાસેથી માન મેળવનારા અને
લોકોના આત્માનું હિત થાય, તેવા
મહામંત્ર આદિને નહિ આપનારા સાચા સંતો ન ગણાય.
સાચા સંતના સમાગમથી જે મહામંત્રની પ્રાપ્તિ થાય,
તે જ સત્સંગતિનું મોટું ફળ છે.

°

A sage once averred:
Do as Sri Krishna <u>said</u>,
do as Sri Rama <u>did</u>.

## ગુરુદયાલ મલ્લીક સાથે પ્રશ્ન - ઉત્તર

પ્રશ્ન: તમારી ઉંમર તમારા જીવનમાં દુઃખો પડ્યાં છે?
જો પડ્યાં હોય તો તમે તેનો સામનો કેવી રીતે કર્યો?
અને ચિત્તની શાંતિ તથા સમતા કેવી રીતે પામી શક્યા?

ઉત્તર: મારો આશરો તો સદાને માટે
પરમેશ્વરનું નામ જ રહ્યું છે.

પ્રશ્ન: શું તમે એમ કહેવા માંગો છો કે તમે તેમનું નામ રટો છો અને તકલીફો પલાયન કરી જાય છે? આવા ઉપાયે તો દુઃખ દૂર કરવામાં કોઈ મદદ કરી નહિ.

ઉત્તર: રટણ નહિ પણ સ્મરણ, જુદાઈ નહિ પણ જોડાણ,
દ્વૈત નહીં પણ અદ્વૈત,
ઐક્ય અને અનુસંધાન.

જ્યારે પણ તમારા જીવનમાં કોઈ દુઃખ કે સંકટ આવે,
ત્યારે ખુલ્લામાં તારાભર્યા આકાશ નીચે અથવા
કોઈ સાગર કિનારે અથવા કોઈ ટેકરી પર જઈને બેસો
અને તમે એ સૌ પાસેથી જરૂર સહાનુભૂતિ પામશો.

°

From: Divine dwellers in the desert
Last chapter
Some of the mystics I have met.

22/3/70, Poone

ગુરુ કરતાં ગુરુતત્ત્વ વધારે કિંમતી છે.
ગુરુનો સંબંધ બહિરંગ - બાહ્યાંગ સાથે છે, જ્યારે
ગુરુતત્ત્વનો સંબંધ 'ચૈતન્ય' સાથે છે.
તે અમર છે, પૂર્ણ ભગવાન છે.
એ સ્થિતિ માટે વ્યક્તિગત ગુરુ તરફ બહુમાન -
સમર્પણાદિ આવશ્યક છે, તે વડે જ બધાનો ઉદ્ધાર છે.
પંચ પરમેષ્ઠિ એ ગુરુતત્ત્વ છે, તેથી તેનો સંબંધ ચૈતન્ય
સાથે છે, જે અજર છે, અમર છે, વીતરાગ છે,
સર્વજ્ઞ છે, ચિદ્ઘન છે, આનંદઘન છે.
વિશ્વાસ જ સાચી ભક્તિ અને સાચા જ્ઞાનનું મૂળ છે.
સર્વત્ર વિશ્વાસ જ મૂળ. વિશ્વાસ વડે જ સત્ય જડે.
જ્ઞાન સત્યને ઓળખાવે છે,
ભક્તિ સત્યનું પારખું કરાવે છે તથા
વિશ્વાસ જ સત્યને પમાડે છે.

o

Not by might but by sight faith.
We must become more & more aware
of unlimited possibilities of faith
Faith is essential necessity.

सहनं सर्व-दुःखानां अ-प्रतिकार-पूर्वकम् ।
चिन्ता-विलापरहितम् सा तितिक्षा निगद्यते ॥१॥

અર્થાત્ઃ પ્રતિકાર, ચિંતા અને વિલાપ વિના સર્વ દુઃખો સહન કરવા, તેને 'તિતિક્ષા' કહેવાય છે.

○ આશાવાદ અને નિરાશા - એ બંને છેડાના શબ્દો છે. આશાવાદ પોતાની યોજનાને બ્રહ્માંડ સુધી વિસ્તારે છે, પરિણામે તે ખાલી સ્થિતિને પામી શકે છે. Optimist તે જ રહી શકે છે કે જે કર્તવ્ય પોતાના ઉપર ન લેતાં સર્વ શક્તિમાન તત્વ ઉપર રાખે છે.

કરવા લાયક આટલું જ છે.

કુદરતે એક વાત પોતાના હાથમાં રાખી છે, જે beyond human control છે, તેને fate યા પ્રારબ્ધ શબ્દથી ય ઓળખવામાં આવે છે. પુરૂષાર્થ માટે જે ઉપદેશ છે, તે તો કેવળ નિરાશ ન થવાય અને આંતરશાંતિ જળવાઈ રહે તે માટે છે.

## ખરેખરું સુખ

બાહ્ય શત્રુઓ કરતાં આંતરિક શત્રુઓ ખતરનાક છે. મનુષ્યોની મોટી સમસ્યાઓ આર્થિક, સામાજિક, રાજકીય, સૈદ્ધાન્તિક કે એવા બાહ્ય કોઈ નથી, પરંતુ

સૌથી વધુ મોટી સમસ્યા તો
સુખી થવાની, ખરેખર સુખી થવાની,
એવું સુખ મેળવવાની છે કે જે હિમાચ્છાદિત પર્વતો
અને ચંદ્ર - સૂર્ય જેવું જ વાસ્તવિક હોય.
જ્ઞાનીઓ તેને 'ચિદાનંદ' કહે છે. ઉપરાંત તે સુખને
'અતિપરિચયાદવજ્ઞા'નો નિયમ પણ લાગુ પડતો નથી.
આ ચિદાનંદ સદા વિસ્તાર પામવાના સ્વભાવવાળો છે.
તે ફક્ત વર્તુળાકાર નહીં પણ વર્તુળાકાર સીડી જેવો છે.
પ્રત્યેક ક્ષણે એની તાજગીમાં નવીનતા ઉમેરાય છે.
વિવિધ ભાવનો એમાં ઉમેરો થતો જ રહે છે.
આપણે સુખી છીએ કે નહીં એ ખરેખર અગત્યનું છે.
નૃત્ય કરતાં અનિલની જેમ,
મુક્ત વહેતાં ઝરણાની માફક, ક્રીડામગ્ન બાળકીની માફક
આપણે જીવી શકીએ કે નહીં, એ અતિ અગત્યનું છે.
પર્વતો અને સરિતાઓની પેલે પાર,
તારાઓ અને ચંદ્રની પેલે પાર,
સ્થળ અને કાળની પેલે પાર,
શબ્દો અને વિચારોની પેલે પાર રહેલ ચિદાનંદના માર્ગે
આગળ વધવું એ મનુષ્યજન્મનો ઉત્કૃષ્ટ લાભ છે.

આભ્યંતર તપમાં સ્વાધ્યાય તે બોધ,
ધ્યાન તે યોગ છે.
પંચપદ સ્વરૂપે તેના સાર્થકું ધ્યાન
ત્રિભુવનમાં આરાધકોના ઉદ્ધારક બને છે.

The Holy Spirit is law of god in action.

(1) ધ્યાતા = Father - mind - ધ્યાતા.
(2) ધ્યેય = Son - idea - ધ્યેય.
(3) ધ્યાન = Holy Spirit - expression - ધ્યાન.

o

You have a mind.
You have ideas in your mind & you express these ideas. When you pray, you must live in Father - mind, awareness of good plus you must entertain son idea, the knowledge of the good and perfect man and you must complete the trinity by putting into practice the good ideas that you learn in prayer.

સુખ કે દુઃખની વેદના એ માનસિક છે.
સંપત્તિ ન હોય તો પણ સુખવેદના સંભવે અને
સંપત્તિ હોય તો પણ દુઃખવેદના સંભવે.
બાહ્ય સંપત્તિ - વિપત્તિ સાથે
સુખ - દુઃખનો સંબંધ નિમિત્ત કારણરૂપે છે.
ૐ શાંતિઃ | Let there be peace.
Get peace of mind and joy of heart by
developing love for God.
Then you can recognise ~~Him~~
very near to you, in your ownself.

જનની

કહે છે કે પ્રભુ જગતના તમામ લોકો સુધી
પહોંચી શકતા નહોતા એટલે એમણે માતાનું સર્જન કર્યું.
સમગ્ર સૃષ્ટિના સર્જનમાં કેન્દ્ર તરીકે માતા છે.
પૃથ્વીથી વધારે શું છે ? માતાની ધારણ.
માતાના પ્રેમનું એક બિંદુ
અમૃતના સિંધુ કરતાં પણ વધારે મીઠું છે.
જગતના બધા મહાસાગરોની જાત એક જ હોય છે -
તે છે સ્વાર્થની જાત પણ માતા જ એક એવા છે કે
તે જગતની જાતથી જુદી પડી જાય છે.

'હિમાચલની ધીરતા, કમળની સુકુમારતા;
સાગરોની અગાધતા, બસ માતા તણા હૃદયમાં.'
આ જગતનું શાસન ચલાવનારા જ્યારે બાળક હતા,
ત્યારે માતાની આંગળી ઝાલીને જ
દુનિયામાં અબાધ ગતિ કરી શક્યા હતાં.
ચોમાસાનાં વાદળ કદી વરસે - ન વરસે,
માતાના પ્રેમનો મેઘ તો બારે માસ વરસતો જ રહે છે.
ઉપનિષદમાં પણ કહ્યું છે કે : માતૃદેવો ભવ: ||

## ધર્મનો આશય

જ્યાં શુદ્ધ મનુષ્યના દિલમાં
'આજે હું તેના કરતાં સારો બનું' તેવી ભાવના
પડેલી હશે, ત્યાં શુદ્ધ ધર્મની જરૂર રહેવાની જ.
ઈશ્વર પ્રત્યે જવાની અભિરૂચિ એ જીવમાત્રની સહજ
પ્રવૃત્તિ છે. પ્રાણીમાત્રની શારીરિક અને પાંચે ઇંદ્રિયોની
શક્તિ જ નહિ પણ મનની શક્તિ પણ ઈશ્વરને માંગે છે.
આપણામાં રહેલ ચેતના
પ્રતિક્ષણ પૂર્ણપણે પ્રગટ થવાને મથી રહી હોય છે.
એને માટે અનુકૂળ થવું તે ધાર્મિક જીવન છે.
જ્ઞાતિઓના સમૂહને 'ઓકડી' કહેવાય છે અથવા ઓકડી
એટલે અમુક જ્ઞાતિનું કુળ, જે જ્ઞાતિનું બળ સૂચવે છે.

હવે બધા એકમત છે, કે મનોનું બળ બતાવે છે.
એક આંખે શું જુએ છે ? તે ૐકાર સૂચવે છે.
'આત્મા એક છે - આત્મા નિર્લેપ છે'
તેનો અર્થ સુખ - દુઃખની સામગ્રી ભિન્ન છે.
આત્મા શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અસંગ, નિઃસ્પૃહ, અલિપ્ત છે.
સુખ - દુઃખનો અનુભવ બુદ્ધિ દ્વારા થાય છે.
બુદ્ધિ પ્રતિબન્ધ છે, આત્મા પ્રતિબિંબ પર છે.

ઓંકાર - નવકાર - નમસ્કાર

મેં વાંચ્યો એક અક્ષર ૐ,
એને જ હૃદયમાં આસન આપ્યું,
મનની શિલા ઉપર એને મૂક્યો અને
હું પીતળ હતી સુવર્ણ બની ગઈ. - કવિયત્રી લલ્લેશ્વરી

બધી સાધનાનો હેતુ મનની નીરવ શાંતિ છે.

અંતિમ મહાસમાધિ એટલે

મન - પ્રાણ - શરીરની બધી માંગણીઓ શાંત થઈ જાય અને તે સર્વ ઉપર સાક્ષીપણું કાયમ આવી જાય તે.

સવિકલ્પ સમાધિ એટલે

વિચારવાળી સ્થિતિ એમ નહિ પણ સંગુણનો અનુભવ.
એમાં વિચાર ન હોય.

Sex, wealth and power એટલે કે
કામવાસના, લોભવાસના અને ક્રોધવાસના - એ ત્રણે
ઉપર જેને કાબૂ હોય, તે સાચે 'મુક્ત' કહી શકાય.
જુદા - જુદા ગ્રહ એક જ ચેતનાના આવિર્ભાવ છે.

'જિનવચનના જ્ઞાનથી અનંતજ્ઞાન પ્રગટે,
જિનવચનપાલનના વીર્યથી અનંતવીર્ય પ્રગટે
અને એ પાલનમાં જ
સુખનો અનુભવ કરવાથી અનંતસુખ પ્રગટે.' - [illegible]

## શરીર એ મોટું સાધન

શરીર એ આત્મા અને પરમાત્માને ઓળખવાનું એક
સાધન છે, એને સમજીને જીવન જીવતાં આવડવું જોઈએ.
કુદરતમય જીવન અને કુદરતી ચિકિત્સા - એનાં સાધન છે.

(૧) નિષ્કામ કર્મયોગ વિરુદ્ધ સકામ ક્રિયાકાંડ છે.
(૨) આત્મકલ્યાણ અને વિશ્વહિત વિરુદ્ધ
ઇંદ્રિયોનાં તુચ્છ સુખો અને સ્વાર્થસાધના.
(3) અહિંસા, અભય, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વિરુદ્ધ
હિંસા, ભય, અસત્ય, ભોગવિલાસ અને લોભ.

o

Concentration of thought i.e.
one pointedness of mind is yoga.

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शांतिमृच्छति ॥
- गीता. अ. ५ श्लो २९ (परिशिष्ट-१२)

श्रोत्रियो ब्रह्मनिष्ठो यः, प्रशान्तः समदर्शनः ।
निर्ममो निरहंकारो निर्द्वन्द्वः निष्परिग्रहः ॥१॥
अनपेक्षः शुचिर्दक्षः, करुणामृतसागरः ।
एवं लक्षणसंपन्नः स गुरुर्ब्रह्मवित्तमः ॥२॥

શ્રવણ એટલે... (परिशिष्ट-१३)

ઉપક્રમાદિ છ લિંગો વડે વૈદિક શબ્દરૂપ પ્રમાણગત અસંભાવનાને દૂર કરી અદ્વિતીય બ્રહ્મમાં વેદાંત વાક્યના તાત્પર્યનો નિર્ણય કરવો તે શ્રવણ પદાર્થ છે.

મનન એટલે...

શ્રવણ કરેલા અદ્વિતીય બ્રહ્મસંબંધી પ્રમેયગત અસંભાવનાને દૂર કરીને શ્રુતિઅનુકૂળ યુક્તિઓ વડે ચિન્તન કરવું તે. 'પ્રતિપાદિત કરેલો અર્થ ઇતરયુક્તિઓ વડે સંભવિત છે' એમ નિશ્ચય કરવો, તે મનન પદાર્થ છે.

નિદિધ્યાસન (ધ્યાન) એટલે...

વિજાતીય પ્રત્યયના તિરસ્કારપૂર્વક સજાતીય પ્રત્યયનો પ્રવાહ ચલાવવો તે.

'હું સ્થૂલદેહ, સૂક્ષ્મદેહ કે કારણદેહ નહિ, કિન્તુ એ સર્વના નિષેધપૂર્વક એ ત્રણેનું અધિષ્ઠાન એવો - બ્રહ્મ હું છું' એવી વૃત્તિની અંતઃસ્થિરતા કરવી, એનું નામ 'ધ્યાન' છે અને તે નિદિધ્યાસન પદાર્થ છે.

દેહાભિમાનં વિધ્વસ્ય ધ્યાનાદાત્માનમદ્વૈતમ્ ।
પશ્યન્મર્ત્યોઽમૃતો ભૂત્વા હ્યત્રબ્રહ્મ સમશ્નુતે ॥ (परिशिष्ट-१४)

એ રીતે ધ્યાનથી દેહાભિમાનનો નાશ થાય છે.

## ગુરુનાં બે વિશેષણ

'બ્રહ્મ વિદોપદેશઃ ।' 'તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત્
સમિત્પાણિઃ શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્ ।'

અહીં ગુરુનાં બે વિશેષણ છે : શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ.

શ્રોત્રિય = બહુશ્રુત, બ્રહ્મનિષ્ઠ = ગીતાર્થ.

ઉત્તમ જિજ્ઞાસુ હોય, તેને એકલા બ્રહ્મનિષ્ઠ ગુરુના ઉપદેશથી પણ લાભ પ્રાપ્ત થાય છે, પરંતુ જે મંદ જિજ્ઞાસુ હોય અથવા જેને ચિત્તમાં તર્ક-વિતર્ક વિશેષ થતાં હોય તેને બ્રહ્મનિષ્ઠ તથા શ્રોત્રિય અર્થાત્ શ્રુતિના અર્થને જાણનાર ગુરુ પાસે જવાની જરૂર છે, તેથી તેના મનની શંકાઓના સમાધાન દ્વારા તેને આત્મલાભ થાય છે. સમિત્પાણિઃ । વિશેષણ ગુરુની નિઃસ્પૃહતા જણાવે છે.

ગૃહસ્થાશ્રમની પરિણતિ સંસારમાં છાની ન રહે અર્થાત્
તે પુરૂષ સંસારમાં રહ્યો થકો પણ ઉદાસીન જ દેખાય.
ધર્મને વિષે માયા નહિ અને માયા કરતાં ધર્મ ન હોય.
પર આવર્જન અર્થે કરાય, તે પણ ધર્મ ન જ હોય.
જ્યાં કપટરહિત સરળ મનની વૃત્તિ હોય, ત્યાં ધર્મ હોય.
ફુડપાગડમકુડિલ્લં ધમ્મવયણમુજ્જુયં જેણ । અર્થાત્:
ધર્મવચન સ્પષ્ટ, સાચું, સરળ અને ઋજુ હોય છે.

ત્રણ પ્રકારના યોગ

ઇચ્છાયોગ - श्रद्धानाविकलो । - શ્રદ્ધાસહિત
શાસ્ત્રયોગ - वाक्याऽविकलो । - આગમસહિત
સામર્થ્યયોગ - शक्त्येनतिक्रमो । - યથાશક્તિ

પરપરિણતિ = પુદ્ગલ પરિણતિ, શરીર, વસ્ત્ર, પાત્રાદિકના
જે પરિણમન, તે સર્વ પોતાની પરિણતિ માને,
આત્માને કરી તન્મયપણે પરિણમે,
પોતાનું ઘર મૂકી પરઘરની ચિંતા કરે, તે પાપશ્રમણ છે.
મોક્ષનાં કારણ ક્ષમાદિનો આલય, જ્ઞાન - ક્રિયાદિ છે.
નાણેણ વિણા ચરણં પઢમગુણટ્ઠાણપુટ્ઠિકરં । અર્થાત્:
જ્ઞાન વિનાનું ચારિત્ર પ્રથમ ગુણસ્થાનકની પુષ્ટિ
કરનારું છે અર્થાત્ તે મિથ્યાત્વની પુષ્ટિ કરે છે.

સમ્યક્ત્વ સહિત ક્રિયાનો અંશ પણ લેખે લાગશે.

સિદ્ધત પક્ષ = સિદ્ધાંત પક્ષ.

તમારા ધ્યાને જ્ઞાની થઈએ,

તે જ્ઞાને પોતાનો આત્મા આવરણ રહિત થશે,

તેથી આત્મલાભ પામશે જ ગણાય.

ખડી તે ધર્મ, ભીંત તે જડ, બંને ભિન્ન છે,

છતાં 'શ્વેત ભીંત' ઇત્યાદિ છે, તે સંયોગ જ ભાસ છે.

ધર્મના ઉદ્દેશ્ય થયેલા ભાસ પણ એવા જ છે.

વસ્તુતઃ ખડી અને ભીંત તે બેઉ એક નથી.

પુદ્ગલનું અનંત પ્રકારે પરિણમન છે:

દેહરૂપે, વચનરૂપે, મનરૂપે, રાગદ્વેષરૂપે -

એમ વિચિત્ર પરિણમન છે.

'પૂરણગલનધર્માણઃ પુદ્ગલાઃ ।'

અર્થાત્: પૂરણ તથા ગલન એ પુદ્ગલનો ધર્મ છે.

પુદ્ગલ તે જડ - અચેતન છે,

જ્યારે આત્મા તો જ્ઞાનસ્વરૂપી છે,

તે બે કેમ કરીને એક થાય?

God is one but the sages call Him by different names.

શુદ્ધપરિષ્ઠાન = સમસ્ત ઉપાધિરહિત જેના પ્રદેશને વિષે
એક અણુમાત્ર પણ લેપ નથી, એવું જે શુદ્ધ સ્વરૂપ,
તે વિના ભવરૂપ કાર્ય નથી.
જ્ઞાનાદિક ભિન્ન માનીએ, તો જડરૂપે માનવી જોઈએ.
રત્નાદિ જ્યોતિ કે જ્યોતિદિ રત્ન -
એમ કાર્ય - કારણ ભાવ નથી, કિન્તુ બંને સહભાવી છે.
સહજ સ્વભાવે અભેદ છે, જ્ઞાની તે એકતાને જાણે છે.
ગામ ન હોય તો ગામની સીમ ક્યાંથી હોય ?
પરિધિ ન હોય તો દ્રવ્ય પણ ક્યાંથી હોય ?
અપદસ્સં પદં નત્થિ | અર્થાત્: અપદને પદ નથી.
પદ = અવસ્થાવિશેષ અથવા અભિધાન, તે જેને નથી,
જ્યાં સર્વ સ્વર - શબ્દ નિવૃત્યાં છે,
તર્ક - વિચાર પણ જ્યાં નથી,
'તર્ક' એટલે આમ હશે કે તેમ ?
મતિનું ત્યાં ગ્રહણ નથી, એક છે,
અપ્રતિષ્ઠાન = ઔદારિકાદિ શરીરનું ય ત્યાં સ્થાન નથી,
ખેદજ્ઞ = લોકાલોક સાધક છે - અરૂપી સત્તા છે,
પરિજ્ઞ = સમસ્ત પ્રકારે જાણે,
સંજ્ઞ = સમ્યક્ જાણે, કામ નથી, જન્મ નથી.

દીર્ઘ, હ્રસ્વ, વૃત્ત, ત્ર્યંસ, ચતુરસ્ર, પરિમંડલ, કૃષ્ણ, નીલ,

લોહિત, હારિદ્ર, શુક્લ, સુરભિ, દુરભિ,

તિક્ત, કટુ, કષાય, આમ્લ, મધુર,

કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, રુક્ષ, સ્ત્રી, પુરુષ.

ઉવમા ઇત્થ ન વિજ્જએ | આથી ઉપમા વિદ્યમાન નથી

અર્થાત્ આ પદાર્થ માટે કોઈ ઉપમા નથી.

<u>કાર્યસાધક છ દશા</u>

નિરાશંસ ભક્તિ, વિષયવિમુખતા રૂપી વૈરાગ્ય,

શુદ્ધ ઉપયોગસ્વરૂપ જ્ઞાન, એ ત્રણ દશા કાર્યસાધક છે,

ચોથે ભક્તિ મુખ્યતા, પાંચમે વૈરાગ્ય મુખ્યતા અને

છઠ્ઠે ક્ષીણમોહાદિ કે જ્ઞાનમુખ્યતા જાણવી.

એક ત્રણ, ત્રણ એક -

એમ દ્રવ્યાનુયોગ તર્કણાદિથી સમજવું.

રાગ - દ્વેષ અહંકાર - મમકાર થાય છે.

શુદ્ધનય રાગદ્વેષને બાળી નાંખે છે.

'શુદ્ધનય' એટલે આત્મતત્ત્વ ચિન્તન રૂપ ધ્યાન. શુદ્ધ ધ્યાનરૂપી પ્રકાશથી રાગ-દ્વેષરૂપી અંધકાર વિલીન થાય છે.

શુદ્ધ નય તે મોક્ષમાર્ગનો દીવો છે.

દ્વાદશાંગીના જાણને પણ નિશ્ચયનય જ સાર કહ્યો છે.

'નિશ્ચય નય' એટલે શુદ્ધ નયનું પરિણમન.
શુદ્ધ વ્યવહાર એ સંયમાનુષ્ઠાન પ્રવૃત્તિરૂપ છે. ઉંબર ફૂલ
જલસિંચનાદિ ક્રિયાથી પાકે પણ ઇચ્છામાત્રથી ન પાકે.
ગચ્છકુલવાસે શુદ્ધ વ્યવહાર, શુદ્ધ વ્યવહારે પરિપક્વપણું.
નિશ્ચયનાં નિશ્ચલપણું પ્રાપ્ત થાય છે.

<u>મોક્ષમાર્ગે જ્ઞાન અને ક્રિયા બંને જરૂરી</u>

ઉપયોગરૂપ નય અતિ ગંભીર છે,
તે અપરિણતમતિ - વ્યવહારનયવાળા કેમ જાણે ?
આત્મસ્વરૂપ જાણ્યું એટલે ક્રિયાનું શું કામ છે? એમ
જે વિચારે તે અયોગ્ય છે, અને પણ ન વિચારાય કે:
ક્રિયા તો જ્ઞાનની દાસી છે. તે અતિપરિણતિ છે.
પરંતુ નિશ્ચયનય સમજાવે, એટલે
વ્યવહારમાં દૃષ્ટિ કરે જ નહિ.
સંવિગ્ન = ક્રિયાવંત, ગીતાર્થ = જ્ઞાનવંત, પંચાંગી = પ્રકરણાદિ
સુવિહિતના કરેલા ગ્રન્થ, તે સર્વપ્રમાણ છે.
સંવિગ્ન = ધર્મનિષ્ઠ - ક્રિયાનિષ્ઠ.
શ્રોત્રિય = બહુશ્રુત, ગીતાર્થ, જ્ઞાનવંત.
એ રીતે જ્ઞાન અને આચાર - બંને
ઉભયનિષ્ઠ હોય, તે જ ગચ્છપદ યોગ્ય છે.

૨ લાખ, ૪ લાખ અથવા ક્રોડ વરસ સૂરિમંત્ર જપે,
પણ ક્રિયાશૂન્ય રહે તો ?
મુંડસ્થલ તીર્થ - મુંગથલામાં યતિપણું સ્થિત છે.
'યતિ' એટલે જિતેન્દ્રિય.
મહાતપામાંથી 'મહા' શબ્દ કાઢી 'તપા' બિરુદ આપ્યું.
૮૪ વાદીઓને જીત્યા તેથી હીરલા જગચ્ચંદ્રસૂરિ કહેવાણા.
વાપરતાં ચીથરાં, ફાટ્યાં - તૂટ્યાં વસ્ત્રે પણ
પડિલેહણ - પ્રતિક્રમણાદિ કરવું તો આવશ્યક જ છે.

हयं नाणं कियाहीणं हया अन्नाणओ किया ।
पासंतो पंगुलो दड्ढो धावमाणो य अंधओ ॥१॥
एवं सव्वोवि नया मिच्छादिट्ठी सपक्खपडिबद्धा ।
अन्नोन्ननिस्सिया उण हवंति ते चेव सम्मत्तं ॥२॥
- आवश्यक निर्युक्तिवचनात् (परिशिष्ट-१५)

યદ્યપિ પરમેશ્વર વીતરાગ છે,
કોઈ વિનંતિ ચિત્તમાં ધરતા નથી, તો પણ
પરમેશ્વરની ભક્તિ જ ભક્તલોકને કાર્યકારી થઈ, તેથી
કારણમાં કાર્યનો ઉપચાર કરીને કહે છે કે
તમારી કૃપારૂપી રસથી હું માર્ગને પામ્યો અને
માર્ગપ્રાપ્તિ રૂપી મનોહર સંપદા મને મળી.

કાર્યસિદ્ધિનું કારણ ભક્તિ અને
ભક્તિથી કાર્યનું નિમિત્તકારણ ભગવાન થયા, એટલે
ભગવાનની જ કૃપા ફળવંતી થઈ - એમ નિશ્ચય થયો.
જ્ઞાન - દર્શન એ પુષ્પ છે તથા ચારિત્ર મંજરી છે
અને મુક્તિ એ ફળ છે તથા એનું મૂળ પ્રભુકૃપા છે.
શુદ્ધ મતિથી કર્મવેલડી છે, તે કૃપાનું જ ફળ છે.

ટૂંકમાં કૃપા એ બીજ છે,
શુદ્ધ મતિ એ વેલ, જ્ઞાન - દર્શન એ ફૂલ,
ચારિત્ર એ મંજરી અને પરંપરા ફળ એ મુક્તિ છે.
સર્વ દર્શન એ સદ્ગુણનો સમૂહ છે તથા
તેનો આધાર એ સમ્યક્ત્વ છે.
'સમ્મત્તં સમુદિયા સવ્વે |'
'જ્ઞાન - ક્રિયાભ્યાં મોક્ષઃ |'
એ પ્રભુનું વચન છે.

તે વચન વડે ભવ્ય જીવો ભવસાગર તરવાનું ભાજન
થાય છે, તે માટે સિદ્ધિનો હેતુ પ્રભુ જ પોતે બન્યા.
બાહ્યકર્તૃત્વ, ગર્વકર્તૃત્વથી કુમતિ ચોરી તો ટળે,
જો પ્રભુને માર્ગદાતા માનીએ અને
પ્રભુની કૃપાને જ પરમ કારણ માનીએ.

'શ્રી સીમંધર સાહેબ સાંભળો' પદ્ધતિ
સત્યવાદીના વચનના સાક્ષી પાસો.
મિથ્યાદૃષ્ટિ અંધ છે.
તે નિજ આત્માથી અન્ય સ્થાને ધર્મને શોધે છે,
વિપર્યાસના બળે આત્મભાવમાં રમતો નથી.
: શાસ્ત્રમાં કહ્યું છે કે :

ધર્મે અધર્મ - અધર્મે ધર્મ, સન્ના મગ્ગ ઉમગ્ગાઓ,
ઉન્માર્ગમાં માર્ગની સન્ના, સાધુ અસાધુ સંભગ્ગાઓ;
અસાધુમાં સાધુની સન્ના, જીવે અજીવ જીવ વીદોઓ,
મુત્તે અમુત્તએ - અમુત્તે મુત્તએ, સન્ના એ દશ ભેદોઓ.

પદ્ધતિ: ધર્મમાં અધર્મ - અધર્મમાં ધર્મ
માર્ગમાં ઉન્માર્ગ - ઉન્માર્ગમાં માર્ગ
સાધુમાં અસાધુ - અસાધુમાં સાધુ
જીવમાં અજીવ - અજીવમાં જીવ
મુક્તમાં અમુક્ત - અમુક્તમાં મુક્ત
એ દશ મિથ્યાત્વના પ્રકાર છે.

'શુદ્ધોપયોગ' એટલે શુદ્ધ સ્વભાવમાં ઉપયોગ,
આત્મભાવમાં રમણતા, પુદ્ગલમાં આત્મભાવનો ત્યાગ
તથા આત્મામાં જ આત્મબુદ્ધિનું ગ્રહણ.

जे पुरिसा तुममेव तुमं मित्तं, किं बहिया मित्तमिच्छसि ?

: અર્થાત :

હે જીવ ! તું જ તારો મિત્ર છે,

તો શા માટે બાહેર મિત્રને વાંછે છે ?

અર્થાત આત્મા સમભાવે છે, તો સર્વત્ર મિત્ર છે.

પ્રથમ સમ્યક્ત્વ પામે, તેનો અતિશય આનંદ ઉપજે.

સ્ફટિક રત્નની નિર્મળતા તે તેનો સ્વભાવ છે,

તે ઉપાધિના અભાવે પ્રગટે.

જીવનો પણ કષાયાદિકના અભાવે પ્રગટતો સ્વભાવ છે,

તે ધર્મ છે.

પ્રબળ કષાયનો અભાવ કરીને

મંદકષાયની પણ ધર્મ ગ્રહણ કરવો.

જ્ઞાનદશા વિના કેવળ બાહ્યક્રિયાથી અર્થ ન સરે.

બહાર શોધવું મૂકી,

પરદોષ દૃષ્ટિ ટાળી, આત્માની ખોજ કરે તે ધર્મ પામે.

તે આત્મખોજનો ઉપાય છે.

આત્માનું અજ્ઞાન એટલે પુદ્ગલમાં આત્મભ્રમ.

मिच्छत्तेणं उदिण्णेणं अट्ठकम्मपयडीओ बंधंति | અર્થાત :

મિથ્યાત્વના ઉદયથી જીવ આઠ કર્મપ્રકૃતિઓ બાંધે છે.

આખરી જ્ઞાન દશાને જ 'પ્રત્યાખ્યાન પરિજ્ઞા' કહી છે.
નિર્વિકલ્પ શુદ્ધ જ્ઞાનનો ઉપયોગ તે આખરી જ્ઞાનદશા છે.
બાહ્યત્યાગ તો તિર્યંચાદિકને પણ છે.
ચારિત્ર તે આત્મભાવ રૂપ છે.
બાહ્યત્યાગને જે ચારિત્ર કહ્યું તે ઉપચારથી,
મુખ્ય અર્થને ન સ્પર્શે તો ઉપચાર પણ ન સંભવે.
શુદ્ધ સ્વભાવમાં ઉપયોગ તે જ આત્મસ્મરણ અથવા
ચારિત્ર તે આત્મજ્ઞાનમાં જ રતિ કરવી.
અંતર્મુખ થઈને જ્ઞાનદૃષ્ટિ દૃઢ કરવી, દૃઢ રાખવી.
બાહ્ય ચેતનાની સાથે જ્ઞાન ચેતના જોઈએ.
જ્ઞાન ચેતના જ સુખનું કારણ છે.
રાગદ્વેષરૂપી મળનો નાશ ઉપશમરૂપી જળથી થાય અને
ઉપશમ આત્મજ્ઞાને આવે.
પુદ્ગલ તૃષ્ણાતત્ત્વ સંવેદને આત્મપરિણતિ આદરવાથી
પરપરિણતિ જાય.
શરીરમાં અહંબુદ્ધિ તથા સ્વજનાદિમાં મમબુદ્ધિ વડે
ચેતન જડતાને અનુભવે છે, શુદ્ધિ પામતો નથી.
કનક - કામિનીમાં ઉપાદેય બુદ્ધિ તે બાહ્યદૃષ્ટિ છે. સર્વ
પુદ્ગલ સંબંધ છેદ જાણી ચિન્માત્રવિશ્રાંતિ તે અંતર્દૃષ્ટિ છે.

જ્ઞાનકૃત મનઃશુદ્ધિ તે ચારિત્રનું લક્ષણ થવું અને
'તે જ મોક્ષનું કારણ છે' એમ હંમેશા સદ્દહવું. મનની
અશાંતિએ દ્રવ્યક્રિયા કરવા છતાં ચારિત્રગુણ ન હોય.
'અધ્યાત્મ' એટલે અપુનર્બંધકાદિ ભાવની આત્મદ્રષ્ટિ.
તે વિના મમત્વાદિકના દોષથી અથવા
મમત્વાદિકના યોગથી દ્રવ્યક્રિયા તે શરીરના મેલરૂપ છે.
'પુદ્ગલભાવનો હું કર્તા છું' એમ જેમ જેમ માને, તેમ
તેમ આત્માની જડ કર્તૃત્વાભિમાનજનિત કર્મ બંધાય.
દાનરૂપ શુભ સંકલ્પે નિજરૂપને આપે છે અને
હરણરૂપ અશુભ સંકલ્પે નિજરૂપને હરે છે, તે જાતે
'હું પરને દઉં છું કે પરનું હરું છું'
એ પ્રમાણે મનના સંકલ્પ વિકલ્પો કર્મને બાંધે છે.
વિભાવસ્વરૂપ વિચિત્રતા તે નાટક છે, તે ટંકોત્કીર્ણ
એક સ્વભાવ પરિણામે રહે, તેથી સહજસુખ અનુભવાય.
સુખ તે આત્મસ્વભાવ છે.
સુખ - દુઃખરૂપ વિચિત્રતા એ કર્મફળચેતના છે.
રાગ - દ્વેષરૂપ કર્મચેતના પણ નાટક છે.
જ્ઞાનચેતના એ સ્વભાવ છે,
તેનો અનુભવ આત્મરાજ કરે છે.

સંક્લેશ - વિશુદ્ધિરૂપી પરની આશા
અનેક પ્રકારે કર્મરૂપી ફળને પ્રસવે છે.
તે પરઆશારૂપી વિષવલ્લી જ્ઞાનદર્શનથી દહે સમકિતિ
પોતે એક જ્ઞાન સ્વભાવે જ રહે.
રાગ - દ્વેષાદિ દોષરહિત જે એક ભાવ,
તે શુદ્ધ આત્મદશા પામે છે.
આત્માને વિષે એકતાનું જ્ઞાન - તે નિશ્ચયદશા.
નિર્વિકલ્પ ઉપયોગમાં તે રહે.
ઇંદ્રિય, બળ, શ્વાસોચ્છ્વાસ અને
આયુરૂપી પ્રાણની પ્રતિભૂત જ્ઞાનવીર્ય
સદા શ્વાસ - સુખ અને નિત્ય સ્થિતિરૂપી પ્રાણ છે.
પરપ્રાણની રક્ષા તે વ્યવહારદયા છે.
જ્ઞાનરૂપી આત્મદયા વિના
બાહ્યપ્રાણ રક્ષણરૂપ દયા એ માત્ર દયાભાસ છે.
જ્ઞાનરૂપ આત્મદયા વિના
પરદયા નાટકીયાની માયાની જેમ ફોગટ છે.
અનુભવયોગ - જ્ઞાનયોગ સર્વ આચારમય છે.
'સવ્વેસુ વિ તેણાકરં ।' સમકિતિ તેણે સર્વ આચાર પાળ્યા.
અનુભવયોગથી કષાયમોહનીય ટળે.
નોકષાય મોહનીય પણ જ્ઞાનયોગથી જ ટળે.

સૂત્ર - અક્ષરની પરાવર્તના તે કર્મયોગ અને
તેનો રસ તે અનુભવયોગ.
જ્ઞાનયોગ એ અર્થ, આલંબન અને નિરાલંબનરૂપ છે.
આત્માને આરામ આપે, સુખ આપે તથા સમાધિ કરે,
તે અનુભવયોગ.

'જ્ઞાનયોગ છે, તેને સેવો અને પુદ્ગલની માયાને તજો'
એજ જિનવચનનો સાર છે તથા સંસારતાપને ટાળનારી
મોક્ષરૂપી વૃક્ષની શીતળ છાયા છે. - ૧૨૫ સ્તવનસાર

નવપદરૂપી આતમ પોતે, ઉપાદાનાદિ ભાખી રે,
નિમિત્તાદિ પર ભાખી ભાવે, આરાધંતો જ્ઞાની રે.
ષટ્ચક્રોમાં નવપદ ધ્યાને, આત્મસમાધિ પ્રગટે રે,
એકતા સ્થિરતા લીનતાયોગે, ઘાતીકર્મો વિઘટે રે. (બુદ્ધિ)o

o ભૂખ લાગે ત્યારે ખાવું તે પ્રકૃતિ,
ભૂખ ન હોય તો ય ખાવું તે વિકૃતિ અને
સૌમાં ઈશ્વર જોવો તે સંસ્કૃતિ.

o પૂજ્યપૂજા[1] દયા[2] દાનં[3] તીર્થયાત્રા[4] જપ[5]સ્તપઃ[6] ।
શ્રુતં[7] પરોપકારશ્ચ[8] મર્ત્યજન્મફલાષ્ટકમ્ ॥ અર્થાત્:
પૂજ્યની પૂજા[1], દયા[2], દાન[3], તીર્થયાત્રા[4], જાપ[5], તપ[6] શ્રુતજ્ઞાન[7]
અને પરોપકાર આ મનુષ્ય જન્મનાં આઠ ફળ છે.

સાતા મહાવીર, સં.૨૦૨૬, ચૈત્ર સુદ ૧/૨, ૧૨-૪-૭૦, રવિ

## ધર્મનું સ્વરૂપ

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે.

(a) અહિંસા = ષટ્ જીવનિકાય રક્ષા.

કાયા વડે અહિંસા - મૂલગુણ.

(b) સંયમ = પાંચ ઈંદ્રિય તથા મનનો નિગ્રહ.

ઈંદ્રિયો વડે સંયમ - ઉત્તરગુણ.

(c) તપ = ધ્યાનરૂપી તપ વડે કર્મનો ક્ષય.

મન વડે ધ્યાનરૂપી તપ - સાધ્ય.

કર્મક્ષયનું અસાધારણ કારણ આત્મધ્યાનરૂપી તપ છે, તેનું સાધન મન વડે મૈત્રી, ઈંદ્રિયો વડે ભક્તિ અને કાયા વડે અહિંસા છે.

દયાધર્મરૂપી મંગલના ૩ સાધન: દેહ, ઈંદ્રિય અને મન. દયામય દેહ, ભક્તિમય ઈંદ્રિયો અને મૈત્રીમય મન વડે ધ્યાનરૂપી તપ તપવાથી ઘાતીકર્મોનો ક્ષય થાય છે.

અહિંસા વડે જગત સાથે, સંયમ વડે સ્વજન સાથે અને તપ વડે જગદીશ સાથેનો સંબંધ સુધરે છે.

અહિંસાથી પાપક્ષય, સંયમથી દુઃખક્ષય અને તપથી કર્મક્ષય સધાય છે.

૦ સત્યં વદ = સત્ય બોલ. ધર્મં ચર = ધર્મ આચર.
સ્વાધ્યાયન્મા પ્રમદઃ = સ્વાધ્યાયથી વિમુખ ન થા.
સત્યમેવ જયતે નાઽનૃતમ્ । યતો ધર્મસ્તતો જયઃ ।
સત્ય એટલે ધર્મ, તેનો જય છે, અધર્મનો નહિ.
જ્યાં ધર્મ છે, ત્યાં જય છે.

૦ સુકૃતનું અનુમોદન = જગતમાં જે કાંઈ બની રહ્યું છે,
તેનો હર્ષપૂર્વક સ્વીકાર, કેમકે
તેની પાછળ વિશ્વહિતભાવવાળા મહાપુરુષોનો પુરુષાર્થ
અને શુભાશય કાર્ય કરી રહેલાં છે.

દુષ્કૃતગર્હા = જગતમાં જે કાંઈ બની રહ્યું છે,
તેના વિરોધનો ઇન્કાર, કેમકે
જે કાંઈ બની રહ્યું છે, તે અયોગ્ય છે કે બરાબર નથી,
એમ માનવું, તે કાર્ય - કારણ નિયમનો ઇન્કાર છે.
પૂર્વે આ મટામાં મોટું દુષ્કૃત કર્યું છે,
વર્તમાનમાં જેઓ કરે છે અને ભવિષ્યમાં કરશે,
તેની સાથે સમ્મતિનો ઇન્કાર.
'વિશ્વહિતની ઇચ્છાનું પરિણામ હિતમાં જ આવે છે'
એમ ન માનવું તે દુષ્કૃત છે.
તેની ગર્હા એટલે 'શુભનું પરિણામ' શુભ જ આવે,
એનો શ્રદ્ધાપૂર્વકનો સ્વીકાર.

Resistence = दुष्कृत, nonresistence = दुष्कृतगर्हा.
Divine Will is सुकृत and acceptance or
affirmation to it is सुकृतानुमोदनम् ।

## પ્રજ્ઞાના ત્રણ પ્રકાર

શ્રુત, અનુમાન અને ઋતંભરા.
'શ્રુત' એટલે વાંચન-શ્રવણાદિ જે જ્ઞાન પ્રાપ્ત થાય તે.
'અનુમાન' એટલે ચિન્તન - મનનાદિ
જે કંઈ જ્ઞાન કે તારતમ્ય મેળવીએ તે.
આ બંને પ્રજ્ઞા વસ્તુના હાર્દમાં ઊંડી જઈ શકતી નથી.
ચિત્તના ઉપરના સ્તરોને એ કામે લગાડે છે.
ચિત્તની એકાગ્રતા, ધારણાશક્તિ અને નિર્મળતા
સાધવામાં આવે તો પ્રજ્ઞાનું એક નવું ખૂલવાનું પડે છે.
પ્રજ્ઞાની આ ઋતંભરા અવસ્થા પ્રાપ્ત થતાં
વસ્તુનું યથાર્થ દર્શન અનાયાસ થાય છે.
આપણો ઘણો ખરો વ્યવહાર વાણી દ્વારા થાય છે.
વૈદિક શિક્ષણ તો એ વાણીને જ સચ્ચાઈના દોરડે પકડી
મૂળ સત્ય લગી જવા પ્રેરે છે.
ઋગ્વેદના એક સૂક્ત (૧-૧૬૪-૩૫)માં આવે છે:
વાણીનું મૂળ શું? 'ब्रह्म अयम् वाचः ।'

ઇંદ્રિયો અને વિષયો સાથે જ્યાં સુધી હું જોડાયેલો છું,
ત્યાં સુધી એ વાત હું સમજી શકતો નથી.

'नित्यः सन्नद्धो मनसा चरामि ।'

ઋતની ઉષા જ વાણીની સાચી સમજણ લઈને ઊગી આવે.

વાણીની આ ઉપાસના મનુષ્યને
વાણીના દાસત્વમાંથી અંતે મુક્ત કરે છે. તેના સમગ્ર
વ્યક્તિત્વમાંથી સત્યનો એવો નિરંતર પ્રવાહ વહે છે કે
સત્ય બોલવા - આચરવા માટે તેને પ્રયત્ન કરવો પડતો
નથી, એ જે કાંઈ બોલે - આચરે, તે સત્ય બને છે.

कोषाद् अमोघवचनम् ?
ये च पुनः सत्य - मौन - शम - शीलाः ।

અર્થાત્ઃ જે સત્યનિષ્ઠ, મૌનનિષ્ઠ અને શમશીલ છે,
તેમની વાણી વ્યર્થ જતી નથી.

વાણી અને ઋતનો સીધો સંબંધ
ઋતની ઉપાસનાનો સંદેશ આપે છે.

જ્યાં સુધી મન ઉપર વૃત્તિઓ અને વસ્તુઓનું
ખેંચાણ હશે, ત્યાં સુધી એને પ્રશ્નનો પ્રકાશ નહિ મળે.
એટલે પહેલું જ કાર્ય ધ્યાન અને અભ્યાસ દ્વારા મનને
અચંચળ અને આત્મવશ બનાવવાનું થઈ પડે છે.

વિચાર, વાણી અને વર્તનની એકરૂપાત્મતા વિના
મનુષ્ય આત્મસ્થ અને આનંદ બની શકતો નથી.
જીવનના આઘાત - પ્રત્યાઘાતો વચ્ચે એ
મહિને જતી જે શક્તિને તરી શકતો નથી.
દુઃખ અને શોકથી ભરેલા આ નાશવંત જગતમાં
જ્યાં આત્મભાનનું આવવાનું થયું,
ત્યાં નિત્ય આનંદની ગંગા વહ્યા કરે છે.
છાંદોગ્ય ઉપનિષદમાં નારદ પોતે અનેક વિદ્યાઓ જાણે છે,
તેની લાંબી યાદી રજૂ કરી અંતે સનત્કુમારને કહે છે:
सोऽहं भगवो मंत्रविद् एवाऽस्मि। न आत्मविद्।
श्रुतं मे भगवद् दृशेभ्यः तरति शोकमात्मविद् इति।
सोऽहं भगवः शोचामि तं मा भगवन्
शोकस्य पारं तारयतु। અર્થાત્:
ભગવન્! આ રીતે હું મંત્રવિદ્ છું પણ આત્મવિદ્ નથી.
મેં આપ જેવાઓ પાસેથી સાંભળ્યું છે કે:
આત્મવિદ્ શોકને તરી જાય છે.
ભગવન્! હું શોક કરું છું, તો મને શોકથી પાર ઉતારો.
આત્મવિદ્ થવાના 3 માર્ગ: સત્ય, ધર્મ અને સ્વાધ્યાય.
'सत्यं वद, धर्मं चर, स्वाध्यायान् मा प्रमदः।'

## જીવનસિદ્ધિ મેળવવાના ઉપાય

ભક્તિ વડે પ્રાપ્ત થતી નમ્રતા,
જ્ઞાન વડે પ્રાપ્ત થતી અનાસક્તિ અને
કર્મ વડે પ્રાપ્ત થતી કુશળતા - ત્રણ શબ્દોમાં
ભક્તિની નમ્રતા, જ્ઞાનની અનાસક્તિ, કર્મની કુશળતા -
આ ત્રણ ગુણો વડે જીવનસિદ્ધિ મેળવી શકાય છે.
માણસે નમ્ર બનવું જોઈએ, અનાસક્ત રહેવું જોઈએ અને
કુશળ થવું જોઈએ. એ દ્વારા ભૂતકાળમાં અનેકોએ સિદ્ધિ
મેળવી છે, વર્તમાનમાં મેળવે છે અને ભવિષ્યમાં મેળવશે.

સત = દ્રવ્ય, ઋત = પર્યાય, શુદ્ધ દ્રવ્ય અને શુદ્ધ પર્યાય.

વિશ્વનું પરમતત્ત્વ બે સ્વરૂપમાં વહેંચાયેલું છે:
સત અને ઋત.
સત એ પરમતત્ત્વનું સ્થાણુ (સ્થિર),
અક્રિય, સર્વાતીત, નિર્વિશેષ સ્વરૂપ છે અને
ઋત એ ગતિશીલ, સક્રિય, સર્વમય, સવિશેષ સ્વરૂપ છે,
છતાં બંને અભિન્ન છે.

'સત' એટલે સનાતન અસ્તિત્વ.
'ઋત' એટલે સનાતન મહાનિયમ.
એનું સમ્યગ્દર્શન થવું, તે માનવજીવનનું સાફલ્ય છે.

જૈન દર્શન એમ કહે છે કે:

વસ્તુ નિત્યાનિત્યાત્મક છે, સામાન્ય - વિશેષાત્મક છે,
સદસદાત્મક છે, વક્તવ્યાવક્તવ્ય રૂપ છે.
એમ પરસ્પર વિરુદ્ધ ધર્મોથી એક જ સમયે ગુંફિત છે.
એક છતાં અનેકરૂપે એ તત્ત્વ વિલસિત થઈ રહેલું છે,
એને શિવ - શક્તિના નામે પણ ઓળખાવાય છે.
જીવનમાં એના સંપૂર્ણ સાયુજ્યને અનુભવવું = પુરુષાર્થ.
એ વડે અનંત જ્ઞાન - આનંદ અને
અનંત સામર્થ્યનો અનુભવ કરી શકાય છે.
'સા વિદ્યા યા વિમુક્તયે ।'
મનુષ્યને એના અનંત બંધનોથી મુક્તિ અપાવી વિશાળ
ચૈતન્યમાં ભળી શકે એ વિદ્યા અથવા ઋતંભરા પ્રજ્ઞા.
જે ઋત - પરમસત્યને પ્રત્યક્ષ બનાવી આપે તે ઋતંભરા.
ત્યાં શબ્દોની અને કલ્પનાઓની અવસ્થિતિ નથી,
કિન્તુ અનુભૂતિનો નિર્વાત - નિષ્પ્રકંપ પ્રદીપ ઝળહળે છે.
ઋતંભરા પ્રજ્ઞા થકી અંદરની પ્રાપ્તિ અને
બહારની વ્યાપ્તિ માટે નવી ક્ષિતિજો ઉઘડે છે, ઉપરાંત
વિશ્વચૈતન્યના એક જીવતા - જાગતા
સ્ફુલિંગ થવાનું સૌભાગ્ય સાંપડે છે.

અંતરંગનો પ્રકાશ સહુ એ સહુમાં પ્રકટે,
એ માટે જ્ઞાનગર્ભની દીક્ષા આવશ્યક છે.
અંતરંગ પ્રજ્ઞાનો વિકાસ થતાં પોતે ઊંચેને ઊંચે ચઢતો જઈને મનુષ્યના આનંદ-અનુકંપાની સીમા વિસ્તારે છે.

વ્યાસનું વચન છે કે:

प्रज्ञा प्रासादमारुह्य अशोच्यः शोचतो जनान् ।
भूमिष्ठानिव शैलस्थः सर्वान् प्राज्ञानुपश्यति ॥ અર્થાત્:
પ્રજ્ઞારૂપી મહેલ પર ચડીને શોકરહિત પ્રાજ્ઞ પુરુષ શોકથી ઘેરાયેલા લોકોને જેમ કોઈ પહાડની ટોચ ઉપર ઊભેલો મનુષ્ય ભૂમિ પર રહેલા લોકોને જુએ, એ રીતે જુએ છે.
અંતરંગ પ્રજ્ઞા કોઈ બાહ્યસાધન પર આધાર રાખતી નથી, એ સ્વયંસ્ફુરિત અને સ્વયં પ્રકાશિત છે. તેના મૂળમાં સર્વ પ્રતિ પ્રેમ અને સમત્વનો મંત્ર રહેલો છે, તેથી અંતરંગ પ્રજ્ઞા કેવળ મંગલને જ વરસાવે છે.

૦ આત્મજ્ઞાનમાં નિમગ્ન જીવ સંસારીદશાને વિભાવરૂપ ગણી સદા સ્વભાવદશામાં લીન રહી આત્મરમણતા કરે છે.
શરીર, ધન, ઇંદ્રિયો સંબંધી સુખને
જે ઇંદ્રજાળ સમ લેખે છે, તેને કર્મમળ લાગતો નથી.
પુદ્ગલ ઉપર મમતાવંત થવું તે અજ્ઞાનીનું કર્તવ્ય છે.

રાખી પુરુષ આત્મજ્ઞાનમાં જ મગ્ન રહે છે.

દૂધમાં પાણી અને લોઢાના ગોળામાં અગ્નિ,
તેની જેમ આત્મજ્ઞાન સાથે જે એકમેક થયા છે, તે
આત્માના મૂળ ગુણો પ્રગટ કરી સિદ્ધિપદ મેળવે છે,
માટે આત્મજ્ઞાન અને આત્મરમણતા એ જ મોક્ષનો હેતુ છે.

<u>નવપદનું ધ્યાન ધરવાથી પોતાના આત્માનું સ્વાભાવિક
સ્ફટિક રત્ન જેવું નિર્મળ રૂપ પ્રકાશમાં આવે છે.</u>

અનુભવજ્ઞાનીનું ચિત્ત મેરુ કરતાં ય વધુ નિશ્ચળ હોય છે.
એ અનુભવ આત્મા સાથે
લીન થયેલો હોવાથી કોઈનો ડગાવ્યો ડગી શકતો નથી.
જ્યારે મારા સાહેબે સુનજર કરી સામું જોયું, ત્યાં પછી
અન્ય કોણ સામે થઈ શકે? કે વિરોધી બની શકે?
આ કથન આપવડાઈ રૂપ નથી, પરન્તુ અનુભવની વાત
જણાતાં છુપાવી રાખવી, તે પણ એક પ્રકારનો દંભ છે.

થોડું પણ કપટ કરવાથી
પીઠ અને મહાપીઠ મુનિ મહાદુઃખ પામ્યા.
ધર્મી મનુષ્ય અનુભવવંત હોય,
તો તે ધર્મમાં કપટ ન રાખે અને કપટ રાખે,
તો તે ધીઠ ગણાય, મૂર્ખ મનાય.

એ માટે થોડી પણ દંભ - કપટ - માયા રાખ્યા વિના
જે મેં જાણ્યું અને અનુભવ્યું છે,
તે આત્માના ઉપકાર નિમિત્તે જાહેર કરું છું.
અનુભવવંતની રચના કપટ વગરની જ હોવી જોઈએ.
અહીં મેં કપટરહિત - સુંદર સહિત જે રચના કરેલ છે,
તે અમૃતરસની ધારા રૂપ અનુભવરસને
વારંવાર પીને પૂર્ણ તૃપ્તિનો અનુભવ કરો.

o ઉપાદાન પોતાની શક્તિ છે, જીવનો પોતાનો મૂળ સ્વભાવ છે. નિમિત્ત તે પર પદાર્થનો સંયોગ છે.
નિમિત્તને સઘળો લોક જાણે છે,
ઉપાદાનને માત્ર જ્ઞાની પુરુષો જાણે છે.
અનુકૂળ સંયોગવાળી બાહ્ય વસ્તુને 'નિમિત્ત' કહે છે.
ઉપાદાન તે ત્રૈકાલિક દ્રવ્ય છે,
ઉપાદાન કારણ તે તેનો પર્યાય છે.
ઉપાદાન તરફ વળીને જે ઉપાદાનને કારણરૂપ બનાવે,
તે જીવ મુક્તિરૂપી કાર્યને સિદ્ધ કરે.
ઉપાદાનની શક્તિને જાણવી - સદ્દહવી,
તેમાં રમણતા - સ્થિરતા કરવી તે મુક્તિનો ઉપાય છે.
દહીં થવામાં દૂધ ઉપાદાન છે, છાશ નિમિત્ત છે.

ઉપાદાન શબ્દમાં : ઉપ = સમીપ, આદાન = ગ્રહણ.
જે પદાર્થની સમીપમાંથી કાર્યનું ગ્રહણ થાય, તે ઉપાદાન છે,
તે વખતે જે પરપદાર્થની અનુકૂળ હાજરી હોય, તે નિમિત્ત છે.

જીવની પૂર્ણ શક્તિ તે ઉપાદાન છે,
તેની ઓળખાણ તે જ્ઞાન - દર્શન છે અને
તે શક્તિનું પ્રકટીકરણ તે ઉપાદાન કારણ છે.
ઉપાદાન - શક્તિ - સ્વભાવ અનિશ્ચિત છે.
ઉપાદાનમાં વિશેષતાનું આધાન સ્વયમેવ થતું નથી, કિન્તુ
નિમિત્તના અનુકૂળ સંયોગથી વિશેષનું આધાન થાય છે.
ઉપાદાનમાં કારણતા પ્રકટાવનાર નિમિત્ત છે,
નિમિત્તમાં કારણતાનું આરોપણ કરાવનાર ઉપાદાન છે.
નિમિત્તમાં કારણતા ઉપાદાનથી છે,
ઉપાદાનમાં કારણતા નિમિત્તથી છે.
ઘર બાંધવામાં ઉપાદાન ઈંટ, ચૂનો, પત્થર વગેરે છે,
નિમિત્ત મજૂરી અને એન્જિનેર વગેરે છે અને
પરમ નિમિત્ત ઘર બંધાવનાર તેનો માલિક છે.

o

There are 3 kinds of causes:
One efficient, other formal and
the third is final.

These three are નિમિત્ત કારણ and the fourth is ઉપાદાન કારણ, i.e. Raw material or material cause.

૪ કારણનું દૃષ્ટાંત

(1) ઉપાદાન કારણ = material cause.
(2) મજૂર કડિયાદિ = Efficient cause.
(3) ઈજનેર, પ્લાન આદિ = Formal cause.
(4) મકાન બંધાવનાર માલિક = Final cause.

All the four together make a building or dwelling house.

નિમિત્ત અને ઉપાદાન

પરસ્પરાવલંબી હોવા છતાં બંને સ્વતંત્ર પણ છે.
સાચું જ્ઞાન જ આત્માને મદદ કરે છે, કારણ કે તે પોતાની જ રચના છે.

પરિપૂર્ણ શાશ્વત સ્વરૂપી આત્મામાં ચિંતનનો એક અંશ પણ નથી, તે પરિપૂર્ણ સ્વતંત્ર - સ્વાધીન છે. આપણા નિજ સ્વભાવની અપ્રતિહત પ્રતીતિ તે ક્ષાયિક સમ્યક્ત્વ અથવા ક્ષાયિક સમ્યક્ત્વીની હાજરીમાં જ થાય. દૃઢ પ્રતીતિ માટે દૃઢ પ્રતીતિમાનનું નિમિત્ત જરૂરી છે.

'આખું જગત' કહેતાં જગતના બધા
આત્માની જાત ગ્રહણ કરવા, 'જ્ઞાનીઓ જગતથી પર છે'
અર્થાત્ તેઓ પોતાના સ્વભાવમાં રહેલા છે.
આત્મા પોતાના ઉપાદાનથી સ્વતંત્ર છે.
આત્માની સાચી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા એ જ
કલ્યાણનો માર્ગ છે. કેવળજ્ઞાન અથવા મુક્તિ એ તો
આત્માના સ્વાશ્રિત ભાવમાંથી જ ઉપજેલી અવસ્થા છે.
o સંવેગ = મોક્ષનો રંગ કે મોક્ષ માટે ધર્મનો ઉછરંગ.
સૂરજ એકનો એક છતાં રોજનો રોજ નવનવો અનુભવાય છે,
તેમ ધર્મરંગ રૂપી સંવેગ એક છતાં
નિત્ય ધર્મ આરાધના વખતે નવનવો રંગ અનુભવાય છે.
સંસારને પરઘર રૂપે અને મોક્ષને સ્વઘર રૂપે
જોવામાં નિત્ય નવો નવો વેગ વધારવો, તે 'સંવેગ' છે.

o

Breath is symbolic of our
continuous dependence upon God,
of the continuous flow and supply
from another realm.
We have to trust that
the battle is not yours but God's.

malegaon - 15/4/70

मैत्र्यादि भावो ते अनित्यतादि भावनाओनुं बीज तथा
अनित्यतादि भावनाओ ते मैत्र्यादि भावनानुं बीज छे.
बंने भावनाओ परस्पर अवलंबित छे.
विरक्त आत्मा ज जीवोनुं हितचिन्तन करी शके तथा
हितचिन्तनना ध्येयवाळो ज साचो विरक्त बनी शके.
विरक्ति ए यथार्थ ज्ञाननुं फळ छे.
ज्ञाननां विरक्ति अने विरक्तिनां मैत्री - बे फळ छे.
मैत्री ए ज्ञाननुं मूळ पण छे अने फळ पण छे.
Imp. 'मा कार्षीत्कोऽपि पापानि ।'
'मा च भूत्कोऽपि दुःखितः ।' 'मुच्यतां जगदप्येषा ।'
अर्थात् : कोई पाप न करो, कोई दुःखी न थाओ,
आ जगत मुक्त थाओ.
आ त्रणे भावोने सतत हृदयमां धारण न करनारनी
दरेकना पापमां, दरेकना दुःखमां अने दरेकना संसारमां
सूक्ष्म बुद्धिग्राह्य अनुमति होय छे,
तेथी ते सतत पाप बांध्या करे छे.
सर्व प्रत्ये शत्रुभाव अने उदासीनभाव दूर थईने
मैत्रीभाव आववो, ते ज धर्म माटेनी पात्रता छे.

સર્વ પ્રત્યેની મૈત્રી = જિન પ્રત્યેનો પ્રમોદ.
જિન પ્રત્યેનો પ્રમોદ = સર્વ પ્રત્યેની મૈત્રી.
મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા -
તે વિવેકરત્નનાં ચાર પાસાં છે.
વિવેક એ આત્મશુદ્ધિ જુદી વસ્તુ નથી.
અનિત્યત્વ આદિ સર્વ ભાવનાઓ પણ મૈત્ર્યાદિની
સિદ્ધિ માટે જ છે. અનિત્યત્વાદિ ભાવનાઓ ન હોય,
તે જ જીવો પ્રત્યેના શત્રુભાવાદિનું સ્વરૂપ છે.

○ ગાયત્રીથી બુદ્ધિ નૈર્મલ્ય થાય છે અને
નવકારથી શરણ નૈર્મલ્ય થાય છે અથવા
નિર્મળ બુદ્ધિ તે જ સાચું શરણ છે.

○ એક પદાર્થમાં અનેક ગુણો હોવાથી
દરેકનું દર્શન અધૂરું છે.

સ્યાદ્વાદ એટલે...
સામાના વિચારોને સમજવા માટેનું વિશાળ મન.
જ્યાં વિચારોની આપ-લે કરવાની ઉદારતા છે,
ત્યાં જ પદાર્થનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થાય છે.
અહિંસાનો સિદ્ધાંત સમજાય, તો
મનુષ્યમાત્ર જ નહિ પણ જીવમાત્ર પ્રત્યે આદર જાગે.

- ચિત્રભાનુ

## એક પ્રશ્નોત્તર

**પ્રશ્ન** : તમારા શત્રુઓ હલ્લો કરી રહ્યા છે,
તેને તમે શા રીતે જીતો છો ?

**ઉત્તર** : એકને જીતવાથી પાંચને જીતું છું,
પાંચને જીતવાથી દશને - દશને જીતવાથી સર્વને જીતું છું.
એક એટલે આત્મા. તેને જીતવાથી ચાર કષાયો અને
એ પાંચને જીતવાથી પાંચ ઇંદ્રિયો મળી દશને જીતાય
અને એ દશને જીતવાથી સઘળા જીતાય છે.

0 ઇતરોએ ઈશ્વરની શક્તિરૂપે ઉપાસના કરી,
તો જૈનોએ વીતરાગરૂપે ઉપાસના કરી.
લૌકિક જીવનમાં સહાયકરૂપે
ઇતરોએ ઈશ્વરને પ્રાધાન્ય આપ્યું, ત્યારે વીતરાગત્વ
પ્રાપ્ત કરવા જૈનોએ પ્રધાનતયા ઈશ્વરોપાસના ઉપદેશી.
હકીકતમાં ઉભય પ્રાપ્તિ ઈશ્વરથી થાય છે, થઈ શકે છે.
ઉપાસના કરનારની જેવી ભૂમિકા અને જેવી રૂચિ.

- જંબુવિજયજી, માંડલ, તા. ૨૬/૪/૭૦

0 સારી સૃષ્ટિને અખંડ - અબાધ રીતે માણી શકાય, તે
માટે છિન્ન-વિચ્છિન્ન સંસારનો ત્યાગ કરે, તે સાચો સંન્યાસી.

- ખલિલ જિબ્રાન

## એક વારંવાર પૂછાતો પ્રશ્ન

માત્ર નમસ્કાર મહામંત્રને જ ધારણ કરનાર શ્રાવક
સાધર્મિક બંધુ ગણાય કે કેમ?
એ પ્રશ્નનો ઉત્તર નીચે મુજબ છે:
શ્રી રત્નશેખરસૂરીશ્વરજી પોતાની રચના
'સાધર્મિક વાત્સલ્ય' કૃતિમાં ફરમાવે છે કે:
તમ્હા સવ્વપયત્તેણ જો નમુક્કારધારઓ |
સાવઓ સોऽવિ દટ્ઠવ્વો જહા પરમબાંધવો || અર્થાત:
જે નવકાર મંત્રને ધારણ કરે છે, તે શ્રાવકને પણ
પરમ બંધુ તરીકે ગણવો જ જોઇએ. તેની સાથે કલેશ-
કંકાસાદિ કરવાથી પણ મહાન પાપબંધ થાય છે અને
'પ્રભુના શાસનની આશાતના કરી' એમ કહી શકાય છે.
નવકાર કરે ભવપાર, છે શાસનનો સાર, ૧૪ પૂર્વનો ઉદ્ધાર;
જેના મનમાં છે નવકાર, તેને શું કરે સંસાર?
અર્થાત જેના મનમાં શ્રી નવકાર મહામંત્ર રમે છે,
તેને આ અસાર સંસાર પણ સારરૂપ બની જાય છે.
સંસારની અસારતા પણ તેને માટે સારભૂતતા બની જાય છે,
તેથી નમસ્કાર મંત્રના ધારકને પણ
હૃદયમાં પરમ બંધુની જેમ સ્થાપન કરવા જોઇએ.

પરિજ્ઞાનની શુદ્ધિ માટે ચૌદ પૂર્વધરોએ પણ
ચૌદ પૂર્વનું દોહન કરી કરીને મનને વાળવાનું છે.

'तन्नमः इत्युपासीत ।'

નવકાર મંત્રમાં જેમ ઉપાસના કરનાર નવકારમય છે,
તેમ ઉપાસ્યતત્ત્વ પણ નમસ્કારમય છે.

આત્મતત્ત્વમાં પરિજ્ઞાન એ જ ઉપાસ્ય છે અને
ઉપાસના છે અને ઉપાસક પણ તેનું જ નામ છે.

એ રીતે ઉપાસ્ય, ઉપાસના અને ઉપાસક -
એ ત્રણેની એકતા શ્રી નવકાર મંત્રમાં રહેલી છે.
ઉપાસ્ય, ઉપાસના અને ઉપાસક નમસ્કારમય છે.

સૂત્રથી, અર્થથી અને તદુભયથી
સર્વ શ્રુત શ્રી નવકાર શ્રુતમાં રહેલું છે
અને શ્રી નવકાર આત્મતત્ત્વના પરિજ્ઞાનમાં રહેલો છે.
આત્મતત્ત્વનું પરિજ્ઞાન એ જ પરમાર્થ નવકાર છે.

એ નવકારમાં બાળ બુઢા સહિત
નવકારને ગણનાર, ગણાવનાર અને અનુમોદનાર -
એમ સર્વનો સંગ્રહ થઈ જાય છે.

અર્થચિન્તન અને તેનું પરિજ્ઞાન - એ બંને
અંતે નવકાર અને તેના સૂત્રમાં સમાઈ જાય છે.

V. Imp.

સૂત્ર એ શબ્દરૂપ છે.

વર્ણાત્મક શબ્દ વિચારાત્મક શબ્દમાં,
વિચારાત્મક શબ્દ ભાવાત્મક શબ્દમાં,
ભાવાત્મક શબ્દ સંવેદનાત્મક શબ્દમાં અને
સંવેદનાત્મક શબ્દ એક આત્મતત્ત્વમાં સમાઈ જાય છે,
તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે ફરી ફરીને
પાછો આત્મતત્ત્વરૂપી ઘેરનો ઘેર આવી જાય છે.

આત્મારૂપી ઘરમાં પ્રવેશ કરવા માટે નવકાર એ દ્વાર છે, પ્રતિષ્ઠાન છે, આધાર છે, અહીં સમજને નવકારને ઘટસ્થ કરવાનું અનુમાન કરવું, એ પરમ કર્તવ્ય છે.

(૧) વર્ણાત્મક શબ્દનું મૂળ - વૈખરી
(૨) વિચારાત્મક શબ્દનું મૂળ - મધ્યમા
(૩) ભાવાત્મક શબ્દનું મૂળ - પશ્યંતી
(૪) સંવેદનાત્મક શબ્દનું મૂળ - પરા.

<u>પરા = આત્મતત્ત્વ.</u>

o <u>સાખી</u> : પંડિત ઔર મસાલચી, દોનોં સૂઝત નાહીં,
ઔરોં કો કરે ચાંદના, આપ અંધેરે માંહીં. - <u>કબીર</u>

અવિદ્યામાં વાસ છે જેમનો ને જેઓ ગણે પંડિતધીર જાતને
તે મૂઢ ઘૂમે નિત ગોળ ગોળ, દોરાય અંધો થકી જેમ અંધ.

## પિંડસ્થ ધ્યાનની પાંચ ધારણાઓ

શરીરમાં કર્મભિન્ન નિરૂપાધિક આત્મદ્રવ્યનું ચિન્તન કરવું, તે પિંડસ્થ ધ્યાનની ધારણા છે.

(૧) પાર્થિવી - આત્મધ્યાન રૂપી વજ્ર વડે કર્મપર્વતોને ભેદવા તે પાર્થિવી ધારણા છે.

(૨) આગ્નેયી - આત્મધ્યાન રૂપી અગ્નિ વડે કર્મકાષ્ઠને બાળવા તે આગ્નેયી ધારણા છે.

(૩) વારૂણી - આત્મધ્યાન રૂપી નીર વડે કર્મમેલને ધોવો તે વારૂણી ધારણા છે.

(૪) વાયવી - આત્મધ્યાન રૂપી મારૂત વડે કર્મરજ ઉડાડવી તે વાયવી ધારણા છે.

(૫) તત્ત્વભૂ - ૭ ધાતુજન્ય શરીરરહિત અને જ્ઞાનાદિ ગુણયુક્ત આત્મસ્વરૂપને ધ્યાવવું, તે તત્ત્વભૂ ધારણા છે.

## ચાર પ્રકારના ધર્મધ્યાન

(૧) આજ્ઞાવિચય = પોતાનો આત્મા કેવલજ્ઞાનાદિક ગુણની ખાણ સમાન છે, એમ દૃઢ - નિશ્ચલ શ્રદ્ધા કરવી તે.

(૨) અપાયવિચય = કર્મરૂપી અપાયના નાશનું સાધન ધ્યાન છે, એમ માનવું તે. પરસંયોગ છે, ત્યાં સુધી સ્વ આત્મગુણોની હાનિ છે. કર્મભિન્ન નિજ શુદ્ધાત્મધ્યાન એ શિવસુખનું ધામ છે.

(3) વિપાકવિચય = કર્મની વિચિત્રતાનું ચિંતવન તે.
(૪) લોકાલોકવ્યાપી = આકાશમાં છ દ્રવ્યનું જ્યાં રહેવું છે,
તે લોકાકાશ છે. ત્રિવિધ ગુણનું સ્થાન ત્રણ ભુવન રૂપ
લોકસ્થિતિ ધ્યાવવી, તે ચોથું ધ્યાન છે.
આ પિંડસ્થ ધ્યાનમાં પાર્થિવ આદિ પાંચ ધારણાઓ છે:
આત્મશક્તિના પ્રભાવે કર્મધૂલિ ઉડાડવી તે વાયવી,
આત્મધ્યાનરૂપી નીરથી કર્મમેલને ધોવે તે વારૂણી ધારણા,
આત્મધ્યાનરૂપી અગ્નિથી કર્મકાષ્ઠને બાળે તે આગ્નેયી
અને સાત ધાતુજન્ય શરીરરહિત જ્ઞાનાદિ ગુણવાળું
આત્મસ્વરૂપ ધ્યાવવું, તે તત્ત્વભૂ ધારણા છે.
ધ્યાનથી પ્રકૃતિ કર્મનો નાશ થાય છે અને
રિપુ, વિષધર, વિઘ્નાદિનો નાશ થાય છે.
દેહમાં સિદ્ધ સમ નિજ આત્મધ્યાન તે
રત્નત્રયની પ્રાપ્તિ દ્વારા પરમપદે પહોંચાડનાર છે.
અર્હં અક્ષર એ સર્વ વર્ણ, મંત્ર, પદમાં શિરોમણિભૂત છે.
સર્વ દેવો તેને નમે છે. સૂરજની જેમ અંધકારને હરે છે.
અકાર, રકાર, હકાર, બિંદુ, નાદ અને કલા -
એ છ મળીને જ્ઞાનજ્યોતિ પ્રગટાવે છે.
અર્હં પદ વડે સર્વજ્ઞ અરિહંત પ્રભુનું ધ્યાન થાય છે.

વીતરાગનું ધ્યાન શાંતતા લાવે છે.
રાગીનું ધ્યાન ક્રૂરતા નિપજાવે છે.

આત્મસ્વરૂપમાં સ્થિરતા કરાવે અને વિભાવ ભાવનો ત્યાગ કરાવે, તે ધ્યાન આદરણીય છે. નિરાકાર, અમૂર્ત, શુદ્ધ સનાતન આત્મવિભૂતિનું ધ્યાન તે રૂપાતીત છે. એ જ અગમ્ય ગુહારૂપ અને રહસ્યભૂત છે. આત્મજ્ઞાનમાં આત્માને જોડી અને સામાન્યથી સિદ્ધ સમગ્રતી ધ્યાન કરતાં પરમાત્મતત્ત્વ પ્રત્યક્ષ થાય છે, જે સર્વજ્ઞ છે, સર્વદર્શી છે નિરંજન છે, જગતચક્ષુ છે, ભવમુક્ત છે, નિત્ય છે, ચિન્મય છે, એક છે, પરમ છે. બાહ્યાંતર સમભાવ એકતા વિના ધ્યાનસમાધિ ન સધાય.

તે રૂપસ્થ પર સદા જડથી તન્મયતા તજ સ્વ સદા ચેતનથી એકતા સાધશે. - શ્રીમદ્ દેવચંદ્રજી

૦ જેને તું હણવા માંગે છે, તે તું જ છે.
જેને તું પરિતાપ ઉપજાવવા માંગે છે, તે પણ તું જ છે.
જેને તું દબાવવા માંગે છે, તે પણ તું જ છે તથા
જેને તું મારી નાંખવા માંગે છે, તે પણ તું જ છે. આમ
જાણી સમજુ મનુષ્ય કોઈને હણતો નથી કે હણાવતો નથી.

- શ્રી આચારાંગ સૂત્ર - ૧૬૪

વિશ્વના સમસ્ત જીવો સાથે ભગવાને આત્મ એકરૂપતા સાધી હતી, સર્વ જીવોમાં પોતાના આત્મા જેવા જ આત્માનું દર્શન પોતે કરતાં હતા, સર્વ જીવોના કલ્યાણની કામનામાં જ પોતાનું કલ્યાણ નિહાળતાં હતા.

'ભત્તીઇ વંદે સિરિવદ્ધમાણં।' ॐ Dt. 18/4/70

ભગવાનના જીવનને ૫ વિભાગોમાં વહેંચી શકાય:

(૧) ભગવાનના પૂર્વ ભવો (૨) પ્રભુનું ગૃહસ્થ જીવન
(૩) ભગવાનનો સાધનાકાળ (૪) પ્રભુનું તીર્થંકર જીવન
(૫) ભગવાનનો અક્ષરદેહ - ધર્મોપદેશ.

(૧) પૂર્વભવોનું જીવન કર્મના અટલ નિયમને સમજાવે છે.
(૨) પ્રભુનું ગૃહસ્થ જીવન માતા અને પિતાની ભક્તિ, નિર્ભયતા, આજ્ઞાપાલન, ભ્રાતૃપ્રેમ અને અઢળક સંપત્તિ વચ્ચે પણ જળકમળવત્ નિર્લેપતા રાખવાનું કહે છે.
(૩) પ્રભુનું સાધકજીવન, જે મુખ્યત્વે ૧૨ વર્ષનું હતું, તે તપ - ત્યાગ - સંયમનો મહાન મહિમા સમજાવે છે.
આપણા મન-વચન-કાયાનો ઉપયોગ તપ, સંયમ અને અહિંસા અર્થે જો કરીએ, તો આત્મદર્શનનો આસ્વાદ મળશે.

ક્ષણજીવી કંકરો અને કાચના ટુકડાઓના સ્થાને શાશ્વત સુખના કુંદન અને રત્નોનો લાભ કરીએ.

(૪) ભગવાનના તીર્થંકરપણાનું જીવન પરમ વીતરાગતા, અહિંસા, ભૂતદયા, અનેકાંત અને સમભાવથી ઝળકે છે.

(૫) ભગવાનનો અક્ષરદેહ અભિનવ ધર્મોપદેશરૂપ છે, તે રૂઢ સમ અસમાનાધિકારને મિટાવી નવપ્રકાશ આપે છે.

તે અહિંસા, ક્ષમા, દયા, પ્રેમ, કરૂણા અને
વાત્સલ્યના મહાત્મ્યને સમજાવે છે, ઉપરાંત
અમરધામ પહોંચવાનો અમરપંથ બતાવે છે.

ઇતિહાસમાંથી જે નિષ્કર્ષ - દલસુખભાઈ માલવણિયા

(અ) ભગવાન મહાવીરનો જન્મ ઈ. પૂર્વ ૫૯૯માં થયો, ભગવાન બુદ્ધનો જન્મ ઈ.પૂ. ૬૨૪માં થયો, આ ઉપરથી ભ. મહાવીરનો જન્મ ગૌતમબુદ્ધ પછી ૨૫ વર્ષે થયો છે.

(બ) ભગવાન મહાવીરનું નિર્વાણ ઈ.પૂ. ૫૨૭માં થયું.
ભગવાન બુદ્ધનું નિર્વાણ ઈ.પૂ. ૫૪૪માં થયું.
આ ઉપરથી બુદ્ધનિર્વાણ વખતે
ભગવાન મહાવીરની ઉંમર ૫૫ વર્ષની હતી,
૪૫ વર્ષ સુધી બંને સમકાલીન હતા. બુદ્ધનો જન્મ તથા નિર્વાણ વૈશાખ સુદ ૧૫, વય ૮૦ વર્ષ. પ્રભુવીરનો જન્મ ચૈત્ર સુદ ૧૩, નિર્વાણ આસો વદી ૦)), ઉંમર ૭૨ વર્ષ.

બુદ્ધનિર્વાણ ૨૫૦૦ વર્ષ = ૧૯૫૬,
વીરનિર્વાણ ૨૫૦૦ વર્ષ = ૧૯૭૩.

## પાંડિત્યનો પરિગ્રહ

સૌ કોઈ પાંડિત્યના પરિગ્રહ પાછળ પૂરપાટ દોડી રહેલ છે.
આ પાંડિત્ય એક પડદા જેવું છે,
કે જે મનુષ્યને પ્રિયતમના સતત સંસર્ગથી દૂર રાખે છે.
ફક્ત પુસ્તકો શા કામના છે?
મનુષ્ય ન તો માત્ર પુસ્તકોથી જીવે છે, ન રોટલાથી.
તેને પ્રેમના શિક્ષણની અને પ્રેમના પોષણની જરૂર છે,
એ મોટામાં મોટી વાસ્તવિકતા છે.
ઈશુનું સર્વસ્વ છે તેના પ્રિયતમ પ્રભુની
વિશ્વાસપૂર્ણતામાં પૂરેપૂરી શ્રદ્ધા.
સાધકે સંનિષ્ઠ થવું પરમ આવશ્યક છે.
આપણે એ ભૂલી જઈએ છીએ કે
આપણી અંદર જ એક ચિકિત્સક બેઠેલો છે.
જીવનનાં સઘળાં દર્દો માટે દવા છે: દયા - પ્રેમ - દુવાની
તથા દુઃખ અને વેદના પ્રત્યે પ્રેમના આર્ત પોકારની.
ઔષધિના નિષ્ણાત અને ચિકિત્સા પાસેથી આપણે
ઘાવો-જખ્મો માટે મલમ લેવા જઈએ છીએ, તે વ્યર્થ છે.
ખરો મલમ છે પ્રેમના પુકારનો.
જેણે કદી પ્રેમ કર્યો નથી, એ કદી ખરેખર જીવ્યા નથી.

મનુષ્ય પોતાના પાંડિત્યમાં
સર્વ સંગ્રહકોશ ભેગો ભલે કરે પણ જો તેણે એક
જાણતની એક પ્રેમનો આસ્વાદ માણ્યો નહિ,
તો એનું સઘળું સાહિત્ય નિરર્થક છે, કલેશરૂપ છે.

– ગુરુદયાલ મલ્લિક

વીતરાગ રાગ – દ્વેષરહિત છે,
તે કારણે તેમની શક્તિ અપરિમિત છે.
આત્મશક્તિને આવરિત કરનાર દોષો
જેમજેમ ઓછા થતાં જાય છે, તેમતેમ
તેમની શક્તિ અહિંસા, સંયમ, તપ દ્વારા આવિર્ભાવ પામે છે.
અહિંસા વડે પાપનાશ,
સંયમ વડે દુઃખનાશ અને તપ વડે કર્મનાશ થાય છે.
અહિંસા વડે સર્વ જીવો સાથે,
સંયમ વડે પોતાના આત્મા સાથે અને
તપ વડે પરમાત્મા સાથે ઉચિત વ્યવહાર થાય છે.
જીવો સાથે ઉચિત વ્યવહારથી ક્રોધ, હિંસા અને
તેના સાથે સંબંધિત પાપોનો ક્ષય થાય છે.
આત્મા સાથે યોગ્ય વર્તન કરવાથી
ઇંદ્રિયો અને મનનો અસંયમ જતાય છે.

પરમાત્માનું ધ્યાન, પૂજા, સ્તવનાદિ
કર્મક્ષયનું કારણ બની અભેદભાવે શાંતિ-સમતા અર્પે છે.
કામ-ક્રોધ-લોભ એ ત્રણ નરકનાં દ્વાર ગણાય છે, જે
માતૃવત્પરદારેષુ, પરદ્રવ્યેષુ લોષ્ટવત્, આત્મવત્સર્વભૂતેષુ।
એ ત્રણ પ્રકારના ભાવથી અનુક્રમે ટાળવામાં આવે છે
તથા તે જ અનુક્રમે ચતુર્થ ગુણસ્થાનકે વિકાસ પામી
જ્ઞાન, દાન, શાન્તભાવરૂપે પ્રકટ થાય છે અને ષષ્ઠમ
ગુણસ્થાનકે અહિંસા-સંયમ-તપરૂપે આવિર્ભાવ પામે છે,
તેમ ઉપરના ગુણસ્થાનકે અહિંસા, સંયમ અને તપ
એ ત્રણે આત્મસ્વરૂપને ધારણ કરે છે અર્થાત્
આત્મા પોતે જ અહિંસા, સંયમ, તપરૂપ બની જાય છે.

આરાધના પાલનનું અંતિમ રહસ્ય

આત્માએ આત્મસ્વરૂપમાં રમણ કરવું તે છે,
તેનાં સાધન અહિંસા, સંયમ, તપ છે તથા
તેના સાધન જ્ઞાન, દાન અને શાંતભાવનો અભ્યાસ
અને તેનું પણ પ્રાથમિક સાધન
માતૃભાવ, લોષ્ટભાવ અને આત્મૌપમ્યભાવ છે, જે
ત્રણે ત્રણ ભાવોનું પરિણમન એક આત્મૌપમ્યભાવમાં છે.

ह्रीं ॐ ह्रँ अर्हं ह्रँ ह्रँ अर्हं ह्रँ ॐ ह्रीं

સ્વસ્તિ = સુ + અસ્તિ = સુખ, સુંદર, કલ્યાણ, મંગળ.

અસ્ = સત્તા, અસ્તિત્વ.

'કલ્યાણ હો, થાય છે અને થતું રહે'

એવી અખંડિત - અબાધિત ભાવના સ્વસ્તિકની છે.

સ્વસ્તિ મંત્રનો અર્થ છે કે:

ઈંદ્ર અમારું કલ્યાણ કરે, પૂષા કલ્યાણ આપનાર બને,
અરિષ્ટ નેમિ - વિઘ્નવિનાશકતાર્ક્ષ્ય - ગરુડ કલ્યાણ કરે
તથા બૃહસ્પતિ અમારે ત્યાં કલ્યાણની જ પ્રતિષ્ઠા કરે.

સ્વસ્તિની ભાવનાથી

અંતઃકરણમાં રહેલ શતદલકમલનો સ્પર્શ થાય છે.
જ્યાં શ્રી, શોભા, શુભ સંદેશ, સ્નેહ - સદ્ભાવ, ઉલ્લાસ
અને સૌહાર્દ છે, ત્યાં સ્વસ્તિકની ભાવનાનું અસ્તિત્વ છે.

卐 સ્વસ્તિકમાં 卐

શાશ્વત જીવન, શાશ્વત મંગળ અને શાશ્વત સુંદર -
તે ત્રણે તત્ત્વો એકરૂપ થયેલાં જોવા મળે છે અને
એની ઉપાસના આ જગતના દરેક દેશ અને પ્રજામાં
જુદી જુદી રીતે સનાતન કાળથી થતી જ આવી છે.

o

Dot the 'i's = તમારા અહંને છોડો.

Cross the 't's = સૌ ભદ્રંકર બનો.

Pali, 22/4/70

પરાશર મુનિનો દશમો સિદ્ધાંત છે કે
પરમાત્મા પ્રત્યેની ભીતિ - પ્રીતિ સમાનપણે જગાવો.
પરમાત્મસ્વરૂપ પ્રત્યે પ્રત્યેક વ્યક્તિ
આત્મમયતાની ભાવના કેળવે, એ અત્યંત જરૂરી છે.
તત્ત્વો વિચારતાં તે બે છે, માટે દ્વૈતવાદ સત્ય છે.
આત્મકલ્યાણ વિચારતાં તત્ત્વો બે નહિ પણ એક છે,
માટે અદ્વૈતવાદ સત્ય છે.
વિશ્વવાત્સલ્ય એ અદ્વૈતભાવનું ફળ છે.
ભક્તિ માટે અદ્વૈતવાદ છે, વિરાગ માટે દ્વૈતવાદ છે.
પુનર્જન્મનો આધાર કર્મ તથા કર્મનો આધાર આત્મદ્રવ્ય છે.

૧. પ્રાણપ્રદાનાં મધ્યે અહિંસા શ્રેષ્ઠા ।
૨. બલપ્રદાનાં મધ્યે વીર્યં શ્રેષ્ઠં ।
૩. બૃંહણાનાં મધ્યે વિદ્યા શ્રેષ્ઠા ।
૪. સુખપ્રદાનાં મધ્યે તત્ત્વબોધઃ શ્રેષ્ઠઃ ।
૫. મોક્ષપ્રદાનાં મધ્યે બ્રહ્મચર્યં શ્રેષ્ઠં ।

(૧) પ્રાણદાતામાં અહિંસા શ્રેષ્ઠ (૨) બલદાતામાં વીર્ય શ્રેષ્ઠ (3) બૃંહણમાં વિદ્યા શ્રેષ્ઠ (૪) સુખપ્રદાતામાં તત્ત્વબોધ શ્રેષ્ઠ તથા (૫) મોક્ષ આપનારાઓમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

○ मनग्लानि ओजक्षय का हेतु है।
अष्ट - बिन्दु - प्रमाणं पीत - वर्णमोजः।
ओज का स्थान हृदय में है।
हृदय का स्थान मूर्धा स्थान में है।

○ જ્યારે આપણે ભિન્નતા જોઈએ છીએ,
ત્યારે તે અંધકાર છે.
જે અસત્ય છે, તેનું ખરું અસ્તિત્વ નથી.
'असतो मा सद्गमय। तमसो मा ज्योतिर्गमय।
मृत्योर्माऽमृतं गमय।' આ પ્રાર્થનાનો અર્થ છેઃ
ભિન્નતા દર્શાવનારા અંધકારમાંથી મને પ્રકાશમાં
લઈ જાઓ કે જેમાં હું સર્વને અભિન્નરૂપે જોઉં.
વસ્તુતઃ અંધકારનું અસ્તિત્વ છે જ નહિ.
મુશ્કેલી માત્ર ભક્ત માટે હોય છે,
તે ઈશ્વર પ્રત્યે દોરી જવા માટે આવેલી હોય છે.
જીવને ભય લાગે છે, તેનું કારણ માત્ર એક જ છે,
કે તે બાકીનાને પોતાથી ભિન્ન તરીકે જુએ છે.
જ્યાં ભેદ છે, ત્યાં ભય છે અને અભેદ ત્યાં અભય છે.
ભેદની ભાવના એ જ સર્વ અનિષ્ટોનું, આપદાઓનું,
ભય, અણગમો અને ધિક્કારનું મૂળ છે.

સર્વ પ્રાણી સાથે જ્યારે એકતાનો અનુભવ થાય છે,
ત્યારે ભય જેવું કાંઈ રહેતું નથી.

સંતોની દૃષ્ટિમાં દ્વૈતની કોઈ ભાવના હોતી નથી.

ઈશ્વર કેવળ પવિત્રતા છે,
એનું નિરંતર સ્મરણ કામ, ક્રોધ, લોભમાંથી છોડાવે છે.

ઈશ્વરના વિચારપૂર્વક જે કાંઈ કર્મ થાય છે,
તે એક પ્રકારની ભક્તિ જ છે.

મનુષ્ય જીવનનો ઉદ્દેશ પરમાત્મપ્રાપ્તિ માટે જીવવાનો છે.
દૃષ્ટિને અંતર્મુખ વાળીને ત્યાં પરમાત્માને પામી પોતાની
જાતને સંપૂર્ણ સુખ અને બંધનમુક્ત કરી શકાય છે.
ઈશ્વર ઐક્ય માટે છે, એકરાગ અને અભેદ માટે છે
અને એ કારણે જ ઈશ્વરનું ધ્યાન ધરવું જોઈએ.
જ્યારે આપણે ઈશ્વર વિષે વિચાર કરીએ છીએ, ત્યારે
આપણા સાચા સ્વરૂપ માટે વિચાર કરીએ છીએ,
જે સર્વવ્યાપી - સચરાચર સૃષ્ટિનો આત્મા પણ તે જ છે.
પ્રભુસ્મરણ તે એક રીતે આપણી જાતનું જ સ્મરણ છે.
જે સંકુચિત નહિ પણ વિશ્વવ્યાપી છે, તે ઈશ્વર છે.

મનનું પ્રશાંતપણું એ જ વિશ્વવ્યાપી
પરમ સત્યનો અનુભવ લેવાનું પ્રથમ પગથિયું છે.

એ પરમ સત્ય સાથે એકતા અનુભવાય છે,
ત્યારે સમજાય છે કે જન્મ-મરણ એ ફક્ત દેહનો છે.
આત્મા કે જે પરમાત્મા સાથે અભિન્ન છે,
તેને માટે જન્મ-મરણ નથી, તેથી જ પ્રાર્થના કરીએ
છીએ કે મૃત્યુમાંથી મને અમૃતની સમીપે લઈ જા.
આત્મા સત્ છે, બાકી બધું અસત્ છે,
આત્મા પ્રકાશ છે, બાકી બધું અંધકાર છે,
આત્મા અમર છે, અમૃત છે,
બાકી બધું મર્ત્ય છે, મરણશીલ અને વિનાશી છે.

<u>દુષ્કૃતમાંથી છૂટવું એટલે...</u>

અસત્માંથી સત્માં જવું, અનાત્મામાંથી આત્મામાં જવું.

<u>સુકૃતમાં જવું એટલે...</u>

અંધકારમાંથી છૂટીને પ્રકાશમાં જવું.
અનાત્મા એ અસત્ છે - અંધકાર છે,
આત્મા એ સત્ છે - જ્યોતિર્મય છે.
અશરણમાંથી શરણમાં જવું એટલે...
અનાત્મામાંથી આત્મામાં જવું.
આત્મા એ જ સત્, આત્મા એ જ ચિત્
અને આત્મા એ જ આનંદ છે,
તે સિવાયનું બધું અસત્, અચિત્ અને અનાનંદ છે.

અનાત્મા એ જ દુષ્કૃત, દુર્ગુણ અને અસહાય છે.
આત્મા એ સુકૃત, સદ્ગુણ અને પરમ સહાય છે.
નામ જપીને પરમાત્માને પ્રાપ્ત કરવા તે જપયજ્ઞ છે.
જપ વડે પૂજા, જપ વડે દાન અને
જપ વડે સંગતિકરણ - એકીકરણ. 'પ્રભુનામ એ કોઈ
દૂરના ધ્યેય માટેનું સાધન નહિ પણ ધ્યેય પોતે જ છે'
એવી અનુભૂતિ કરવી જોઈએ.
જપ, જાપ અને જપનાર - ત્રણે એક જ છે.
જેમ કંજૂસ માણસનું મન પૈસા તરફ વળે છે,
તેમ ઉદાર માણસનું મન ઈશ્વર તરફ વળવું જોઈએ.
'હું ઇચ્છનીય વસ્તુને ચાહું તેના કરતાં આત્માને વધુ
ચાહું એવું મારું મન બનાવો' એ પ્રાર્થના સર્વશ્રેષ્ઠ છે.
'સર્વાધિક - સુદૃઢસ્નેહો ભક્તિઃ |'
સર્વથી અધિક અને અત્યંત દૃઢ સ્નેહ તે ભક્તિ કહેવાય.
'યોગ' એટલે ઈશ્વર સાથેનું મિલન.
સર્વ કર્મ ઈશ્વરાર્પણ કરવા તે કર્મયોગ,
સર્વ સ્નેહ ઈશ્વર પ્રત્યે કરવો તે ભક્તિયોગ તથા
વિચાર અને વિવેક દ્વારા પરમ સત્ય સાથે
અદ્વૈતનો અનુભવ કરવો તે જ્ઞાનયોગ છે.

જ્ઞાન વડે આત્માને ઓળખવો, પ્રેમ વડે આત્માને ચાહવો
અને ક્રિયા વડે આત્માને પામવો,
તે અનુક્રમે જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ છે.
કર્મ વડે કારક, પ્રેમ વડે ચાહક અને જ્ઞાન વડે પરીક્ષક
જે તત્વ છે, તે જ આત્મતત્વ છે, ઈશ્વરતત્વ છે, પરમ
તત્વ છે. એવી અનુભૂતિ કરવી તે ત્રિવિધ યોગનું ફળ છે.

० या प्रीतिरविवेकानां विषयेष्वनपायिनी ।
त्वामनुस्मरतः सा मे हृदयान्माऽपसर्पतु ॥१॥

– પ્રહ્લાદ પ્રાર્થના (પરિશિષ્ટ-૧૬)

જાણવું એક વાત છે અને અનુભવવું એ બીજી વાત છે.
ક્રિયા, સ્નેહ, જ્ઞાન વડે આત્માને અનુભવવો એ યોગ.
જ્ઞાનનું શોધ, સ્નેહનું પાત્ર અને ક્રિયાનું ધ્યેય
જ્યારે આત્મા બને છે, ત્યારે તે બધું સાર્થક થાય છે.

Self experience through body, mind & soul is the goal of all religious rites and all spiritual ceremonies.

ભય-ચિંતાથી મુક્ત થવું હોય કે શાંતિ-આનંદનો પૂરો
અનુભવ લેવો હોય તો તે જ્યાં છે, ત્યાં જવું જોઈશે.
શાંતિ અને આનંદ એક આત્મામાં જ ભરેલો છે.

તેને ભૂલમાંથી જ ભય અને ચિંતામાં સબડવું પડે છે. દ્રષ્ટા અને દૃશ્ય વચ્ચેનો ભેદ અદૃશ્ય થવો જોઈએ.

તે અવસ્થા દ્વૈતભાવનાથી પર જઈને અને દ્વૈત ભાવનાનું અદ્વૈતમાં રૂપાંતર કરીને પામી શકાય છે.

અદ્વૈતની સ્થિતિને શાસ્ત્રમાં બ્રાહ્મી સ્થિતિ, બ્રહ્મમાં સ્થિરતા, પરમ ચૈતન્યમયતા તરીકે ઓળખાવી છે. તમે જીવનને વિશ્વજીવન કે વિશ્વચૈતન્ય સાથે એકરૂપ અનુભવો છો, ત્યારે ગુરુ અને શિષ્ય, પ્રભુ અને ભક્ત, વિશ્વ અને તમે - બધું વિલીન થઈ એક જ સત્તા રહે છે. જ્યારે તમે પરમાત્મા કે જે તમારું અમર સ્વરૂપ છે, તેની મોટાઈ અને મહિમા તમારી દૃષ્ટિ સમક્ષ લાવો છો અને તે પણ પરમાત્માના સતત ચિન્તન, સ્મરણ દ્વારા, ત્યારે તમારામાંથી અહંભાવ ક્રમે ક્રમે ખરી જાય છે અને તમે એના સ્થાને પરમાત્મારૂપે જ દેખાઓ છો. આ સિદ્ધિ પામવાનો ઉપાય છે. એ કેવળ બુદ્ધિના પ્રયત્નથી થતું નથી, પણ તમારી જાતને પરમાત્મા પ્રત્યે નમ્ર બનાવવાથી થઈ શકે છે. 'તમે ઈશ્વર છો' એ પ્રકારે શબ્દોથી માત્ર બોલો; તે કદાપી નહિ જ ચાલે. અરે, ત્યાં તો શુદ્ધ સ્વાભાવિક ઊંડા અનુભવની જરૂર છે.

સદા દ્વૈતની ભૂમિકા ઉપર રહેવું અને સુખ - દુઃખ,
માનાપમાન, લાભાલાભ વગેરે દ્વંદ્વોની અસર તળે જ
રહ્યા કરવું અને છતાં પણ કહેવું કે 'અહં બ્રહ્માસ્મિ |'
'હું બ્રહ્મ છું, પ્રભુની સાથે એક છું' એ આત્મવંચના છે.

શાસ્ત્ર જ્યારે નામજપ કરવાનું કહે છે,
ત્યારે જે તમારું શુદ્ધ સ્વરૂપ છે,
જે પરમેશ્વરસ્વરૂપ છે, તેનું જ નામ લેવાનું તે કહે છે.

નિર્વિકલ્પ સમાધિ એટલે...
પરમાત્મામાં એકરૂપ થઈ ઓગળી જવું.

અહંકારને સદંતર દૂર કરવો,
એ ઘણી મોટી ભોગ - ત્યાગ માંગી લે છે,
જેને માટે સાધારણ જીવાત્મા તૈયાર હોતો નથી.
એ કુરબાની તમારી જાતને ક્રમશઃ તૈયાર કરવી જોઈએ.
બધી સાધના મનને શાંત કરવાના ઇરાદાથી કરવી જોઈએ.
સંપૂર્ણ શાંત થયેલું મન એ હિરણ્યગર્ભ છે.
જે મનુષ્ય પોતાના કામના - વાસનાવશ મનથી દોરવાય,
તે અજ્ઞાનમાં જીવે છે અને ખરાબ રીતે દુઃખ વેઠે છે.
જ્યારે તમે સારું - હિતકારક કામ કરવા તૈયાર હો છો,
ત્યારે તે ન કરવાનું તમને મન કહે છે.

અંતે સારું શું છે? અને ખોટું શું છે?
જે વિચાર કે પ્રવૃત્તિ ઈશ્વર તરફ દોરી જાય તે ખરી છે,
સારી છે અને ઈશ્વરથી દૂર લઈ જાય તે ખોટી-ખરાબ છે.
જ્યારે આપણે ગર્વવાળા હોઈએ છીએ,
ત્યારે ઈશ્વરથી આપણે ઘણાં દૂર હોઈએ છીએ.
પોતાની જાતને મહાન માનવી એ તુચ્છ વાત છે અને
પોતાની જાતને તુચ્છ માનવી તે મહાન વાત છે.
આ દુનિયાને આપણે ચાહીએ છીએ,
તેના કરતાં આપણે પ્રભુને વધારે ચાહવા જોઈએ.
દુઃખ અને પાપમાત્રનું મૂળ જીવનો અહંકાર છે. આપણું
કર્તવ્ય આ અહંકારનો જન્મ કેમ થયો તે શોધવાનું નથી,
કિન્તુ તે અહંકારને કઈ રીતે દૂર કરવો તે શોધવાનું છે.
એક પંખી પિંજરામાં પકડાય છે, ત્યારે
એને પોતે કેમ કરીને પકડાઈ ગયું એની ચિંતા નથી પરંતુ
એ પાંજરામાંથી કેમ છૂટી શકાય, તેની જ મથામણ કરે છે.
અહિંસા એ આયુપ્રદ છે,
વીર્ય એ બળપ્રદ છે, વિદ્યા એ બુદ્ધિકારક છે,
તત્ત્વબોધ એ સુખપ્રદ છે તથા
બ્રહ્મચર્ય એ મોક્ષપ્રદ છે.

સ્વર્ગપ્રદ સર્વ વસ્તુઓમાં અહિંસા શ્રેષ્ઠ છે,
ફલપ્રદ અને હિતકારક સર્વ વસ્તુઓમાં
વીર્ય અને વિદ્યા શ્રેષ્ઠ છે તથા
સુખપ્રદ અને મોક્ષપ્રદ સર્વ વસ્તુઓમાં
તત્ત્વજ્ઞાન અને બ્રહ્મચર્ય શ્રેષ્ઠતમ છે.
મોક્ષનું મૂળ બ્રહ્મચર્ય છે.
ધર્મનું મૂળ અહિંસા અને દયા છે,
કામસુખનું મૂળ સાધન અને વીર્ય છે,
અર્થપ્રાપ્તિનું મૂળ વિદ્યા અને વિનય છે.
સર્વ પુરુષાર્થનું મૂળ વિદ્યા, વિનય, સાધન અને વીર્ય છે.
ધર્મનું મૂળ વિશેષ કરીને અહિંસા છે,
મોક્ષનું મૂળ વિશેષ કરીને બ્રહ્મચર્ય છે.
બ્રહ્મચર્યના અભાવમાં મોક્ષનો અભાવ છે,
અહિંસાના અભાવમાં ધર્મનો અભાવ છે,
વિનયના અભાવમાં અર્થનો અભાવ છે,
વીર્યના અભાવમાં કામસુખનો અભાવ છે.
જીવમાં રમમાણ થાઓ, તે અર્થે અહિંસાનું પાલન કરો,
તે અર્થે વિનયની વૃદ્ધિ કરો, તે અર્થે વીર્યનું રક્ષણ કરો.
અહિંસા અને જીવને તથા વિનય અને વીર્યરક્ષાને સંબંધ છે.

षट् प्रयोग — malegaon - 18/4/70

१. अष्ट महाकर्म रिपु मारन को 'मारन' है।
२. अनुभव मोहिवे को 'मोहन' उच्चार है।
३. विषयकषाय आदि दोष को 'उच्चाटन' है।
४. आकरखन करे निज रिधि सो अपार है।
५. मन को कुमारगतें रोकिले को 'स्तंभन' है।
६. शिववधू काज वशीकरण उदार है।
षटों है प्रयोग जिनराज नाममंत्र हू को।
कहे अमीरिख सबे मंत्रन को सार है ॥१५॥

* आकरखन = आकर्षण * कुमारगतें = कुमार्गसे
* अमीरिख = अमीऋषि

- श्री अमृत काव्यसंग्रह, पृ - २०,
रचयिता : पं - मुनि श्री अमिऋषिजी म०,
प्रकाशक : श्री रत्न जैन पुस्तकालय,
पाथर्डी (अहमदनगर).

आकृष्टिं सुरसम्पदां विदधति मुक्तिश्रियो वश्यतां।
उच्चाटं विपदां चतुर्गतिभुवां विद्वेषमात्मैनसां।
स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्य संमोहनं।
पायाद् पंच नमस्क्रियाऽक्षरमयी साऽऽराधना देवता ॥
(परिशिष्ट-१७)

શ્રી જિનરાજના નામનો મંત્રપ્રયોગ છ પ્રકારે થાય:

(૧) મારણ = કર્મશત્રુનું.

અષ્ટ મહાકર્મને મારવા માટે મારણ છે.

(૨) મોહન = અનુભવરસનું.

અનુભવ રસને મોહિત કરવા માટે મોહન છે.

(૩) ઉચ્ચાટન = વિષય - કષાયનું.

વિષય - કષાયાદિ દોષો માટે ઉચ્ચાટન છે.

(૪) આકર્ષણ = આત્મઋદ્ધિનું (ઋદ્ધિ - સિદ્ધિનું)

નિજ આત્માની અપાર ઋદ્ધિનું આકર્ષણ છે.

(૫) સ્તંભન = કુમાર્ગનું.

મનને કુમાર્ગે જતાં રોકવા માટે સ્તંભન છે.

(૬) વશીકરણ = શિવવધૂનું.

શિવવધૂને વશ કરવા માટે ઉદાર વશીકરણ છે.

શ્રી નવકાર મંત્ર આઠ કર્મને હણનાર છે, તે મારણ અનુભવનું મોહન છે, વિષય - કષાયનું ઉચ્ચાટન છે, આત્મઋદ્ધિનું આકર્ષણ છે, કુમાર્ગનું સ્તંભન છે, શિવવધૂનું વશીકરણ, મારણાદિ છ પ્રયોગોનું સાધન તથા સર્વ મંત્રોમાં સાર છે. ઉપાધ્યાયજી કહે છે કે:

શ્રી જિનરાજનું નામ એ સર્વ મંત્રોનો સાર છે.

અભેદભાવાદિ ભગવંતો આ પાંચ પરમેષ્ઠિઓને કરેલો નમસ્કાર ભેદભાવ રૂપી પાપનો નાશ કરે છે અને અભેદભાવ રૂપી સર્વ મંગળોમાં પ્રધાન મંગળને લાવે છે.

અરિહંત - અભય, સિદ્ધ - અક્ષય,
આચાર્ય - અનિન્દ્ય, ઉપાધ્યાય - રુચિ, સાધુ - કરુણ.

અર્હદાદિ અભય, અક્ષય, અનિન્દ્ય, રુચિ અને કરુણ એ પાંચ ભાવોની સાધના થાય છે, તેથી ભય, ક્ષિણતા, અનૈશ્વર્ય, અરુચિ, અકરુણ આદિ ભાવોનો નાશ થાય છે.

અરુચિ = 'હું સિદ્ધની રુચિ નહીં' એવો ભાવ.
અકરુણ = 'હું સિદ્ધકરુણ નહીં' એવો ક્ષુદ્રભાવ, તુચ્છભાવ.

## પંચપરમેષ્ઠિઓને પ્રણામ શું કરે ?

અભયાદિ અનેક ગુણોથી ભગવંતો અને અર્હદગુણિના નિધાન એવા પંચપરમેષ્ઠિઓને કરેલા પ્રણામ વડે સંશય, વિપર્યય અને અનધ્યવસાયનો ભાવ પ્રણાશન પામે છે તથા મંગળ - કલ્યાણ - શુભ - પ્રશસ્ત - હિતભાવ વગેરે શુભભાવો જાગે છે, જે નમસ્કારનું સાક્ષાત્ ફળ છે.

o

*Aspiration is sweeter than realisation.*

## નમસ્કાર સ્વાધ્યાય, પ્રાકૃત વિભાગ

## પૃ - ૭૩, પંક્તિ ૧૮ - ૧૯ - ૨૦ - ૨૧

'સદ્ગુણોથી પ્રકર્ષપણાને લીધે જે પુરુષો સ્તુતિ આદિને યોગ્ય હોય, તેઓ 'અર્હ' કહેવાય છે અને તેમાં અંત સહિત પ્રકર્ષને પામેલા હોવાથી અરિહંતો 'અર્હંત' પણ કહેવાય છે, કારણકે તેમના જેવા બીજા કોઈ શ્રેષ્ઠ પુરુષો હોતા નથી.'
'ચૈત્યવંદન મહાભાષ્ય'ના કોઈ શ્લોકનું આ ભાષાંતર છે.

૦ મનને ભોગ તરફથી ભાવ તરફ,
ભાવ તરફથી ભક્તિ તરફ અને
ભક્તિ તરફથી સ્વસ્થતા તરફ વાળો.

સ્વસ્થતા = આત્મભાવ વૃત્તિ.

અંતર્મુખ થવું = મનનો અભ્યાસ કરવો.

મનન = મુનિ - મૌન - પાપાકરણનિયમ તરફ લઈ જાય તે.

સર્વોદયભાવ મનન વડે
માનનીય, વંદનીય અને પૂજનીય બને છે.

ક્રોધની પુત્રી દુરુક્તિ - કર્કશ વચન છે.

ઇંદ્રિયોને ભક્તિરસમાં તરબોળ રાખો.

પ્રકૃતિ ઉપર વિજય એટલે સ્વભાવ ઉપર કાબૂ.

પ્રકૃતિને વશ થાય તે જીવ - પ્રકૃતિને વશ કરે તે શિવ.

કામ એ રાવણ છે - ૧૦ ઈંદ્રિયો તેનાં મસ્તક છે,
તેથી તે આકાર સ્થળોએ રહેલો છે.
કામને મારે તે રામ.
ત્રિગુણનો નાશ કરી નિર્ગુણ બને તે અત્રિ.
તમોગુણની અધિકતા રજોગુણથી અને
રજોગુણની અધિકતા સત્ત્વગુણથી નષ્ટ કરી.
રજોગુણ એ કામ - ક્રોધનો જનક છે.
સત્કર્મથી સત્ત્વગુણ વધે છે, તે પણ બંધનકારક છે,
કારણ એમાં થોડો અહંભાવ રહી જાય છે.
માટે છેવટે સત્ત્વગુણનો નાશ કરવા ગુણાતીત થવું.
બુદ્ધિનો મોટામાં મોટો દોષ અસૂયા - મત્સર છે.
જેની બુદ્ધિ અસૂયા વિનાની હોય,
એ જ અનસૂયા બને તથા એ જ અત્રિ બને.
પ્રભુના સ્મરણથી બુદ્ધિ જાગ્રત થાય છે.
<u>ભગવાન ન બનાય તો પણ ભગવાનના તો બનો જ.</u>
પ્રતિકારની શક્તિ હોવા છતાં જે સહન કરે, તે ધન્ય છે.
મન કરે તે કરો નહિ, આત્મા કહે તે મન પાસે કરાવો.
વિશ્વંભરને સુખ આપે તે વાસના સાત્ત્વિક છે.
જગત અને જગદીશને અનુકૂળ થાય તેવી વાસના કરો.

પોતાના સ્વાર્થને અનુકૂળ થાય, તેવી વાસના ન કરો.

જેટલો અહંકાર ઓછો, તેટલું સુખ અધિક.

પહેલાં અહંકાર સદ્‌ગુણોનો કરો પછી ભક્તિનો કરો,

કિન્તુ ધન અને સત્તાનો અહંકાર કદી ન કરો.

સંકલ્પ, ક્રિયા અને ફળ - એ ત્રણ મળી કૃતિ થાય છે.

'એ બધું પ્રભુ જ કરે છે' એમ મનમાં ઠસાવો.

દુઃખનો અંત લાવવા દૃષ્ટિકોણ બદલો.

એક માણસે એક આંખ ગુમાવી, તે રડવા લાગ્યો.

બીજા માણસની એક આંખ બચી ગઈ, તે હસવા લાગ્યો.

દરેક સંયોગોમાં તટસ્થ રહો. સુખ કલ્પિત છે.

પહેલાં કોળિયામાં જે સુખ છે, તે બીજામાં નથી અને

ત્રીજા કોળિયામાં તો રસ ઓછો જ થઈ જાય છે.

'સુખ કલ્પિત છે' એનો આ દાખલો છે.

અનિષ્ટ ઘટનાને ઇષ્ટ ગણો.

સગપણ સુખ સાથે નહિ, આત્મા સાથે કરો.

જગતની ઘટનાઓને કોઈ બદલી શકતું નથી,

ફક્ત Outlook જ બદલી શકાય છે.

'ગીતા' વાંચ્યા બાદ છોકરો મરે જ નહિ એવું નથી પણ

એ મરે તેનો આઘાત ન લાગે, તકલીફ ન થાય,

એ 'ગીતા' ગ્રંથના વાંચનનું ફળ છે.

મહાપુરુષો દુઃખી થઈ શકતા નથી અને
છગનભાઈ સુખી થઈ શકતા નથી,
એનો આધાર outlook ઉપર છે.
અનિષ્ટ ઘટનાને ઇષ્ટ કરાવવાથી જ દુઃખ દૂર થાય છે
નથી, તે વસ્તુ અભ્યાસ અને સાધનાથી શક્ય જ છે.
સંતોને ભગવાન પણ દુઃખી કરી શકતા નથી,
માટે સંતો અપેક્ષાએ ભગવાનથી પણ મહાન છે.
કર્મ ન છૂટે તો સત્કર્મ કરો.
ભગવદ્ગુણોનું કથન કરો, શ્રવણ કરો, ભગવત્પ્રીત્યર્થ
કર્મ કરો, ભલે પછી તે શરીર, વચન કે મનનું હોય.
'ભગવત્પ્રીત્યર્થ'નો અર્થ ભગવદાજ્ઞાનું પાલન.
આજ્ઞાપાલન અર્થે કર્મ કરો.
ચૈતન્યના અણુએ અણુમાં ભગવાન છે, તેથી જગતમાં
શાશ્વત પ્રભુનામ છે, આત્મા જ શાશ્વત છે,
શાશ્વત એવો આત્મા પોતાની અંદર જ રહેલો છે.
શરીર એ તો ભસ્મ છે, એક મુઠ્ઠી રાખ છે તથા
એટલા માટે જ શિવજી શરીર ઉપર ભસ્મ ચોળે છે.
માનવનું શરીર તપ તપવા માટે છે,
જે તપ ન કરે, તેનું પતન થાય છે.

માનવનું લક્ષ્ય ભોગ કે ભોજન નહિ પણ
ભક્તિ તથા ભજન હોવું જોઈએ.

સદ્ભાવ અને સમભાવ સિદ્ધ કરવા માટે
સત્નો સંગ અને સર્વમાં ઈશ્વરભાવના જરૂરી છે.

સુરુચિ એટલે મનગમતી ઇચ્છા તે માનીતી રાણી છે,
જ્યારે સુનીતિ અણમાનીતી છે.

ઇંદ્રિયોના ગુલામને ઇંદ્ર - ઈશ્વરસ્વરૂપનું ભાન ન થાય.

રુચિને આધીન બને તે દુરાચારી થાય,
નીતિને આધીન બને તે સદાચારી થાય.

સુરુચિનો પુત્ર ઉત્તમ છે, સુનીતિનો પુત્ર ધ્રુવ છે.

ભોજનાનંદ તે વિષયાનંદ, ભજનાનંદ તે જ બ્રહ્માનંદ.

જુવાનીમાં અનિશ્ચિતતા, ચંચળતા, અવિચારિતા હોય છે,
તથા ઉત્કટતા, સમર્પણતા, ભાવપ્રધાનતા પણ હોય છે.
ભક્તમાં પણ આ બધા ગુણો હોવા જોઈએ.
ભગવાન પ્રત્યે ભક્તિ હોવાથી ઉત્કટતા અને
વિશ્વાસ હોવાથી અવિચારિતા હોય છે.

o

Ladders of heaven = ગુણસ્થાનકો - મોક્ષપગથિયાં.
Lifelong efforts in sadhana gives
a man lifelong happiness.

## અહિંસા એટલે...

ભગવાનને માટે આત્મસમર્પણ, અન્યની નિંદાથી દૂર રહેવું,
ક્ષમા, આત્મનિરીક્ષણ, મારાપણાંના ભાવનો ત્યાગ અર્થાત્
'મેં કર્યું' એવા ભાવનાનો ત્યાગ.
'અહિંસા' એટલે જીવમાત્રનું ઐક્ય.
'હું' એટલે અખંડ ચૈતન્યનો અંશ.
'આત્મસમર્પણ' એટલે 'પોતે પોતાને આપી દે'
એવી ભાવના તથા 'અહિંસા' એટલે
પોતાપણાંને ભૂલીને આત્મસમર્પણનું પાર કાર્ય.
આત્મસમર્પણનો મુખ્ય અર્થ
પરમાં આત્મબુદ્ધિ સમર્પીને પરનું કાર્ય કરવું.
અહિંસા એ કેવળ સદ્‌ગુણ નહિ, કિન્તુ
જીવનનો વિધાયક કાર્યક્રમ છે,
જે એક મહાન શક્તિનું નિર્માણ કરીને વિશ્વશાંતિ
માટે એક શાંત શક્તિનો માર્ગ સરળ બનાવે છે.
ભારતનો આત્મા એટલે અહિંસા. મન-વચન-કાયાથી
અહિંસાનું આચરણ તે ભારતની સાધના છે.
હિંસા વડે બીજાને જીતે કે હારે છે,
તેથી બંને દુઃખી થાય છે.

સત્તા એ સ્વાતંત્ર્ય નહિ, કિન્તુ સાધના એ સ્વાતંત્ર્ય છે.
સાધનાથી મુક્તિ સાધ્ય છે. બધા જીવો સુખની શોધમાં છે.

'બીજાને સુખ કરીને સુખ પામો'

એ પ્રકૃતિનો અટલ નિયમ છે. બીજાને દુઃખ તે દુઃખદ છે,
બીજાની રક્ષા કરે તેનું રક્ષણ થાય. એ સનાતન ઉપદેશ છે કે:

'જિતો ભવાન્ વર્ધતેભીઃ તસ્માન્મા હન મા હન।'

મનુષ્યમાત્ર માટે આ ઉપદેશ
મનનીય છે, આદરણીય છે, સેવનીય છે.

0 મોક્ષ = મોહ + ક્ષય = મોક્ષ.

અનેકાન્તવાદના પાયા ઉપર વિશ્વાત્મૈક્ય કેળવો.
અનેકાન્ત એ પૂર્ણ દૃષ્ટિ છે,
તે વડે વિશ્વમાં રહેલા સત્યનું અન્વેષણ કરો.
વિચારમાં જેમ અનેકાન્તવાદ, તેમ આચારમાં અહિંસા.
એ બે મળીને જ પૂર્ણ દૃષ્ટિ બને છે.
અહિંસા એ સેતુ છે, જે વિખૂટા પડેલા હૈયાને જોડે છે.
માનવતા એટલે સ્નેહ, સદ્ભાવ તથા બંધુત્વની ભાવના,
પ્રાણીમાત્ર પ્રત્યે દયાભાવ. માનવતાથી જ ધાર્મિકતા સધાય.

વિજ્ઞાન = એક પ્રકારની વિશિષ્ટ પદ્ધતિ,
પ્રાપ્ત જ્ઞાનને વ્યવસ્થિત રીતે પ્રયોગમાં લાવવું તે.

આત્મા એક દ્રવ્ય છે, પછી ભલે તે અમૂર્ત હોય. બધાં દ્રવ્યોની જેમ તેને પણ અનેક ગુણો છે, એનું નામ energy કે કાર્યશક્તિ. તે અવિનાશી હોય છે. આત્માની કાર્યશક્તિ ચેતના છે, જે અવિનાશી છે.

ચેતના તે consciousness.

permanence with change or
change with permanence.

અણુ કે atomની જેમ અદ્ભુત શક્તિ છે,
તેમ આત્મન્ કે atmanની પણ અનંત શક્તિ છે.

આત્માના ગુણો અને તેની શક્તિને પણ
પ્રકાશવાની એક પદ્ધતિ - process છે.

જીવન એ તેની પ્રયોગશાળા છે.

પુદ્ગલપ્રીતિ છૂટે એટલે આત્મશાંતિ પ્રગટ થાય. વીતરાગભાવની ભઠ્ઠીમાં રાગદ્વેષના બીજ બળી જાય છે. સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ - એ તેની ક્રમબદ્ધ સાધના છે. આત્મસુખ મેળવવાનો એકમાત્ર ઉપાય તે જ્ઞાન - દર્શન - ચારિત્ર અને તપ અર્થાત્ નિશ્ચય તથા વ્યવહારનો સમ્યક્ સમન્વય.

આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાંત.

૯૬ - ૭૪૩ - ધર્મમાં આત્મસમર્પણ - આત્મશુદ્ધિ
આત્મીયતાનું ભાન - આત્મવિશ્વાસ - નિઃશલ્યવૃત્તિ,
નિરતિચાર વ્રતપાલન, કષાયોનું શમન તથા
અનશનપૂર્વકનું સમાધિમરણ -
આ બધી વ્યવસ્થિત સાધના અને તેના પ્રયોગો છે.
એની પાછળ Spirit of Science રહેલ છે.
જગતમાં ખરેખર કોઈ શાશ્વત હોય,
તો આત્માને લાગતી ઉપાધી જ છે.
ઇંદ્રિયોનો અવાજ અને આત્માનો અવાજ -
એ બે વચ્ચે વિવેક કરી, ઇંદ્રિયોના અવાજને
એકબાજુએ હડસેલી આત્માના અવાજના
આદેશાનુસાર જીવનનું નવેસરથી ઘડતર કરવું,
તે જ અંધકારમાંથી પ્રકાશમાં આવવાનું પહેલું પગથિયું છે.

- Sree Padma

આ જગત રૂપી ભ્રમના આત્યંતિક અભાવનું ભાન,
પારમાર્થિક દૃષ્ટિએ મનમાં સુસ્થિર થાય,
તો તેના અચળ આધારરૂપે રહેલા
બ્રહ્મનું ભાન સ્પષ્ટપણે જાણવામાં આવે છે.
એને ઓળખવાનો અન્ય કોઈ ઉપાય છે જ નહિ.

જેવા સ્થિતિમાં છે, તેવા સ્થિતિમાં સ્થિર થયેલા
આ જગતનો સદુપયોગ સાધક સમજાય,
તો જ બાકી રહેલ સત્તાસમાધાનનું લાભ થાય.
જ્યાં સુધી 'જગતને પોતાની સ્વતંત્ર સત્તા છે' એવા
ભ્રમણાનું સેવન કરવામાં આવે, ત્યાં સુધી બુદ્ધિમાં
જગતનું પ્રતિબિંબ પડ્યા વિના રહે જ નહિ.
'આ જગત નામનો જે દૃશ્ય પદાર્થ છે, તે મિથ્યા છે,
કલ્પના માત્ર છે' એવો નિશ્ચય કર્યા વિના તેના
અધિષ્ઠાન તરીકે રહેલા પરમતત્ત્વને સમજી શકાય નહિ.
તે માટે સત્સંગ, સત્શ્રવણ, નિદિધ્યાસન અને
મનનાદિ અતિ આવશ્યક છે. - યોગવાશિષ્ઠ પ્રકરણ

જીવન્મુક્ત અને વિદેહમુક્ત વચ્ચે ફરક એટલો જ છે કે
એક દેહને રાખે છે અને બીજો દેહનો ત્યાગ કરે છે.
આંતરિક અવસ્થા બંનેની સમાન જ હોય છે,
કારણકે બંને પોતાના સ્વરૂપમાં જ સ્થિત છે.
ચૈતન્યનો જે પ્રકાશ કહેવાય છે,
તે સ્વ - પોતાના અનુભવરૂપ જ છે.
સાચી મુક્તિ તો અંદરની એક વિશિષ્ટ મનોવૃત્તિ છે,
આત્માનું અંદરનું વલણ છે, બહારનો આડંબર નહિ.

સમાધિના કાળમાં જગતનું જગત્પણું નિવૃત્ત થાય છે.
જગ, જગત અને બ્રહ્મ એકરૂપ થઈ જાય છે.
સુષુપ્તિ એ પ્રલય છે, જાગ્રત એ ઉત્પત્તિ છે અને
તુરીય એ સ્થિતિ છે, તુરીય એ બ્રહ્મરૂપ - જ્ઞાનરૂપ છે.

## પરબ્રહ્મનું સ્વરૂપ કેવું છે ?

સમાધિ અવસ્થામાં મનની સર્વ વૃત્તિઓ શાંત થાય છે,
ત્યારે જે સદ્રૂપ રહે છે, તે પરબ્રહ્મનું જ સ્વરૂપ છે.
ચિન્માત્ર નિર્મળ સ્વરૂપ જે શાંત,
નિર્વિકાર અને નિરાકાર છે, તે પરબ્રહ્મનું રૂપ છે.
સ્વપ્ન અને સુષુપ્તિથી પર જે તુરીય અવસ્થા છે,
તે પરબ્રહ્મનું સ્વરૂપ છે.
જાગતાં છતાં મનનો, મન જોડેના તાદાત્મ્ય સંબંધનો
ત્યાગ કરતાં જે શાંત, નિશ્ચલ અવસ્થા રહે છે,
તે પરબ્રહ્મનું સ્વરૂપ છે.
વ્યષ્ટિ અને સમષ્ટિનાં અન્નમય, પ્રાણમય, વિજ્ઞાનમય,
મનોમય અને આનંદમય એ પાંચે કોશોથી જે પર છે,
તેનાથી અલિપ્ત રહીને તેનું નિયંત્રણ કરે છે, તે તથા
જળના બિંદુ કે મોટા તરંગ બંનેમાં જે અધિષ્ઠાનરૂપે
સમભાવથી રહે છે, તે પરબ્રહ્મનું સ્વરૂપ છે.

આકાશમાં શૂન્યતા, કાળમાં સ્થાયતા નથી
ચંદ્રમાં શીતળતાની જેમ જગત પણ બ્રહ્મથી ભિન્ન નથી.
જગત એ બ્રહ્મનો વિવર્ત છે. મૂળ વસ્તુ ન બદલાતાં
તેમાં જે બીજું ભાન થાય, તે 'વિવર્ત' કહેવાય.
પરમાત્મા જ સ્વસ્વરૂપમાં આભાસ ઉત્પન્ન કરે છે.
કવિની કલ્પનાઓની માફક તેને આપણે 'સંસાર'
કહીએ છીએ અને સત તરીકે માની લઈએ છીએ.
સ્વપ્નાવસ્થામાં પુરુષનું મન જ નગરાકાર બને છે,
તેવી રીતે પરમાત્મા જ પોતાની અંદર
સ્પંદનો વિસ્તાર કરી જગતરૂપે પ્રતીત થાય છે.
મહાભૂતોનું કારણ તન્માત્રાઓ છે,
તેનું કારણ પરમાત્માની માયાશક્તિ છે
અને માયાશક્તિનું કારણ પરમાત્મા પોતે છે.
આત્મા અવિદ્યાગ્રસ્ત અવસ્થામાં
સુખ-દુઃખ વગેરે દ્વંદ્વોને આધીન થાય છે પણ
આત્માનુભૂતિ થયા પછી આત્માનું સર્વદા
સમાન અને અખંડ સ્વરૂપ જ વિદ્યમાન-શેષ રહે છે.
તેમાં દ્વૈતનો સદંતર અભાવ છે.
તે સર્વ ભાવોથી રહિત નિર્મળ ચિદાકાશરૂપે જ રહે છે,

તેમાં દૃશ્ય - દૃષ્ટા, આધાર - આધેય, કર્તા - કર્મભાવ નથી.
અધિષ્ઠાનરૂપે આ જગત સત્ય છે, અખંડિત છે, એક છે,
અનાદિ - અનંત છે, આકાશની માફક સ્વચ્છ અને
ચિન્માત્ર, નિર્મળ જ્ઞાનમાત્ર છે. - યોગવાશિષ્ઠ

૦ કરવું, કરાવવું અને અનુમોદવું -
એ ત્રણેમાં કર્તાની એકસરખી જવાબદારી છે.
સમ્યગ્‌વિચાર, સમ્યગ્‌જ્ઞાન અને
સમ્યગ્ આચરણ એ આત્મિક ઉત્થાનનો પાયો છે.

૦ પ્રભુ એટલે પ્રેમ.
god is love and love is god. પ્રેમના
અહંકારનું પ્રભુમાં સમર્પણ તે પ્રેમનું પ્રથમ કાર્ય છે.

માતા એટલે નર્યા પ્રેમનો અવતાર

God cannot be everywhere,
therefore He made the mother.

સૌથી છેલ્લી જમે, સૌથી મોડી સૂવે, છતાં સૌને સ્નેહથી
નવાજે એ માતા. પતિ, પુત્ર, સસરો, સાસુ, દિયર, નણંદ,
સૌની જરૂરીયાતો આખો ય દિવસ કંટાળ્યા વિના સંતોષે,
એ પ્રેમભાવનું સ્વરૂપ છે, એનું બીજું નામ સમર્પણ છે.
વ્યગ્ર રોગીની સારવારમાં માનું હાસ્ય ચમત્કાર સર્જે છે.

o ઘૂંઘટ કા પટ ખોલ રે, તોહે પિયુ મિલેંગે,
કટુ વચન મત બોલ રે, તોહે પિયુ મિલેંગે.

ઘૂંઘટનો પડદો એટલે...

અહંકાર - કામ - ક્રોધ - ઈર્ષા - અસૂયાનો પડદો.
એ પડદો જ પ્રીતમના દર્શન આડે ઊભો છે.
પ્રીતમ પાસે જ છે, પ્રતિપળ નવાજવા આતુર છે.
અહંકાર આદિનો ઘૂંઘટ પટ ખોલો એટલી વાર છે.
કટુ વચન બોલવાથી દિલમાં બેઠેલો દિલદાર રીસાઈ જાય છે.
દિલદાર દિલમાં વસે છે.
મનમંદિર એ જ સૌથી મોટું મંદિર છે.
એ મંદિરમાં પવિત્ર વિચારોનો દીપક અને સમર્પણની
ભાવનાનો ધૂપ જલાવવાથી દિલદાર રાજી રાજી થઈ જશે.
દારૂ પીવો, જુગાર રમવો, અનીતિ કરવી એ પાપ તો છે જ,
પરન્તુ સર્જનહારને ભૂલી જવો એ સૌથી મોટું પાપ છે.
આત્માને જ ભૂલવો તે મહામિથ્યાત્વ છે.
એક કવિ કહે છે કે : મહાવીર ભલે ખુદા નહિ, કિન્તુ
એ ખુદાના નૂરથી જુદો તો નહિ જ.
ખુદા હાફિઝ = ઈશ્વર તમારું રક્ષણ કરો.
May God bless you.

બહારની દૃષ્ટિએ સૃષ્ટિ એ માયાજાળ સ્વરૂપ છે,
અંતરની દૃષ્ટિએ જોતાં આખી યે સૃષ્ટિ ઈશ્વરસ્વરૂપ છે.

મંત્ર - મંત્ર વચ્ચે ભેદ નથી,

ગુરુ - ગુરુ વચ્ચે ભેદ નથી,

રામ, કૃષ્ણ કે શિવ વચ્ચે પણ તાત્ત્વિક ભેદ છે જ નહિ.

મંત્ર પોતે તારક છે પણ

એનો આધાર મંત્રદીક્ષા આપનાર ઉપર રહેલો છે.
અંદર પ્રેમસ્વરૂપ પરમાત્માના પ્રેમમાં અને ધ્યાનમાં
લીન થઈ જવું, એ જ સાધક માટે મુખ્ય કર્તવ્ય છે.

સિદ્ધ પુરુષના ચિહ્નો

સિદ્ધ પુરુષો ઈશ્વર સાથે એકતા અનુભવે છે અને
ઈશ્વરને સર્વત્ર રહેલા જુએ છે, સર્વ પ્રાણીઓ અને
વસ્તુઓમાં ઈશતત્ત્વ રહેલું છે, અભેદ તેઓ જુએ છે.

સાધકનો ઈશ્વર પ્રત્યેનો સ્નેહ

ઘનીભૂત થાય તો કુંડલિની ઊંચે આવે છે.

Dark Night = વિરહ અથવા વિરહની યાતના.

જે પ્રેમમય પ્રભુ અંતરમાં રહ્યા છે, એ જ
આપણા અનંત વિશાળ સૃષ્ટિના આવિર્ભાવરૂપે દેખાય છે.
ઈશ્વરનો પ્રેમ = દુનિયાનાં સર્વ પ્રાણી પ્રત્યેનો પ્રેમ.

એ પછી આ સૃષ્ટિ ભાસરૂપ લાગી, માયારૂપ નહિ.
સ્વપ્નરૂપ લાગી, સ્વપ્ન નહિ.
માયા કે ભાસરૂપે ઈશ્વર આવેલ છે, ઈશ્વરરૂપે એક છે.

<u>એક આંતરપ્રક્રિયા</u>

(1) એક આસને બેસો. (2) નેત્રો બંધ કરો.
(3) દૃષ્ટિ અંતર્મુખ કરી ધ્યાન ધરો.
V.V. Imp. (4) હવે તમે શું જુઓ છો?
(a) માનસિક દૃષ્ટિ સમક્ષ તમને નિહાળું છું.
(b) એક દેદીપ્યમાન પ્રકાશ જોઉં છું.
(c) ઓંકારનો શબ્દ સાંભળું છું.

તેની પાર હવે કાંઈ રહેતું નથી, નથી કર્મ કે કર્તા,
નથી દૃશ્ય કે દૃષ્ટા, નથી શ્રાવ્ય કે શ્રોતા.
એ બધું એક પરમ સત્યમાં, પરમ અને
ચરમ અસ્તિત્વમાં ઓગળી એકરૂપ થયું હતું.
ત્યાં પરિવર્તનરહિત, નામ તથા આકૃતિરહિત, દ્વૈતરહિત
કેવળ બ્રહ્મ જ હતું. આપણને જે ભાન રહેવું જોઈએ,
તે ફક્ત આપણા હૃદયમાં રહેલ પ્રભુનું જ હોવું જોઈએ,
કે જે આપણને સાચો પાઠ ભણવવા પ્રેરે છે.
તમે જૂઠું કાર્ય ત્યારે જ કરી શકો છો,
કે જ્યારે તમે પરમાત્માને વિસરી જાઓ છો.

# From fear to happiness

તમારી કોઈપણ સમસ્યાઓને
તમારા ઉપર પકડ જમાવવા દેશો નહિ,
એને તમારી શક્તિનું માપ કાઢતા અને
તમારી શક્તિને વધારતા પડકારોના રૂપમાં જુઓ.

તમને અણગમતું હોય તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે તમને આનંદ આપતી ચીજો પર જ દૃષ્ટિ રાખો. તમારી પાસે ઘણું ઓછું છે, એવી ફરિયાદને બદલે તમારી પાસે જે કાંઈપણ હોય, એ વિશે સભાન બનો. આ રીતે તમે તમારા મનને તમારી તરફેણમાં કામ કરતું કરી શકશો. આપણે જીવનમાં મુશ્કેલીઓ-અધૂરપો તથા અવરોધોનો જ વિચાર કરીએ છીએ, એટલે આપણે મન મૂકીને જીવન જીવતા નથી. ભરપૂરપણે જીવન જીવો. મોટાભાગના લોકો એમ જ વિચાર્યા કરતાં હોય છે કે: પોતાની પાસે પૈસા, સમય કે શક્તિ ઓછાં છે અને પોતે પૂરતા સદ્ભાગી નથી. આ રીતે તેઓ પોતાને માટે જેલની દીવાલો પોતાના હાથે જ ઊભી કરતા હોય છે. તમારી પાસે પૂરતી સંપત્તિ, શક્તિ, બુદ્ધિ છે, એમ જ માનો. આવી માન્યતાથી જોઈતું હશે, તે ભરપૂરપણે મળી રહેશે.

o દ્રવ્ય અને શક્તિ બંને એક છે,

Matter & energy are one the same.

દ્રવ્ય તે શક્તિનું ઘનીભૂત સ્વરૂપ છે.

o પુરુષ તે સ્થાણુ છે, પ્રકૃતિ તે ગતિમાન છે.

અતિગતિ એ પૂર્ણ શાંતિ છે.

તે ઘણા જ ગતિથી ફરતો ભમરડો છે.

બુદ્ધિનું કાર્ય બંધ થાય, ત્યારે પરમ સત્યની પ્રાપ્તિ થાય.

મોક્ષ કે નિર્વાણ એ આ સનાતન સ્થાણુતત્ત્વનો અનુભવ છે.

એને જ પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કહે છે.

સત્યની વ્યાખ્યા શબ્દથી નહિ પણ મૌનથી જ શક્ય છે.

ધર્મ પોતે જ પોતાની પૂરતી સાબિતી છે.

બુદ્ધિ આપણને એટલા માટે મળી છે કે તેથી કરીને

'આપણે કશું જ જાણતા નથી'

એ હકીકત આપણે જાણી શકીએ.

'તમે કશું જ જાણતા નથી' એ જાણવું એ ખરેખરું જ્ઞાન

- તે જ વિદ્યા છે, બાકીનું બધું અજ્ઞાન - અવિદ્યા છે.

માનવબુદ્ધિ એ સાવ નકામી વસ્તુ નથી, કિન્તુ

તે અજ્ઞાનનું ભાન કરાવીને જ્ઞાન માટે પ્રેરે છે. આગળ

વધવું હશે, તેણે બુદ્ધિને શાંત કે નિષ્ક્રિય કરવી પડશે.

ઈશ્વરનો વિચાર કરવો સરલ...

ઈશ્વરની અંદર તમારી જાતનો વિલય કરવો.

ઈશ્વર પોતે પવિત્ર આનંદ અને શાંતિસ્વરૂપ છે.

'શાન્તં શિવં સુન્દરમ્ ।'

તમે એને ગમે તે નામે ઓળખો કે બોલાવો...

જેવાં કે સત્ય, પરમ સત્તા કે અનંત ચેતના.

ઊંચા ધ્યેય પરની એકાગ્રતા એ દરેક માટે આવશ્યક છે.

શરીર તરફ જોતાં 'હું શરીર છું' એમ લાગે છે, આત્મા તરફ એકાગ્રતાથી જોતાં 'હું આત્મા છું' એમ લાગે છે ?

As a man thinketh, so is he.

જ્યારે આપણે એકરૂપ થઈને પરમાત્મામાં લીન થઈએ છીએ, ત્યારે એમ જણાય છે કે: કોઈ પ્રચંડ શક્તિ આપણામાં વહન થઈ રહી છે.

પ્રેમ એ ભિન્નતાને ઓગાળે છે. જે પ્રેમ બધાને એકમાં એકત્ર કરીને મેળવી દે છે, તે પ્રેમ વિશ્વપ્રેમ છે.

પ્રેમ અને વિકારની ભાવનાઓથી પર બની સર્વત્ર ઈશ્વરનાં પ્રકટ સ્વરૂપને જોતાં શીખવું જોઈએ. લૌકિક પ્રેમની ભાવના ન હોવી જોઈએ. પ્રેમ સરલ સમગ્રતા કે Integrity, Wholeness કે સંપૂર્ણતા.

જ્યારે એક - જો સાથે નહિ પણ
પરમ તત્વ સાથે સંપૂર્ણ એકતા થાય, ત્યારે જ
એ પ્રેમ અસ્તિત્વમાં આવે છે અને જ્યારે 'હું'નું
વિસ્મરણ થાય, ત્યારે જ આ અવસ્થા શક્ય બને છે.

શરીરં[1] સુરૂપં સુરમ્યં[2] કલત્રં,
વચશ્ચારુ[3]ચિત્રં ધનં મેરુ[4]તુલ્યં,
નમસ્કારમંત્રે[5] મનશ્ચેન્ન[6] દત્તં,
તતઃ[7] કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિં ॥ અર્થાત:

રૂપવાન શરીર, મનોહર પત્ની, મનોહર વાણી અને મેરુ પર્વત જેટલું ધન મળ્યાં પછી પણ જો નવકારમાં મન ન લગાડ્યું, તો શું ? (અર્થાત બધું નકામું છે.)

० जो रक्त लागे कापडे, जामा होवे पलीत ।
जो रक्त पीवे मानुषा, तीन क्यों निर्मल चित्त ॥१॥

અર્થાત: કપડામાં લોહીનો ડાઘ પડે તો કપડું ગળી જાય પણ ડાઘ ન જાય, એવી રીતે જે મનુષ્ય લોહી પીવે,
તેનું મન નિર્મળ ક્યાંથી હોય ?

ગુરુ નાનકનો માંસાહારના નિષેધ માટેનો આ દુહો છે.

० यद् यद् विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंशसंभवम् ॥ (परिशिष्ट-१८)

o જે નિરાકાર છે છતાં સર્વ આકારોમાં રહેલાં છે, જે એક છે છતાં અનેકમાં રહ્યાં છે, તેનો સાક્ષાત્કાર કરવાથી જ દ્વન્દ્વાતીત થવાય છે, અન્યથા નહિ.

## 'સમદર્શી થવું' એનો અર્થ

બધા તરફ એક જ જાતની દૃષ્ટિ રાખવા સહિત ભિન્નતામાં રહેલી એકતાને જોવું, તે છે. શરૂઆતમાં જ્યાં જ્યાં આપણે લાગણી, વડાઈ કે સૌંદર્ય જોઈએ છીએ, ત્યાં ત્યાં ઈશ્વરનો પ્રકાશ માનીને તેને ભજીએ છીએ. આ ભક્તિ દ્વારા સાધક એવા માનવપ્રકૃતિનું ઉર્ધ્વીકરણ થાય છે અને મહાન એવા અનંત પરમાત્મતત્ત્વને પહોંચીએ છીએ પછી આપણી દૃષ્ટિ સમદર્શી બને છે અને તેથી સર્વ પ્રત્યેનો આપણો પ્રેમ સમાન બને છે.

ઈશ્વર તે હૃદયમાં વસે છે કે જ્યાં અનુકંપા, ક્ષમા અને શાંતિ છે.

અજ્ઞાન એ ઉતારી પાડવા યોગ્ય નથી, કિન્તુ દયાપાત્ર છે. સાચો પ્રેમ ભૂલોને જોઈ શકતો નથી, ભૂલો પ્રત્યે તે ઉપેક્ષા સેવે છે અને દરેક બાબતમાં ક્ષમા આપે છે.

સંતો એમની પૂરેપૂરી તાકાતના સમયમાં પણ સર્વાંશે દયાવાળા અને ક્ષમાવાન હોય છે.

## સંતોનાં હૃદયો કેવા હોય ?

તે નિર્વિકાર, જુદી લાગણી અને ક્રોધથી મુક્ત હોય છે.
તેમના જીવન નિર્મળ, પવિત્ર અને દેદીપ્યમાન હોય છે.
તેના પરિઘમાં આવતા સૌ જીવાત્માઓને ઉન્નત કરે છે,
તેમની દૃષ્ટિ જેમના ઉપર પડે, તેમનું પરિવર્તન કરવા
સમર્થ હોય છે, જેને 'કૃપાદૃષ્ટિ' કહેવાય છે.

## આઠ આવશ્યક વાત

(૧) કરુણાના આલંબનમાં દુઃખ અને
તેના કારણભૂત દુષ્કૃતોની ગર્હાના સ્થાને અનુમોદના છે.

(૨) ભક્તિના આલંબનમાં સુખ અને
તેના કારણભૂત સુકૃતોની અનુમોદનાના સ્થાને ગર્હા છે.

(૩) મૈત્રીના આલંબનમાં સમાન નિશ્ચયનયનું સ્વરૂપ છે.
જીવતત્ત્વની શ્રદ્ધાનો આલંબન છે.

(૪) માધ્યસ્થ્યના આલંબનમાં કર્મ અને
તેના વિપાકના જ્ઞાન અને શ્રદ્ધાનો આલંબન છે.

(૫) કરુણાના આલંબનમાં દુઃખ તથા દુષ્કૃતની અનુમોદના,
ભક્તિના આલંબનમાં સુખ - સુકૃતની ગર્હા છુપાયેલા છે.

(૬) 'ધર્મ આરાધ્ય પ્રતિબદ્ધ છે' એનો અર્થ
ધર્મમાં નમસ્કારની પ્રધાનતા છે.

આરાધકરક - આરાધ્યપાલક ઉભય આરાધ્ય પ્રતિબદ્ધ છે.

(૭) ભક્તિ એ પરમ વિરક્તિ છે,
કારણ કે તે સર્વ પ્રત્યેના રાગની વિરોધી છે.
(૮) ભક્તિ એ વિભક્તિથી વિપરીત છે.
'વિભક્તિ' એટલે વિભાગ, તેનો અભાવ તે જ ભક્તિ.
વિભાગનો અભાવ અને અવિભાગનો સદ્ભાવ.
ભક્તિનો તાત્પર્યાર્થ એ થયો કે જેમાં
ભેદભાવનો અભાવ અને અભેદભાવનો સદ્ભાવ છે.
પ્રભુ સાથે અભેદભાવે મળવું, તેનું જ નામ 'ભક્તિ'.

ત્રણ આવશ્યક વસ્તુઓ

શુદ્ધ જ્ઞાન, શુદ્ધ પ્રેમ અને શુદ્ધ કર્મ.
શુદ્ધ જ્ઞાન આપણને આપણા અમૃતત્વનું ભાન કરાવે.
શુદ્ધ પ્રેમ કશા પણ ભેદભાવ વિના સર્વ પ્રતિ વહે.
શુદ્ધ કર્મ તે વિશ્વસેવા છે,
વિશ્વના દીન, દુઃખી, દરિદ્રોની ભેદભાવ વિના સેવા છે.
સેવારૂપ બનવું તે પ્રેમની પરિપૂર્તિ છે.
સંસ્કૃતમાં બે શબ્દો છે: પ્રેમ અને મોહ અર્થાત્
Love and attachment.
મોહ = ઇન્દ્રિય આસક્તિ, બહારની વસ્તુઓ તરફ ખેંચાણ.
પ્રેમ = આત્માનો પ્રેમ,
અંદર રહેલ આત્મા માટે પ્રેમ કરવો જોઇએ.

આ પરમ આત્મા સર્વજ્ઞ સર્વભૂત - પ્રાણીમાં રહેલ છે,
પછી ભલે તેઓ એકબીજાને પિછાનતા હોય કે ન હોય,
તેઓ મિત્રો હોય યા દુશ્મન હોય.

મોહ કે આસક્તિ એટલે
અહંકારમય જીવનના નાના ખાબોચિયામાં ડૂબવું.
પ્રેમ કે સ્નેહ એટલે
જીવનના વિશાળ અને અનંત મહાસાગરમાં તરવું.

રૂપ - યૌવન તો નશ્વર છે,
આત્મા જ અજર - અમર રહે છે.
માનવે પોતાનું સાચું સ્વરૂપ જોવું હોય,
તો ધર્મપુસ્તક રૂપી આયનામાં જ દેખાશે.
બહારના આયનામાં પોતાનું રૂપ જોનારા
અંતે નિરાશ થાય છે, કેમકે તે રૂપ કાયમ હોતું નથી.
તે પ્રતિપળ ફરતું નશ્વર હોય છે.

સત્યાગ્રહી કરતાં પણ વસ્તુઆગ્રહી વિરલ છે.
વસ્તુ = જીવનનું સનાતન તત્ત્વ, જેને જ્ઞાનીઓ બ્રહ્મ
કહે, કોઈ તેને પ્રભુ, રામ કે કૃષ્ણ પણ કહે છે.
આ બ્રહ્મ માટે જ જેઓ આગ્રહી છે,
તે વસ્તુઆગ્રહી કહેવાય છે.

કરોડોમાં કોઈ એકાદ એવા આગ્રહી હોય છે. તેઓથી અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે, નૈતિક બંધનો દૃઢ થાય છે, ભૌતિકવાદમાંથી પેદા થતી બદીઓ નાશ પામે છે, નવજીવન આપતી નૈતિક હવા ચારેબાજુ ફેલાય છે તથા ભાંગવાની અણી પર આવેલી પ્રજા પુનરુત્થાનને પામે છે.

દુરાગ્રહી રુચિ આગ્રહી, સત્યાગ્રહી કમ હોય,
વિરલા વસ્તુઆગ્રહી, તે કોટિન મેં કોય. ...(૧)
કાગ કુલખ પણ સુલભ, હંસ અલ્પ નિરધાર
પરમહંસ જાકી કહે, ગહે સાર મેં સાર. ...(૨)

સારનો સાર તે પ્રભુ ભજન છે, પોતાની જાતને આધ્યાત્મિક માર્ગ ભણી લઈ જવાની મહદ્ ઈચ્છા છે.

સબ તે હરિપદ મહત હૈ, નહીં ઈહિ સમતા પાય,
જૈસે ગજ કે પાવ મેં, સબ કો પાવ સમાય. ...(3)

જેવી રીતે સૌ નાના પગ ગજરાજના
મોટા પગમાં સમાઈ જાય છે,
તેમ હરિના પગમાં સૌના પગ સમાય છે.

હરિના પગની આગળ બીજા કોઈ પગ-પદની ગણના નહિ. એ પવિત્ર પદની અર્ચનામાં જ જીવન અર્પિત થાય, તો મોક્ષપ્રાપ્તિ પણ સુલભ છે.

પરિષહ - ઉપસર્ગની પીડાથી તો કર્મગુમડાંના નસ્તરની
પીડા સમા છે, એ તો વધાવી લેવાની જ હોય, કેમકે
તો જ કર્મગુમડાં નષ્ટ થઈ જાય છે.

કટુ-તડ, શીતોષ્ણ, અપમાન-અનાદર આદિ પ્રતિકૂળતાઓ
હર્ષભેર વેઠવી, એ પણ એક મહાન સાધના છે.
એથી કર્મગાંઠો તો કપાય જ છે, ઉપરાંત
તેથી સિદ્ધિ તરફ ઝડપી પ્રયાણ થાય છે.

પ્રભુએ ધર્મશાસન સ્થાપ્યું છે,
એ પૂર્વ પાપસંસ્કારોમાં સુધારો કરી
નવા ધર્મસંસ્કારો આરોપણ કરતાં રહેવા માટે સ્થાપ્યું છે.

સંસ્કારોનું ઘડતર એ જીવનમાં મોટી ચાવી છે.
પાપત્યાગનું પહેલું પગથિયું પ્રતિક્રમણ છે.

શ્રી કૃષ્ણ એટલે પ્રેમાવતાર.

શાંતભક્તિ - ઇષ્ટ સ્વરૂપે જોવું અને મૂર્તિને પૂજવી.
દાસ્યભક્તિ - હનુમાનજીની સેવા અને આનંદ.
સખ્યભક્તિ - મિત્રતા, સમકક્ષતા, વ્યવહારમાં સમાનતા.
વાત્સલ્યભક્તિ - જન્માભિષેકાદિ બાલ્ય ચેષ્ટા.
મધુરભક્તિ - મધુર અને અનુપમ સ્નેહભર્યો સંબંધ,
રાધા - કૃષ્ણની જેમ દ્વૈતમાં અદ્વૈત.

ગોપીભક્તિ - સાચી ભક્તિ - સર્વોત્તમ ભક્તિ.

લાંબા વિરહ પછી ગોપીઓના પ્રયાસથી
રાધા-કૃષ્ણનું મિલન થયું, ત્યારે ગોપીઓ એ મિલનમાંથી
ઉદ્ભવતા પરમ સુખને માણતી હતી.
તેઓના સૌંદર્યમય પુનર્મિલનને દૈવિક પ્રેરક તરીકે
જોવા છતાં અનહદ પ્રસન્નતા અનુભવતી હતી.

'આકર્ષણ' એટલે પોતાના તરફ ખેંચવું તે.
એ આકર્ષણ શબ્દ પરથી 'કૃષ્ણ' શબ્દ યોજાયો છે.
આથી એ નામ પોતે જ દર્શાવે છે કે કૃષ્ણ એ પરમ
સત્ય છે, કેમકે પરમ સત્ય એ જ સર્વનું આકર્ષણ છે.
સારીયે સૃષ્ટિ પરમ સત્ય તરફ આકર્ષાય, એ માટે
માનવદેહે જે આવિર્ભૂત થાય છે, તેનું નામ છે કૃષ્ણ.

અનલ હક = હું ઈશ્વર છું. ભાવાર્થ કે
આત્માને ઢાંકી દેતો અજ્ઞાનનો પડદો જ્યારે દૂર થાય છે,
ત્યારે આત્મા પોતે પરમાત્મરૂપે પ્રકટ થાય છે.
બ્રહ્મના સ્વરૂપમાં સ્ત્રીલિંગ કે પુરુષલિંગને અવકાશ નથી.
જ્યારે ભાન થાય કે 'હું બ્રહ્મ છું' ત્યારે તમારામાં અને
બ્રહ્મમાં ભેદ રહેતો નથી, કેમકે તે સર્વ બ્રહ્મસ્વરૂપ
દેખાય છે. પ્રાર્થના દ્વારા ઈશ્વરનો સંપર્ક સધાય છે.

## મંત્રજાપ એટલે સ્વયં પ્રભુનું નામ.

'પ્રભુ પોતે અને તેનું નામ એ બે અલગ વસ્તુ નથી'
એમ પ્રથમ ભક્તિમાં સમજાય છે, પછી
ઈશ્વર સાથેની આપણી એકતાનો અનુભવ થાય છે.
મંત્રજાપ વખતે સૌ પ્રથમ નામમંત્રના અવાજ ઉપર
એકાગ્ર થવા પ્રયત્ન કરવો જોઈએ. નામનો એ ધ્વનિ
મનને અંદરથી શાંત કરી દે છે અને ગંભીર બનાવે છે.
પછી મન ચૈતન્યસ્વરૂપમાં ઓગળી જાય છે અને
પોતાની અંદર રહેલ ઈશ્વરની સત્તાનું ભાન કરાવે છે.
એ પછી જ 'પોતે ઈશ્વર સાથે એકરૂપ થયો છે'
એવો અનુભવ થાય છે. પ્રભુ અને એના અભયવચનમાં
દૃઢ શ્રદ્ધા કેળવવી જોઈએ. 'દરેક સ્થળે પ્રભુ વસેલા છે
અને આપણે તેની હાજરી અનુભવી શકીએ છીએ'
એમ જ્યાં સુધી આપણે અંતિમ ધ્યેયને પહોંચીએ નહિ,
ત્યાં સુધી જરા પણ માર્ગમાંથી ચલિત થયા વગર નિષ્ઠામય
ભક્તિના માર્ગે એકધારું ચાલતા જવું જોઈએ. આ ધ્યેય
એટલે ઈશ્વર સાથેની એકતા કે જેના પરિણામે પ્રભુના
પ્રકાશથી આપણે ધન્ય, પવિત્ર, સુંદર બની શકીએ. જીવનનું
આ સર્વોત્તમ, સર્વથી ઉમદા અને સર્વથી ઊંચું ધ્યેય છે.

'સર્વસત્ત્વાનાં સ્મરેન્મંત્રં |' આ મંત્ર છે. તેની ઉપાસનાથી
પોતે સર્વસિદ્ધ જન્મ્યા હોય, એમ સંભવે છે.
'ૐ શ્રીં હ્રીં અર્હં નમઃ |'
ઉપાસકોને માટે ઈશ્વરનું કાર્ય પણ અરિહંતો કરે છે.
ત્રિભુવનનાં સ્વામી
ત્રિભુવનનાં દુઃખો દૂર કરે, યોગક્ષેમ કરે.
'લોગ નાહાણં |' પદથી અપેક્ષિત બધાનું કાર્ય કરે તે ભાવ.
'ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાનમ્ |' પદથી અપેક્ષિત હોય,
શાંતિના અર્થીઓ માટે અરિહંતોની શુદ્ધતા અને
બાળકોને બાળ વસ્તુઓ અપેક્ષિત હોય,
તેને તે વસ્તુઓ ઉપર ધ્યાન આપી અને
એ બધાનો સમાવેશ અર્હત્‌ની ઉપાસનામાં થતો હોય.
મુખ્ય લક્ષ્ય મુક્તિનું રહે.
- સં. ૨૦૨૬, ચૈત્ર વદ ૧, mandvi

સમ્યક્‌ત્વના પાંચ અતિચાર, દર્શનાચારના આઠ તથા
સમ્યક્‌ત્વગ્રહણના પાંચ અતિચારમાં
દર્શનાચારના પ્રથમ ચાર અતિચાર સમાઈ જાય છે અથવા
દર્શનાચારના પ્રથમ ચાર અતિચારમાં
સમ્યક્‌ત્વના પાંચ અતિચાર સમાવેશ પામે છે.

શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને મૂઢદૃષ્ટિપણું,
એમાં મિથ્યામતિગુણનું વર્ણન અને
પરદર્શનીનો પરિચય આવી જાય છે.
પાંચ અતિચારમાં વિચારની પ્રધાનતા છે અને
આઠ અતિચારમાં આચારની પ્રધાનતા છે.
સમ્યક્ત્વના પાંચ લિંગ છે અને છ સ્થાન છે.
આસ્તિક્ય અને અનુકંપા લિંગમાં પ્રથમ ચાર સ્થાન
અને નિર્વેદ તથા સંવેગમાં પાંચમું સ્થાન 'મોક્ષ છે' તે
અને ઉપશમ લિંગમાં 'મોક્ષનો ઉપાય છે' તે
સ્થાન પ્રગટપણે દેખાય છે.
મિથ્યાદૃષ્ટિના તથા અભવ્ય પર્યંત જીવના આસ્તિક્યમાં
જીવ છે, જીવ નિત્ય છે,
જીવ એ કર્મનો કર્તા અને કર્મફળનો ભોક્તા છે,
એ ચારે સ્થાનની શ્રદ્ધા આવી જાય છે.
મોક્ષ છે અને મોક્ષમાર્ગ પણ છે - એ બે સ્થાનમાં
નિર્વેદ - સંવેગ તથા અનુકંપા - ઉપશમ આવી જાય છે.
૦ ચતુઃશરણ પ્રથમ એટલા માટે છે કે
અરિહંતાદિ ચારના શરણાગમન વિના
પુણ્ય - પાપના વિપાકોમાં શ્રદ્ધા જામતી નથી.

'દેહાધ્યાસ' એટલે...
દેહનું નામ[1], દેહની આકૃતિ[2], દેહનો દેશ[3] (Space),
દેહનો કાળ[4] (time), દેહનું દ્રવ્ય[5] (matter) અને
દેહનો ભાવ[6] (શાતા - અશાતા):
તે બધાની સાથે એકતાનું વેદન.

એ વેદન નિજ સ્વરૂપનો સંકોચ કરાવે છે અને
પરસ્વરૂપ સાથે તાદાત્મ્ય સાધે છે, તેને તોડવા માટે
નિજસ્વરૂપની વિરાટતાનું ભાવન અને પરસ્વરૂપ
સાથે થયેલા સંકોચનું વિલીનીકરણ થવું આવશ્યક છે.
નિર્વિકલ્પ ચિન્માત્ર સ્વરૂપ સાથેની
એકતાનું ભાવન જ તે માટે એકમાત્ર ઉપાય છે અને
તેથી તેને જ મંત્રનો અર્થ કહ્યો છે.

True meaning & true sense of the
mantra is to broaden the
vista of consciousness.

- 'श्रेयो दानात् अशिवक्षपणात् दीक्षा ।'
- કપટનું ધન ઘરમાં ઉત્પન્ન થયેલ કન્યારત્ન સમું છે.
- સુખિયા ઢૂંઢત મૈં ફિરૂં, સુખિયા મિલા ન કોય,
  જિન કે આગે દુઃખ કહું, સો પહેલાં ઉઠ રોય.

  – કબીર

V.V. Imp.

## બોધિબીજનું મહાદાન 2/5/70

'એક આત્માને જૈન બનાવવો' એટલે તેને
નિગોદમાં પડતો બચાવી સિદ્ધશિલા તરફ લઈ જવો
અથવા તેને વિષયલોલુપતા અને કષાયલંપટની
નરકમાંથી છોડાવી સંપૂર્ણ સ્વતંત્રતા પમાડવી,
અનંત દુઃખમાંથી અનંત સુખમાં લઈ જવો.

સમસ્ત પૃથ્વીમંડળને સાત વાર જમાડવામાં આવે,
તેનું જે પુણ્ય થાય, તેનાથી વધુ પુણ્ય એકાદ મહાદાન
જીવને સમ્યગ્દર્શનનો પ્રકાશ આપવાથી થાય છે.

ભવભ્રમણમાં ભટકતા માત્ર એકાદ જીવને એના
મૂળ ઘરમાં પાછો લાવવા વીતરાગનું આલંબન આપીશું,
તો હજારો પ્લેટફોર્મ, હજારો સરઘસો અને લાખો સૂત્રો
પોકાર્યાં કરતાં ય કર્તવ્યપાલનનો વધુ આનંદ થશે.

અવિદ્યારૂપી આવરણ = જીવ તથા ઈશ્વર વચ્ચે પડદો.

મનુષ્ય બીજું કંઈ નહિ, પરંતુ
એક વિચાર - ભાગ્યનું જ એક પડીકું છે અથવા
ભૂલોની એક [illegible], પોતાના જીવન, વિચારો અને
વ્યક્તિત્વ ઉપરના કાબૂ વિનાનું એક પ્રાણી છે કે
પરસ્પરના પ્રારબ્ધની સાથે લડતાં જંતુઓનું ટોળું છે.

ભારતીય સમાજવાદમાં
શાંતિ અને ચિન્તનને અવકાશ હોવો જોઈએ,
V. Imp. તે ત્યાગ અને સંયમ વડે જ શક્ય છે.
ઈશ્વર એ કોઈ વ્યક્તિગત વસ્તુ નથી કે
જે મંદિરો, મસ્જિદો કે દેવળોની હદમાં જ રહેલ હોય.
એ તો વિશ્વવ્યાપી છે, આપણા સૌના હૃદયમાં વસે છે.
તેને તમારી અંદર પામવા માટે
કોઈ એકાંત સ્થળમાં ચાલ્યા જવું.
તેમ કરવાથી દેહભાન ઓછું થતું જશે અને
ઈશ્વર સાથેની એકતાનું આત્યંતિક સુખ અનુભવી શકાશે.
ઈશ્વર તમારી સતત સાથે છે,
તેમાં તમારી જાતને તમારે વિસરી જવી જોઈએ,
તે વડે જ્યાં વાણી કે વિચાર પણ પહોંચી ન શકે,
તેવા આત્યંતિક સુખને માણી શકાશે.
જપ કરતાં બાકી સર્વ વસ્તુ પ્રત્યેનો વિચાર છોડી
દઈને એક માત્ર અખંડપણે ઈશ્વરનો વિચાર કરવો,
કે જે આપણને બાકી સર્વ વિચારોથી દૂર રાખે છે.
અંતે આ વિચાર પણ અદૃશ્ય થાય છે
અને ઈશ્વર સાથેની એકતાનું ભાન ચાલુ રહે છે.

જેઓને જ્ઞાનપ્રાપ્તિ થઈ હોય, તેઓ જ ફક્ત જાણે છે
કે આત્મા એ પોતે જ પરમાત્મા છે.
'દેહતઃ પરમાત્મા એવ જીવાત્મા ।' સિદ્ધાંત સિદ્ધ છે.
પરમાત્માનું નામ આપણા જ શાશ્વત સ્વરૂપનું નામ છે.
જે જોવા-સાંભળવા-વિચારવાની શક્તિ પૂરી પાડે છે,
તે કોણ છે? તે જ ઈશ્વર છે અને તે જ તમે છો.
એ રીતે એકતાની અનુભૂતિ જ્યારે થાય છે,
ત્યારે સર્વ વિભક્તિ શમી જાય છે. ઈશ્વર અંદર જ
રહ્યા છે, છતાં આપણું અજ્ઞાન એવા પ્રકારનું છે કે
આપણે તેમને નથી જોઈ શકતા કે નથી સાંભળી શકતા.
આપણી દૃષ્ટિ કેવળ બહારની જ વસ્તુઓને જોઈ અને
આપણા કાન ફક્ત બહારના અવાજને જ ગ્રહણ કરી શકે છે.
સંતોમાં મોટે ભાગે આપણે સમદૃષ્ટિ, દુઃખી પ્રત્યે અનુકંપા
અને કામ-ક્રોધના વેગથી મુક્તિ જોઈશું.
તેમની અસર નશ્વર પરથી શાશ્વત તરફ લઈ જાય છે.
સર્વત્ર આત્મદર્શન કરતી દૃષ્ટિ જેવી દૃષ્ટિ -
ગુરુના પ્રભાવે શિષ્યની પણ બની જાય છે.
ગુરુ એ કોઈ શરીર નથી, કિન્તુ
સામર્થ્ય સહિત મરણધર્મરહિત પરબ્રહ્મ છે.

પરમાત્મા એ સર્વ ધર્મ અને સર્વ સંપ્રદાયનો પ્રભુ છે.

સમદૃષ્ટિ વડે જ રાગ - દ્વેષથી મુક્ત થવાય છે.

'જ્ઞાની' એટલે બ્રહ્મજ્ઞાની - તત્ત્વજ્ઞાની - આત્મજ્ઞાની.

'મુક્તિ' એટલે આત્માની પોતાની સ્વતંત્રતા.

બ્રહ્મજ્ઞાન તથા ખરો આનંદ એકબીજાથી અભિન્ન છે.

'જ્ઞાન' એટલે આપણી અંદર રહેલ સનાતન સત્ય.

પરબ્રહ્મ વિષેનું જ્ઞાન જ આપણને
સર્વ દુઃખના કારણ એવા અજ્ઞાનમાંથી છોડાવે છે.

મનુષ્ય મુક્ત બનેલું ગણાય જો:
'પોતાનો દેહ તે પોતે નથી, પોતે તો સનાતન આત્મા છે,
જે નિર્મળ, શાંતિમય, સુખમય છે' તો તેની
આ શાશ્વત સુખ પામવા માટેની મહત્વાકાંક્ષા પૂર્ણ થાય.

દરેકની મહત્વાકાંક્ષા શાશ્વત સુખ પામવાની હોય જ છે,
તે આત્મજ્ઞાન કે પરમાત્મજ્ઞાનથી જ પૂર્ણ થઈ શકે છે.

જીવનનું આદિ કારણ, જે પરમાત્મા,
તેને ઓળખવા માટે પ્રયાસ કરવો જોઈએ.

૦ તીર્થજળનું સેવન તૃષાહર, દાહહર અને પંકહર છે,
તેમ ધર્મરૂપી પરમાત્માનું ભજન
ક્ષુધાહર, તુષ્ટિકર અને પુષ્ટિકર છે.

નવકાર મંત્ર એ

તીર્થજળનું સેવન અને પરમાન્નનું ભોજન -
ઉભય કાર્યને એક સાથે કરાવે છે,
તેમ વિષયતૃષા, કષાયદાહ અને કર્મમલને હરનારું તથા
કષાયક્ષુધાને નિવારનારું, આત્મસુખમાં સંતોષ અને
આત્મગુણને વિકસાવનારું થાય છે.
પરમાન્ન ભોજન જેમ ક્ષુધાપીડાનું શમન કરે છે,
ચિત્તને તુષ્ટિ તથા દેહને પુષ્ટિ આપે છે,
તેમ આ નવકાર મંત્રનું આરાધન
કષાયક્ષુધાજનિત પીડાનું શમન કરનારું,
ચિત્તને શાંતિ આપનારું તથા
આત્માના જ્ઞાનાદિ ગુણોને પુષ્ટિ કરનારું થાય છે.
મૂર્તિ એ કેવળ પ્રતિક નહિ પણ
ઈશ્વરની પોતાની ખરેખરી અભિવ્યક્તિ છે.
નામ એ પણ ઈશ્વરનું જ સ્વરૂપ છે.
પ્રથમ મૂર્તિ, પછી નામ, ત્યારબાદ
પ્રકાશરૂપે ઈશ્વર ઉપરની એકાગ્રતા છે.
પરમાત્માને તમારું મન સદૈવ પ્રકાશરૂપે પેખે છે, કેમકે
ઈશ્વર પોતે જ પ્રકાશસ્વરૂપ છે.

ધ્યાન વડે ઈશ્વરનું જ્ઞાન તથા તેમની પ્રત્યક્ષ થાય છે.
'ધ્યાન' એટલે પરમાત્માના ગુણો, લક્ષણો તથા
વિશિષ્ટતાઓ વિષે ઊંડું ચિન્તન, એકાગ્ર મનન.
'ઈશ્વર' એટલે સર્વવ્યાપી, સર્વમાં રહેલ,
સર્વજ્ઞ અને સર્વશક્તિમાન સત્તા અર્થાત્ સચ્ચિદાનંદ.
તે અનંત પ્રેમ, દયા, કરુણા અને કલ્યાણકારસ્વરૂપ છે,
પિતા, માતા અને મિત્ર છે, એકમાત્ર આશ્રય સ્થાન છે.
એકાગ્ર મનથી ઈશ્વરનાં આ લક્ષણો અને ગુણો તરફ
ધ્યાન આપીએ છીએ અને આધાર રાખીએ છીએ,
ત્યારે બધા અનિચ્છનીય વિચારો અદૃશ્ય થાય છે
અને તેને સ્થાને સમતા અને શાંતિ આવી વસે છે.
'સ્થિતપ્રજ્ઞ થવું' એટલે માનસિક શાંતિને પ્રાપ્ત કરવી.
તેનાથી દેહભાન અને વ્યક્તિભાવ શાંત થાય છે.
સ્થિતપ્રજ્ઞ થવું = દૈવી આનંદ - પ્રકાશથી ભરપૂર થવું.
પવિત્ર, શાંત મન જ સર્વવ્યાપી સમષ્ટિના આત્મારૂપ છે.
સમગ્ર સૃષ્ટિ એ પ્રભુની અભિવ્યક્તિ છે અને તમે
જે કાંઈ કરો છો, તે પ્રભુભક્તિ અને પ્રભુની સેવા છે.
સેવા મનને પવિત્ર અને હૃદયને પ્રકાશિત બનાવે છે.
સેવાનો હેતુ આપણે જેની સેવા કરીએ છીએ,
તેને રાહત આપવાનો છે.

આપણું સુખ આપણે જેની સેવા કરીએ છીએ,
તેના સુખમાં રહેલું છે.
બ્રહ્મનું પ્રારંભમાં ઓંકાર શબ્દસ્વરૂપે થવું:
મનની એકાગ્રતામાં સહાયરૂપ થવામાં અને
પરબ્રહ્મ - પરમાત્માના સાક્ષાત્કાર પ્રત્યે દોરી જવામાં
ઓંકાર એ પ્રભુનું સર્વથી નિકટનું પ્રતીક છે.
બ્રહ્મ પોતે શબ્દથી પર છે, છતાં
તેને શબ્દ દ્વારા જ પામી શકાય છે.
જે શબ્દ સાંભળીએ છીએ, તે અનંત શાંતિ અથવા
પરમ મૌનમાંથી ઉત્પન્ન થયેલા છે.
શબ્દોચ્ચાર રૂપે મંત્ર બોલીએ છીએ, ત્યારે
તેમાંથી ઉત્પન્ન થતા ધ્વનિ સાથે એકરૂપ થઈએ છીએ
અને ધ્વનિ દ્વારા આપણી અંદર રહેલ
શુદ્ધ શાંતિ કે મૌનમાં આપણે પ્રવેશ કરીએ છીએ.
જેમ નાવ વડે સાગરમાં પ્રવેશ કરવો સુલભ છે, તેમ
ઉચ્ચારણ વડે ઉચ્ચારરહિતતામાં પ્રવેશ કરવો સુલભ છે.
અચલ-ગતિહીન પરમાવસ્થામાં પહેલી ગતિ તે શબ્દ છે,
શબ્દ દ્વારા સાધના કરવાની પદ્ધતિ સૌથી સરલ છે.
જેવી રીતે કેટલાક મહાત્માઓ અગ્નિને પૂજે છે,

કેટલાક ઈશ્વરના જુદા - જુદા સ્વરૂપને ભજે છે,
તેવી રીતે કેટલાક સાધકો શબ્દને - ધ્વનિને
ઈશ્વરનું સ્વરૂપ માનીને પૂજે છે, પોતાના
મનને પોતાની સુરતાને ધ્વનિ ઉપર એકાગ્ર કરે છે.
મન ધ્વનિમાં લીન થાય છે, તેની સાથે જ
દેહનું ભાન ભૂલાઈ જાય છે, શાંતિ તથા પરમાનંદના
મહાસાગરમાં આત્મા નહાય છે, ખેંચાય છે, ઘેરાય છે.

हरि ॐ, अरिहं, हरिॐ, अरिहं ।

Vibrations are one and the same.

નમો નાણં, તત્ સત્, નમો નાણં, તત્ સત્ ।

Meaning is one and the same.
Heart with God, hands with work.

'સર્વ પ્રાણી એક ઈશ્વરનાં જ સ્વરૂપો છે'
એમ જોઈ તેમની સેવા કરવી, તે ઈશ્વરની જ સેવા છે.
ધનુષ્ય = ઓંકાર, બાણરૂપ, આત્મા = વિંધન, બાણનું ફળ.

o

Hatred destroys & its opposite,
love quickly heals.
Love always heals anything.
God is love and love is God.

'જગતની પાસેથી મને શીખવા મળે છે ઘણું
જગતના જેવો હું થવા માંગતો નથી!

આ વાત ધ્યાનથી વિચારી જેટલું જલ્દી સમજી લેશો,
તેટલો જલ્દી તમારાં દુઃખ-નિરાશાનો અંત આવી જશે.

સાધુઓ બોધ આપે છે કે:
જગત માયા છે, તેમાં ફસાશો નહિ, સંસાર ક્ષણિક છે.
રાગ-દ્વેષને તજો તથા અહંતા-મમતા ટાળો.
આપણે કર્તા નથી, કોઈકે કર્તા તરીકે જુવતા નથી.
આપણે તો માત્ર સાધન યાને = objects છીએ,
કર્તાશ્રી આપણો ઉપયોગ કરે છે,
પોતપોતાના લક્ષ્યની સિદ્ધિને અર્થે અને
તેમાં આપણે કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

ઉદાહરણ = તજ્જપસ્તદર્થભાવનમ્ | સદ્ગુરુ:
સદ્ગુરુનો જપ અને નિર્ગુણનું ભાવન એવો અર્થ થાય.

अविद्यायामन्तरे वर्तमाना स्वयं धीराः पंडितं मन्यमानाः ।
दन्द्रम्यमाणा परियन्ति मूढा अन्धेनैव नीयमाना यथांधाः ॥

અવિદ્યામાં વર્તનારા, પોતાને ધીર-પંડિત માનનારા,
દુઃખી થતાં અને મૂઢ જનો એ તો આંધળા પુરુષ
વડે લઈ જવાતા આંધળાઓની જેમ ભટક્યા કરે છે.

તપસ્વી રાજુ રાઠોડે શારદ સુધા ઉપર
એક પત્ર લખીને જણાવ્યું હતું કે:
'વિદ્વાનો કહે છે કે ઈશ્વરપ્રાપ્તિ માટે સૌ પ્રથમ
ઈંદ્રિયોને કાબૂમાં લેવી જરૂરી છે પણ મારી પ્રબળ
અને ચંચળ ઈંદ્રિયોને વિષયો તરફ જતી રોકવાના મારા
નિષ્ફળ પ્રયત્નો અને આજ સુધીમાં કરેલાં અપરાધી
કૃત્યોનો હું વિચાર કરું છું, ત્યારે સાવ નિરાશ બની જાઉં
છું, એટલે કે મારા જેવાને તો પ્રભુપ્રાપ્તિ થાય જ ક્યાંથી?'
એ પત્ર વાંચીને સૌ પ્રથમ તો
શારદ સુધાએ તેને છાતીસરસો ચાંપ્યો હશે,
એ પછી પ્રત્યુત્તર લખતાં તેમણે જણાવ્યું કે:
'સંસાર તરફ વળેલ ચિત્તવૃત્તિઓને સમેટી લઈને
પછી તે ચિત્તવૃત્તિઓને ઈશ્વરાભિમુખ કરવાથી
ઈંદ્રિયો ઉપર આપોઆપ જ સંયમ આવી જાય છે.
જો આપણે ઈંદ્રિયોની પ્રબળતાનો જ વિચાર કર્યા કરીએ
તો આપણને નિરાશા સિવાય બીજું કાંઈ જ ન મળે,
પણ જો ઈશ્વરની મહત્તાનો વિચાર કરીએ,
તો આપણને આશાનું કિરણ જરૂર જોવા મળે અર્થાત્
ઈશ્વર પ્રાપ્તિની આશા જન્મે.

આવી આશા ઉત્પન્ન થયા પછી
ઈશ્વરને કરીને ચાલવાની વૃત્તિ સતેજ થાય છે.
પરિણામે અપરાધો થતા નથી અને
ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ મોકળો બને છે.'
એક કવિ કહે છે, તે વાત મનનીય છે કે:
'ઇંદ્રિયોનો નિગ્રહ કરવામાં હું નિષ્ફળ નીવડું છું, ત્યારે
સ્વસ્થ થઈ ઈશ્વરનું સ્મરણ કરવા બેસી જાઉં છું.'
પાપનો ડર = ઈશ્વરનો ડર અર્થાત્ ઈશ્વરનું વિસ્મરણ.
એનો અર્થ છે: ઈશ્વરનું વિસ્મરણ જ મોટું પાપ છે.
એ પાપના બદલે પ્રતિપળ ઈશ્વર સ્મરણ થતું રહે છે.
આ વાત લક્ષમાં ન રહે અને કેવળ પાપનો ડર કે
કર્મનો બદલો કે ભવભ્રમણની બીકને જ
મુખ્ય બનાવવામાં આવે, તો તો તે ડરપોક બનાવીને
પાપ ન કરવાનું બળ આપવાને બદલે નિર્બળ બનાવે છે.
પાપ ન કરવાનું બળ મેળવવા માટે
સબળ એવા તત્ત્વને યાદ કરવાની જરૂર છે.
o 'જે કાર્ય કરવામાં નિપુણ છે, તે બોલતા નથી
અને જે બોલે છે, તે કાર્ય કરતાં નથી.'
પંડા = સૂક્ષ્મગ્રાહી બુદ્ધિ. ધી = અંતરસૂઝ.

'you can be healed' by the
Compassion and mercy of the Divine,
if you have sufficient faith in
the mercy and its working. You are
a piece of iron before Divine magnet.
You are a compass & your pin is
always towards the north-side i.e.
merciful He. If you are in the
circumference. He will attract you.
Mercury is one if not scattered,
so is the Divine Reality which is one
and the same if not differntiated by
the mind and its modes.

You yourself are your friend.
Why do you seek Him outside?
Be the friend of all and
be the good friend of yourself.
Right perception of the soul is the
rootcause of all welfare.

## વિંશતિસ્થાનક દુહાઓ

પરમ પંચ પરમેષ્ઠિ, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિનભાણ ...(૧)

ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મમલ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ ...(૨)

ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ;
ત્રિભુવન જીવને સુખકરી, જય જય પ્રવચનદૃષ્ટિ ...(૩)

છત્રીસ છત્રીસી ગુણે, યુગપ્રધાન મુણીંદ;
જિનમત પરમત જાણતાં, નમો નમો તેહ સૂરીંદ ...(૪)

તજી પરપરિણતિ રમણતા, લહે નિજ ભાવસ્વરૂપ;
સ્થિર કરતાં ભવિલોકને, જય જય સ્થવિર અનૂપ...(૫)

બોધ સૂક્ષ્મ વિણ જીવને, ન હોય તત્ત્વ પ્રતિત;
ભણે ભણાવે સૂત્રને, જય જય પાઠક ગીત ...(૬)

સ્યાદ્વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભરંગ ...(૭)

અધ્યાતમ જ્ઞાને કરી, વિઘટે ભવભ્રમભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ ...(૮)

લોકાલોકના ભાવ જે, કેવલિ ભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો નમો દર્શન તેહ ...(૯)

શૌચ મૂળથી મહાગુણી, સર્વ ધર્મનો સાર;
ગુણ અનંતનો કંદ એ, નમો વિનય આચાર ...(૧૦)
રત્નત્રયી વિણ સાધના, નિષ્ફળ કહી સદૈવ;
ભાવરયણનું નિધાન છે, જય જય ચારિત્ર જીવ ...(૧૧)
જિનપ્રતિમા જિનમંદિરા, કંચનના કરે જેહ;
બ્રહ્મવ્રતથી બહુફળ લહે, નમો નમો શિયળ સુદેહ ...(૧૨)
આત્મબોધ વિણ જે ક્રિયા, તે તો બાળક ચાલ;
તત્ત્વારથથી ધારીએ, નમો ક્રિયા સુવિશાળ ...(૧૩)
કર્મ ખપાવે ચીકણાં, ભાવમંગળ તપ જાણ;
પચાસ લબ્ધિ ઊપજે, જય જય તપ ગુણખાણ ...(૧૪)
છઠ છઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણધામ;
એ સમ શુભપાત્ર કો નહિ, નમો નમો ગોયમસ્વામ ...(૧૫)
દોષ અઢારે ક્ષય ગયા, ઊપન્યા ગુણ જસ અંગ;
વૈયાવચ્ચ કરીએ મુદા, નમો નમો જિનપદ સંગ ...(૧૬)
શુદ્ધાતમ ગુણ મેં રમે, તજ ઇંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમ વંશ ...(૧૭)
અભિનવ જ્ઞાન સેવો ભવિક, ચારિત્ર સમકીત મૂળ;
અજર અમર પદ ફળ લહે, જિનવર પદવી ફૂલ ...(૧૮)

- Conti...

વક્તા - શ્રોતા યોગથી, શ્રુત અનુભવરસ પીન;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુતસુખ પીન ...(૧૯)
તીર્થયાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતાં, જય જય તીર્થ જહાજ ...(૨૦)

## સમાધિશતક (૮૮ - ૯૨)

સુખભાવિત દુઃખ પાય કે, ક્ષય પાવે જ્ઞાનભાન;
ન રહે સો બહુ તાપ મેં, કોમલ ફૂલ સમાન. ...(૧)
દુઃખ પરિતાપે નહિ ગલે, દુઃખભાવિત મુનિ જ્ઞાન;
વજ્ર ગલે નહિ દહન મેં, કંચન કે અનુમાન. ...(૨)
તા તેં દુઃખસું ભાવિયે, આપ શક્તિ અનુસાર;
તો દૃઢતર હુઈ ઉલ્લસે, જ્ઞાન ચરણ આચાર. ...(૩)
રન મેં લરત સુભટ જ્યું, ગિને ન બાન પ્રહાર;
પ્રભુ રંજન કે હેત ત્યું, જ્ઞાની અસુખ-પ્રચાર. ...(૪)
વ્યાપારી વ્યાપાર મેં, સુખ કરિ માને દુઃખ;
ક્રિયાકષ્ટ સુખ મેં ગિને, ત્યું વાંછિત મુનિ મુક્ખ. ...(૫)

○

પા પલની ખબર નહીં, કરે બડી બડી બાત;
મૃત્યુ મસ્તકે ફરત હૈ, જ્યું તેતર પર બાજ !

'ૐ સોઽહં ૐ હંસઃ સોઽહં ૐ'

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫)**
પ્રિય અને સત્ય વાણી મનુષ્યોની શોભા છે, વાણીની શોભા ગુરુદેવની ભક્તિ છે, ભક્તિની શોભા પોતાને અને બીજાને જ્ઞાન પ્રાપ્ત થવામાં છે અને જ્ઞાનની શોભા સમતા અને શાંતિ છે. કાર્યમાં કુશળતા એ યોગ છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૮)**
અભ્યાસથી ચિત્ત સ્થિર થાય છે, અભ્યાસ વડે વાયુ દૂર થાય છે, અભ્યાસથી પરમ આનંદ થાય છે, અભ્યાસ વડે જ આત્મદર્શન થાય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૧)**
જીવ કર્મ વડે જોડાય તેને 'યોગ' કહેવાય અર્થાત્ વીર્યાન્તરાયનો ક્ષયોપશમ તે યોગ. મન ઈન્દ્રિય વડે જીવનો જે યોગ, વીર્ય પર્યાય, જે દુર્બલ માણસને લાકડીની જેમ ટેકો આપનાર છે, તે મનોયોગ અથવા કરણ-કારણ-અનુમતિરૂપ મનનો ઉપયોગ તે અથવા મનનો વ્યાપાર, કારણે ઉપયોગ કરવા સ્વરૂપ મનનો ઉપયોગ તે મનોયોગ.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૨)**
'યોગ' એટલે સમાધિ. ચિત્તનો સાર્વભૌમ ધર્મ. વિશાળ ચક્ષુવાળો (કેવળજ્ઞાની) લોકને જોનાર છે - તે લોકના અધોભાગને, ઉર્ધ્વભાગને, તિર્ચ્છાભાગને જાણે છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૪-૧૫)**
જીવ અને પરમાત્માની જે સમાન અવસ્થા તે 'સમાધિ' કહેવાય છે. જીવ અને પરમાત્માનો સંયોગ તે 'યોગ' કહેવાય છે. જે જીવાત્મા અને પરમાત્મા બંનેનું સમાનપણું અને સર્વ સંકલ્પોનો નાશ, તે અહીં 'સમાધિ' કહેવાય છે. પરમાત્મા અને આત્માનો આ અવિભાગ તે જ શ્રેષ્ઠ યોગ છે. આ વાત મેં તને સંક્ષેપથી કહી.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૩૯)**
અરિહંત, સિદ્ધ (અશરીરી), આચાર્ય, ઉપાધ્યાય, મુનિના પહેલાં-પહેલાં અક્ષરથી બનેલો પ્રણવ કે ૐકાર પરમેષ્ઠિની સ્મૃતિ માટે સર્વ જગ્યાએ પહેલાં જ ધ્યાન

કરવા યોગ્ય છે.(૧) અરિહંત, સિદ્ધ (અશરીરી), આચાર્ય, ઉપાધ્યાય, મુનિ - આ પાંચના અક્ષરથી બનેલા ૐકારમાં પાંચ પરમેષ્ઠિ છે.(૨)

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૭૦)

નાદ અરિહંત પરમાત્મા છે, કલા સિદ્ધ પરમાત્મા છે, हः = આચાર્ય છે, સ્વરમાં इ = ઉપાધ્યાય છે, બિંદુને સાધુ કહ્યા છે. તેથી આ હ્રીંકાર એ પંચ પરમેષ્ઠિમય છે.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૭૧)

ૐ શબ્દને પાર્શ્વનાથમય ધ્યાવવો હોય તો उ = પાર્શ્વનાથ, ऊ = ધરણેન્દ્ર, ૐ = પદ્માવતી, આમ ધરણેન્દ્ર-પદ્માવતીયુક્ત પાર્શ્વનાથનું ધ્યાન ૐ આલંબને થાય.

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૭૨)

સારા સંગથી નિઃસંગપણું, નિઃસગપણાથી નિર્મોહપણું, નિર્મોહપણાથી નિશ્ચલ ચિત્ત પ્રાપ્ત થાય છે અને નિશ્ચલ ચિત્તથી જીવતાં છતાં મુક્તિ અનુભવાય છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૭૩)

ત્રણે લોકમાં રહેલા પરમાત્માનાં દર્શન-સ્તુતિ-નમસ્કાર વડે જે ફળ પ્રાપ્ત થાય, તે ફળ બીજમંત્રના સ્મરણમાત્રથી થાય છે. આ મોટું રહસ્ય છે. (૧) આઠ મહિના સુધી આ બીજમંત્રનો સવારના સમયે ૧૦૦થી વધુ વાર (૧૦૮ વાર) જે જાપ કરે, તે પરમાત્માના દર્શન પ્રાપ્ત કરે છે અને સાત ભવોમાં મોક્ષ પામે છે. (૨) સમ્યગ્દ્રષ્ટિ, વિનીત અને બ્રહ્મચારીને આ મંત્ર આપવો. જિનાજ્ઞાભંગના દોષથી બચવા મિથ્યાદ્રષ્ટિને આ મંત્ર ન જ આપવો. (૩)

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૭૮)

યોગી બહિરાત્માનો ત્યાગ કરી, અંતરાત્મામાં સ્થિર થઈ, પરમાત્મા થવા સતત પરમાત્માનું ધ્યાન કરે.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૧૩)

યજ્ઞ અને તપનો ભોક્તા, સર્વ લોકનાં સ્વામી તથા સર્વ જીવોનાં મિત્ર - મને (ઈશ્વરને) આવો જાણીને જાણનાર શાંતિ પામે છે. - ગીતા અ. ૫, શ્લો. ૨૯

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૧૩)**
શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, પ્રશાન્ત, સમદ્રષ્ટિ, મમતારહિત, અહંકારરહિત, દ્વન્દ્વરહિત, પરિગ્રહરહિત, અપેક્ષારહિત, પવિત્ર, હોંશિયાર, કરૂણામૃતના સાગર-આવા લક્ષણોથી યુકત જે હોય, તે પરબ્રહ્મને જાણનાર શ્રેષ્ઠ ગુરૂ છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૧૪)**
ધ્યાન દ્વારા દેહ મમત્વને છોડીને આત્માને પરમાત્મામય ભાવતો, મનુષ્ય અ-મૃત (સિદ્ધ) થઈને અહીં મુક્તિમાં બ્રહ્મ કે આત્માનંદને પામે છે.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૨૦)**
ક્રિયા વિના જ્ઞાન હણાય છે અને અજ્ઞાનથી ક્રિયા હણાય છે. જોતો એવો પાંગળો અને દોડતો એવો આંધળો-બંને આગમાં બળી ગયા. સર્વ નયો સ્વપક્ષે બંધાયેલા કે એકાંત માન્યતાવાળા મિથ્યાદ્રષ્ટિ છે. તે અન્યોન્યની નિશ્રાથી સમ્યગ્દ્રષ્ટિ બને.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૬૧)**
અવિવેકી જીવોને વિષયોમાં જે દઢ પ્રીતિ હોય છે, તેવી જ દઢ પ્રીતિ તમને (પ્રભુને) સ્મરણ કરતાં એવા મારા હૃદયમાંથી દૂર ન થાઓ.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૬૬)**
દૈવી સંપત્તિનું આકર્ષણ કરે છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશ કરે છે, ચારે ગતિમાં થતી વિપત્તિઓને ઉખેડી નાખે છે (નાશ કરે છે), આત્માના પાપોનો દ્વેષ કરે છે, દુર્ગતિમાં જનારાને અટકાવે છે તથા મોહને મુંઝવે છે - એવી પાંચ પરમેષ્ઠિને નમસ્કાર રૂપી અક્ષરમયી આરાધના દેવી, તમારૂં રક્ષણ કરો.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૮૮)**
જે જે વસ્તુ ઐશ્વર્ય - શોભા - બળ કે પ્રાણવાળી હોય, તે તે વસ્તુ મારા તેજના અંશથી જ ઉપજેલી છે, એમ તું જાણ.




ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# નમો અરિહંતાણં ।




'નમો' પદ પરમાત્મપદની સાથે તાદાત્મ્ય સાધે છે,
તેથી વિષયવાસના નાશ પામે છે.
'અરિહંતાણં' પદ જીવાત્માઓ સાથે તાદાત્મ્ય સાધે છે,
તેથી કષાય પરિણતિ દૂર કરે છે.
આમ વિષયો વિરુદ્ધ 'નમો' પદ અને
કષાયોની વિરુદ્ધ 'અરિહંતાણં' પદ છે.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in